પાના -૮, કિંમત રૂ.૨, તા. ૨૫-૦૬-૨૦૨૪- મંગળવાર, સુરત

સાંધ્ય દૈનિક

પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભ ાઈ ચાવડા ● વર્ષ : ૨૮ ● અંક : ૧૬૯ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

આઝાદી પછી પ્રથમવાર લોકસભા અધ્યક્ષની ચંટણી

લોકસભા અધ્યક્ષ પદ માટે ભાજપે ઓમ બિરલાની પસંદગી જાહેર કરતા ઈન્ડિયા ગઠબંધને કે.સુરેશને મેદાનમાં ઉતાર્યા

નવી દિલ્હી,તા. ૨૫

મંગળવાર (૨૫ જૂન) ૧૮મી લોકસભાના પ્રથમ સત્રનો બીજો દિવસ છે. આજે રાહુલ ગાંધી, અખિલેશ યાદવ સહિત ૨૮૧ સાંસદો શપથ લેશે. લોકસભા અધ્યક્ષના નામ પર પણ સર્વસંમતિ સધાઈ છે. છેલ્લી વખત સ્પીકર રહેલા ભાજપના સાંસદ ઓમ બિરલા ફરી આ પદ પર બેસશે. તેઓ આજે ઉમેદવારી પણ નોંધાવશે.

રાજસ્થાનના કોટાના સાંસદ ઓમ બિરલા ૨૦૧૯ થી ૨૦૨૪ સુધી સ્પીકર રહ્યા છે. તેઓ સતત બીજી વખત લોકસભા સ્પીકર પદ સંભાળનાર ભાજપના પ્રથમ સાંસદ હશે. જો તેઓ તેમનો કાર્યકાળ પૂર્ણ કરશે તો તેઓ કોંગ્રેસના બલરામ જાખડના રેકોર્ડની બરાબરી કરશે.

વાસ્તવમાં, બલરામ જાખડ ૧૯૮૦ થી ૧૯૮૫ અને ૧૯૮૫ થી ૧૯૮૯ સુધી સતત બે વાર લોકસભાના સ્પીકર રહી ચુક્યા છે. તેણે તેની બંને મુદત પૂરી કરી હતી. આ સિવાય જીએમસી બાલયોગી અને પીએ સંગમા જેવા નેતાઓ બે વખત લોકસભા સ્પીકર બન્યા, પરંતુ ૫ વર્ષનો કાર્યકાળ પૂર્ણ કરી શક્યા નહીં.

આ પહેલા રક્ષા મંત્રી રાજનાથ સિંહે સ્પીકરના નામ

પર સહમત થવા માટે એનડીએ વતી ચાર્જ સંભાળ્યો હતો. રાજનાથે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, સપા પ્રમુખ અખિલેશ યાદવ, ડીએમકેના વડા એમકે સ્ટાલિન અને ટીએમસી પ્રમુખ મમતા બેનર્જી સાથે વાત કરી હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર, કોંગ્રેસ અધ્યક્ષ ખડગેએ રાજનાથ માટે નિયમ મુજબ ડેપ્યુટી સ્પીકરનું પદ વિપક્ષને આપવાની શરત રાખી છે. કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ કહ્યું- જો વિપક્ષને ડેપ્યુટી સ્પીકરનું પદ આપવામાં આવશે તો અમે લોકસભા સ્પીકરની પસંદગી પર સરકારને સમર્થન આપીશું. રાજનાથ સિંહે હજુ સુધી ઉપાધ્યક્ષ પદની વિપક્ષની માગ પર કોઈ પ્રતિક્રિયા આપી નથી. આઝાદી બાદ દેશના ઈતિહાસમાં પ્રથમ વખત સ્પીકર પદ માટે ચૂંટણી યોજાવા જઈ રહી છે. જ્યારે ઓમ બિરલા એનડીએ તરફથી સ્પીકર ઉમેદવાર હશે, જ્યારે કે સુરેશને ઈન્ડિયા બ્લોકમાંથી ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. બંને નેતાઓએ ઉમેદવારી નોંધાવી છે. હવે આવતીકાલે લોકસભાના અધ્યક્ષ માટે ચૂંટણી થશે.

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષની ટૂંક સમયમાં વરણી થવાની શકયતા

રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ પદ માટે તાવડે અને બંસલના નામ સૌથી આગળ

નવી દિલ્હી,તા. ૨૫

લોકસભામાં ચૂંટાયેલા ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ જે.પી.નડ્ડાને પ્રધાન બાદ રાજયસભામાં ગૃહના નેતા બનાવવામાં આવતા હવે તુરંતમાં ભાજપને નવા અધ્યક્ષ મળશે એવી અટકળો ગતિમાં આવી છે. નિયમો અનુસાર, ભાજપના સ્થાયી અધ્યક્ષની ચૂંટણી જાન્યુઆરીમાં થવાની છે, ત્યાં સુધી પાર્ટીનું સંસદીય બોર્ડ કાર્યકારી અધ્યક્ષની જવાબદારી કોઈ વરિષ્ઠ નેતાને સોંપી શકે છે.

હરિયાણા, મહારાષ્ટ્ર, ઝારખંડ અને જમ્મુ-કાશ્મીરમાં આગામી છ મહિનામાં યોજાનારી વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને સંગઠન માટે પૂર્ણકાલીન પ્રમુખની જરૂરિયાત વધી ગઈ છે. આમ તો, જે.પી.નડ્ડાને આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને રસાયણ અને ખાતરની જવાબદારી સોંપવામાં આવ્યા પછી ભાજપ માટે નવા કાર્યકારી અધ્યક્ષની ચર્ચા શરૂ થઈ ગઈ હતી.

પરંતુ તેના વિકલ્પ તરીકે નવા પ્રમુખની ચૂંટણી સુધી નડ્ડાને જાળવી રાખવાની પણ ચર્ચા થઈ હતી. તેમના સંસદીય દળના નેતા બનાવાયા બાદ નવા કાર્યકારી પ્રમુખને પક્ષની જવાબદારી સોંપવામાં આવશે તે નિશ્ચિત માનવામાં આવે છે.

૨૦૧૯માં તત્કાલિન અધ્યક્ષ અમિત શાહને સરકારમાં ગૃહમંત્રી બનાવ્યા બાદ જે.પી.નડ્ડાને કાર્યવાહક અધ્યક્ષની જવાબદારી સોંપવામાં આવી હતી અને ૨૦૧૪માં રાજનાથસિંહ ગૃહમંત્રી બન્યા બાદ અમિત શાહે પોતે આ જવાબદારી સંભાળી હતી. મોટા ભાગના મોટા નેતાઓ સરકારમાં જોડાયા બાદ ભાજપ માટે કાર્યકારી અધ્યક્ષ માટેના વિકલ્પો મર્યાદિત રહી ગયા છે.

અનુસંધાન પાના ૭ પર

દિલ્હીના ઘરમાં આગ લાગતા એક પરિવારના ચારનાં મોત

દંપતિ અને બે યુવાન પુત્રો આગમાં મૃત્યુ પામ્યા

નવી દિલ્હી,તા. ૨૫

દિલ્હીના પ્રેમનગર વિસ્તારમાં એક મકાનમાં આગ લાગવાથી ચાર લોકોના શ્વાસ રૂંધાય જવાના કારણે મૃત્યુ થયા છે. આજે સવારે ૩.૩૦ વાગ્યે બનાવ બન્યા બાદ ફાયર બ્રિગેડની ટીમો સ્થળ પર પહોંચી હતી. ચાર લોકોને હોસ્પિટલે લઇ જતા તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા.

એક જ પરિવારના પતિ-પત્ની અને તેમના બે પુત્રોના આ કરૂણ બનાવમાં જીવ ગયા હતા. ભારે મહેનત બાદ આ આગ પર ટીમે કાબુ મેળવ્યો હતો. તંત્રના જણાવ્યા મુજબ આગ પહેલા માળે ઈન્વર્ટર અને સોફામાં લાગી હતી જેના કારણે ચાર લોકો ધુમાડામાં ફસાઇ ગયા હતા. તે કારણે તેમના ગુંગળાઇ જવાથી મૃત્યુ થયા હતા.

આગે પુરા ઘરને લપેટમાં લઇ લીધુ હતું. ઘરના મુખ્ય એન્ટ્રી ગેટ પર ઈન્વર્ટરમાં શોર્ટ લાગવાથી આગ લાગ્યાનું તારણ છે. તે બાદ આગ ફર્નિચર સુધી પહોંચી હતી. મૃતકોમાં ૪૮ વર્ષના હિરાસિંહ, ૪૬ વર્ષના નીતુસિંહ અને તેમના ૨૨ વર્ષના પુત્ર રોબીન અને લક્ષ્યનો સમાવેશ થાય છે.

ઉપવાસ પર ઉતરેલા આતિશીની તબિયત લથડતા હોસ્પિટલમાં દાખલ

સુગર લેવર ૪૩ પર પહોંચી જતા આતિશી આઈસીયુમાં

નવી દિલ્હી,તા. ૨૫

સોમવાર-મંગળવાર (૨૪-૨૫ જૂન)ની મોડી રાત્રે દિલ્હીના જળ મંત્રી આતિશીની તબિયત લથડી હતી. AAP નેતાઓએ તેને ન્દ્ન હોસ્પિટલમાં ICUમાં દાખલ કરી છે. દિલ્હી જળ સંકટ મામલે આતિશી ૨૧ જૂનથી જંગપુરાના ભોગલમાં ઉપવાસ પર હતી.

તેમની માંગ હરિયાણાથી ૧૦૦ mgd પાણી મોકલવાની માગ છે. સમજુતી હેઠળ હરિયાણાથી ૬૧૩ mgd પાણી મોકલવાનું છે. આતિશીનો દાવો છે કે હરિયાણા સરકાર માત્ર ૫૧૩ ઘ્ઘ્ન પાણી મોકલી રહી છે. જેના કારણે દિલ્હીના ૨૮ લાખ લોકોને પાણી મળી રહ્યું નથી.

તસવીર LNJP હોસ્પિટલની છે. સંજય સિંહે દાવો કર્યો હતો કે આતિશીનું શુગર લેવલ ઘટી ગયું છે.AAP સાંસદ સંજય સિંહે કહ્યું કે આતિશીનું શુગર લેવલ ૪૩ પર પહોંચી ગયું છે. ડોકટરોએ કહ્યું છે કે તેની તબિયત બગડી છે. જો આતિશીને હોસ્પિટલમાં દાખલ કરવામાં નહી આવે તો સ્થિતિ વધુ ખરાબ થઈ શકે છે.સંજય સિંહે કહ્યું કે આતિશીએ છેલ્લા ૫ દિવસથી કંઈ ખાધું નથી. તેનું શુગર લેવલ ઘટી ગયું છે, કીટોન્સ વધી રહ્યું છે અને બ્લડ પ્રેશર ઘટી રહ્યું છે. તે પોતાના માટે લડી રહી નથી, તે દિલ્હીના લોકો માટે, પાણી માટે લડી રહી છે.

દિલ્હીના સ્વાસ્થ્ય મંત્રી સૌરભ ભારદ્વાજે કહ્યું કે રાતથી તેમનું બ્લડ શુગર લેવલ ઘટી રહ્યું છે. જ્યારે અમે તેના બ્લડ સેમ્પલ લીધા ત્યારે તેનું શુગર લેવલ ૪૬ હોવાનું બહાર આવ્યું. જ્યારે અમે પોર્ટેબલ મશીન વડે તેનું શુગર લેવલ ચેક કર્યું તો તેનું શુગર લેવલ ૩૬ આવ્યું.

સોમવારે (૨૪ જૂન) LNJPના ડોકટરોની ટીમે માહિતી આપી હતી કે આતિશીનું વજન ૪ દિવસમાં ૨ કિલોથી વધુ ઘટી ગયું છે. તેનું કીટોન લેવલ પણ વધી ગયું છે. ડોકટરોના

અનુસંધાન પાના ૭ પર

ભારતમાં દર રોજ ૮૦૦ ડીજીટલ પેમેન્ટ સાયબર ફ્રોડ થાય છે

ગત વર્ષમાં ૨૧૦૦ કરોડના 3 લાખ જેટલા ઓનલાઈન ફ્રોડ

નવી દિલ્હી,તા. ૨૫

ડીજીટલ યુગમાં નાણાંકીય સહિતના ક્ષેત્રોમાં ઓનલાઈન વ્યવહારો વધી રહ્યા છે. સાથોસાથ ડીજીટલ ફ્રોડમાં પણ ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. ભારતમાં દરરોજ સરેરાશ ૮૦૦ ડીજીટલ પેમેન્ટ ફ્રોડ થાય છે. રિઝર્વ બેન્કે જાહેર કરેલા આંકડા કરતાં આ સંખ્યા ૧૦ ગણી છે. રિઝર્વ બેન્કે માત્ર એક લાખથી વધુના ડીજીટલ ફ્રોડનો જ રીપોર્ટ જારી કર્યો છે.

રિઝર્વ બેન્કના રીપોર્ટમાં એમ જણાવવામાં આવ્યું છે કે, ગત નાણાંકીય વર્ષમાં રૂા.૧૪૫૭ કરોડની રકમનાં ૨૯૦૮૨ કાર્ડ-ડીજીટલ ફ્રોડનાં કેસ નોંધાયા હતા. પરંતુ એક લાખથી ઓછી રકમનાં કેસોને પણ ઉમેરવામાં આવે તો આ સંખ્યામાં વધુ ૨.૭ લાખ કેસનો ઉમેરો થાય છે.ફ્રોડમાં ગુમાવેલી રકમનો આંકડો પણ ૬૫૩ કરોડ વધે છે.

માહિતી અધિકાર કાયદા હેઠળ રિઝર્વ બેન્કે જારી કરેલી માહીતી પ્રમાણે છેલ્લા પાંચ વર્ષમાં ડીજીટલ ફ્રોડનાં ૫.૪ લાખ કેસ નોંધાયા છે. જે દરરોજના ૮૦૦ થવા જાય છે.

નેશનલ આયકર કાઈમ રીપોર્ટનાં પોર્ટલમાં દાખલ થતાં કેસો ઉમેરવામાં આવે તો આ સંખ્યા હજુ વધી જાય છે. કારણ કે છેતરપીડીના

અનુસંધાન પાના ૭ પર

વર્લ્ડ કપમાં અફઘાનિસ્તાને રચ્યો ઈતિહાસ

અફઘાનિસ્તાને બાંગ્લદેશને હરાવી દેતા ઓસ્ટ્રેલિયા બહાર ફેંકાયું

નવી દિલ્હી,તા. ૨૫

સેન્ટ વિન્સેન્ટ સ્ટેડિયમ : આજે ટી૨૦ વર્લ્ડ કપના સુપર ૮ સ્ટેજના આખરી મુકાબલામાં અફઘાનિસ્તાને બાંગ્લાદેશને ૮ રન (DLS) થી હરાવ્યું છે. આ સાથે અફઘાનિસ્તાન સેમી ફાઈનલમાં પહોચ્યું છે. આ જીત સાથે પોઈન્ટ ટેબલ પર ઓસ્ટ્રેલિયા ત્રીજા સ્થાને સરક્યું અને ટુર્નામેન્ટ બહાર ફેંકાયું. મેચમાં કેપ્ટન રશીદ ખાને ૪ વિકેટ ઝડપી હતી. અફઘાનિસ્તાને બાંગ્લાદેશને હરાવીને વર્લ્ડ કપના ઈતિહાસમાં પ્રથમ વખત સેમિફાઈનલમાં જગ્યા બનાવી છે.

અફઘાનિસ્તાનની જીત સાથે જ ઓસ્ટ્રેલિયાની સેમિફાઈનલમાં પહોંચવાની આશા ખતમ થઈ

ગઈ છે. ઓછા રન રેટના કારણે કાંગારૂ ટીમ વર્લ્ડ કપમાંથી બહાર થઈ ગઈ છે.

રાશિદ ખાને ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. પ્રથમ બેટિંગ કરતા અફઘાનિસ્તાને ૫ વિકેટે ૧૧૫ રન બનાવ્યા હતા. અફઘાન ટીમની શરૂઆત ઘણી ધીમી રહી હતી. ઈબ્રાહિમ ઝદરાન અને રહેમાનુલ્લા ગુરબાઝે ૧૦.૪ ઓવરમાં ૫૪ રનની ભાગીદારી કરી હતી.

ગુરબાઝ અને ઝદરાન પાવરપ્લેનો ફાયદો ઉઠાવી શક્યા ન હતા. લેગ સ્પિનર ??રિશાદ હુસૈને ઝદરાનને આઉટ કરીને આ ભાગીદારી તોડી હતી. ભાગીદારી તૂટ્યા બાદ અફઘાનિસ્તાને નિયમિત અંતરે વિકેટો ગુમાવી હતી. અફઘાનિસ્તાન તરફથી રહેમાનુલ્લા ગુરબાઝે ૪૩ રન બનાવ્યા હતા. રાશિદ ખાને અણનમ ૧૯, ઈબ્રાહીમ ઝદરાને ૧૮ અને અઝમતુલ્લા ઓમરઝાઈએ ??૧૦ રન બનાવ્યા હતા. બાંગ્લાદેશ તરફથી રિશાદ હુસૈને ૩ વિકેટ લીધી હતી. તસ્કીન અહેમદ અને મુસ્તાફિઝુર રહેમાનને ૧-૧ વિકેટ મળી હતી.

બાંગ્લાદેશની ટીમ ૧૦૫ રન બનાવી શકી હતી. નવીન ઉલ હકે ૧૮મી ઓવરમાં સતત ૨

અનુસંધાન પાના ૭ પર

ફુટપાથ પર ફેરીયાઓનું દબાણ દુર કરવા દિલ્હી હાઈકોર્ટનો હુકમ

વીઆઈપી માટે રસ્તા દબાણ દુર થાય તો પબ્લિક માટે કેમ નહીં : હાઈકોર્ટ

નવી દિલ્હી,તા. ૨૫

આપણા દેશમાં લોકશાહી છે પરંતુ જેટલું નેતાનું ધ્યાન સરકારી અધિકારીઓ દ્વારા રાખવામાં આવે છે એટલું પ્રજાનું નથી રાખવામાં આવતું. કોઈ ગામ-શહેરમાં કોઈ નેતા પસાર થવાના હોય તો તે રોડ પરના દબાણો તરત હટી જાય છે અને રસ્તા ચોખ્ખા ચણાક થઈ જાય છે.

આ મામલે બોમ્બે હાઈકોર્ટે એક કેસમાં બૃહદ મુંબઈ નગર નિગમ (બીએમસી) અને પોલીસને ફટકાર લગાવી છે અને કટાક્ષ કર્યો હતો કે માર્ગો માત્ર વડાપ્રધાન કે અન્ય વીવીઆઈપીની મુલાકાત દરમિયાન જ સાફ કરવામાં આવે છે અને દબાણો દુર કરવામાં આવે છે.

બોમ્બે હાઈકોર્ટે ફુટપાથો પર અતિક્રમણ કરનાર ગેરકાયદે ફેરીવાળાઓ સામે કાર્યવાહી કરવામાં નિષ્ફળ રહેવા માટે સોમવારે બૃહદ મુંબઈ નગર નિગમ અને પોલીસને ફટકાર લગાવી હતી તો અદાલતે અતિક્રમણ સામે કાર્યવાહી કરનાર બીએમસી અધિકારીઓ અને ગેરકાયદે ફેરીવાળા સામે ફરિયાદ કરનારા લોકો પર થતા હુમલા પર પણ ચિંતા વ્યક્ત કરી હતી.

અનુસંધાન પાના ૭ પર

નીટ પરિક્ષા પેપર લીક કૌભાન્ડ

મોટી આંતરરાષ્ટ્રીય ગેંગ તરફ સીબીઆઈ દ્વારા તપાસ શરૂ

એક હજાર મોબાઈલ નંબરોના ડેટા તપાસતી સીબીઆઈ

નવી દિલ્હી,તા. ૨૫

નીટ પેપર લીક કૌભાંડમાં તપાસ કરી રહેલી સીબીઆઈની ટીમ એ જૂના અપરાધીઓની કુંડળી પણ ફંફોળશે, જેમનો આ પ્રકારના અપરાધોમાં સામેલ હોવાનો ઈતિહાસ રચ્યો છે. આ ઉપરાંત પેપર લીક કરાવવામાં આંતરરાષ્ટ્રીય ગેંગ સામેલ હોવાની સંભાવનાનો પણ ઈન્કાર ન કરી શકાય.

સૂત્રોએ જણાવ્યું હતું કે, સીબીઆઈએ પોતાના કેસને પુરી રીતે ખુલ્લો રાખ્યો છે. સૂત્રોએ જણાવ્યું હતું કે ,સીબીઆઈ માત્ર બિહાર પોલીસની આર્થિક અપરાધ શાખાની તપાસને જ આધાર માનવાને બદલે પુરા કેસની વિસ્તૃત તપાસ કરશે. અનેક રાજયોમાં આ મામલે ધરપકડને ધ્યાનમાં રાખતા એ જોવામાં આવશે કે શું તેમનો પરસ્પર કોઈ સંબંધ છે. લિંકના આધારે નવી કડીઓ ફંફોળવામાં આવશે.

ઉચ્ચ સ્તરના સૂત્રોનું કહેવું છે કે, પેપર લીકમાં આંતરિક વ્યવસ્થા અને પરીક્ષા તંત્ર સાથે સંકળાયેલા લોકોના સામેલ થવાને લઈને જેટલા પણ સવાલ છે, તે બધાના ઉતર તપાસ દરમિયાન મળી શકે તેના માટે અનેક સ્તરેથી ઈનપુટ એકત્ર કરવામાં આવી રહ્યા છે.

સીબીઆઈની એક ટીમ ગુજરાતના ગોધરા પહોંચી ચૂકી છે અને ટીમ કેસના તપાસ અધિકારીને મળીને પુરી ડિટેલ્સ લેવામાં લાગી ગઈ છે. સૂત્રો અનુસાર સીબીઆઈની પુરી તપાસ પરીક્ષાના પેપર બનાવવા, તેનું પ્રિન્ટીગ તેને

અનુસંધાન પાના ૭ પર

મેટા દ્વારા ભારતમાં એઆઈ ટૂલ મેટા એઆઈ લોન્ચીંગ

મેટા એઆઈ નો ફેસબુક અને વોટ્સએપ દ્વારા ઉપયોગ કરી શકાશે

નવી દિલ્હી,તા. ૨૫

મેટાએ પોતાના એઆઈ ટુલ 'મેટા એઆઈ'ને ભારતમાં લોન્ચ કરી દીધુ છે. અમુક યુઝર્સને ફેસબુકના મેસેન્જર અને વોટસએપ પર સપોર્ટ મળવાનું શરૂ થયું છે. તબકકાવાર તે તમામ યુઝર્સ માટે ઉપલબ્ધ બનશે.

વોટસએપ અને ઈન્સ્ટાગ્રામ પર પણ સપોર્ટ મળવા લાગશે. ઉપરાંત મેટા એઆઈ પર તેનો ઉપયોગ થઈ શકશે. તેને લામા-૩ સાથે બનાવવામાં આવ્યું છે. જે સૌથી એડવાન્સ ભાષા મોડેલ છે. મેટા એઆઈ પણ ઓપનર આઈના ચેટબોટ જીટીપીની જેમ કામ કરે છે. જેમાં તમામ પ્રકારના સવાલ પુછી શકાય છે.

તમે એઆઈ ઈમેજ બનાવી શકો છો. ગણીતના સવાલોનો જવાબ, ટુર પ્રોગ્રામ, રિયલ ટાઈમ ઈન્ફોરમેશન, ઓછા ભીડભાડ વાળુ ટુરીસ્ટ પોઈન્ટ લોકોને જાણવા મળશે.

મેટા એઆઈ પણ સરળતાથી ઈમેલનો જવાબ આપી શકે છે. કવિતા લખવા, સ્ટોરીના સારાંશ,

અનુસંધાન પાના ૭ પર

દક્ષીણ-પશ્ચિમ સહિત દેશના ૧૨ રાજ્યોમાં ચોમાસાનો પ્રવેશ

રાજસ્થાન અને ઉત્તર પ્રદેશમાં ચોમાસું પહોંચવામાં થોડો વિલંબ

નવી દિલ્હી,તા. ૨૫

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર હાલમાં દક્ષિણ ગુજરાત, મધ્યપ્રદેશના અમુક ભાગોમાં અને સમગ્ર છત્તીસગઢમાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસું પહોંચી ગયું છે. અત્યાર સુધીમાં દેશનાં ૧૨ રાજ્યોમાં ચોમાસું પહોંચી ગયું છે જ્યારે ઉત્તર ભારતનાં ૬ રાજ્યો ચોમાસાની રાહ જોઈ રહ્યાં છે. જેમાં રાજસ્થાન અને ઉત્તરપ્રદેશ જેવાં મોટાં રાજ્યો સામેલ છે. ચોમાસું આગાહી કરતાં મોડું છે. સામાન્ય રીતે ૨૫ જૂન સુધીમાં ચોમાસું અડધા ગુજરાત અને દક્ષિણ રાજસ્થાનમાં પ્રવેશે છે. ચોમાસાની પૂર્વ ધાર ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ અને લદ્દાખ સુધી પહોંચે છે, જે ઉત્તરપ્રદેશના અડધા ભાગને આવરી લે છે.

સોમવારે ૧ જૂનથી ૨૪ જૂન દરમિયાન હવામાન વિભાગ દ્વારા જારી કરવામાં આવેલા આંકડા અનુસાર દેશનાં ૨૨ રાજ્યોમાંથી જ્યાં ચોમાસું પહોંચી ગયું છે તેમાંથી અડધાં એટલે કે ૧૧ રાજ્યોમાં સામાન્ય કરતાં ઓછો અથવા ઘણો ઓછો વરસાદ પડ્યો છે. બીજી તરફ, ૬ રાજ્યોમાં જ્યાં ચોમાસાની રાહ જોવાઈ રહી છે ત્યાં પ્રી-મોન્સૂન વરસાદ પણ દર વર્ષની સરખામણીએ ઓછો રહ્યો છે.

ઉત્તરાખંડના પહાડી વિસ્તારોમાં ૩૦ જૂન સુધી વરસાદનું એલર્ટ છે. હવામાન વિભાગે ચારધામ યાત્રા માટે આવતા યાત્રિકોને વરસાદી માહોલ જોઈને યાત્રા કરવા અપીલ કરી છે. ઉત્તરાખંડના પિથોરાગઢ જિલ્લામાં આદિ કૈલાશ અને ઓમ પર્વતની યાત્રા ૨૫ જૂનથી અસ્થાયી રૂપે સ્થગિત કરવામાં આવશે. આ યાત્રા ૧૩ મેના રોજ શરૂ થઈ હતી, જેમાં લગભગ ૬૦૦ શ્રદ્ધાળુઓ યાત્રા કરી રહ્યા હતા.

અનુસંધાન પાના ૭ પર

ભારતની સેમિફાઈનલમાં એન્ટ્રી આ 5 ખેલાડી હતા જીતના હીરો

સુપર-8માં ભારતે ઓસ્ટ્રેલિયાને 24 રનથી હરાવ્યું; જીત સાથે ટીમ ઈન્ડિયાએ સેમિફાઈનલમાં કરી એન્ટ્રી; ઓસ્ટ્રેલિયા માટે સેમિફાઇનલમાં પહોંચવું મુશ્કેલ

ભારત અને ઓસ્ટ્રેલિયા સામે રમાયેલી મેચમાં ટીમ ઈન્ડિયાએ 24 રને જીત મેળવી છે. આ મેચમાં જીત સાથે જ ટીમ ઈન્ડિયાએ સેમીફાઈનલમાં પોતાનું સ્થાન નિશ્ચિત કરી લીધું છે. આ સાથે જ હવે ઓસ્ટ્રેલિયા માટે સેમિફાઈનલમાં પહોંચવું મુશ્કેલ બની ગયું છે. ઓસ્ટ્રેલિયાએ હવે સેમિફાઈનલમાં પહોંચવા માટે અફઘાનિસ્તાન અને બાંગ્લાદેશ વચ્ચેની મેચ પર નિર્ભર રહેવું પડશે. આ મેચમાં આ 5 ખેલાડીઓ ટીમ ઈન્ડિયા માટે હીરો બનીને ઉભરી આવ્યા હતા.

રોહિત શર્મા

ટીમ ઈન્ડિયાના કેપ્ટન રોહિત શર્માએ તોફાની ઈનિંગ રમી હતી. તેણે માત્ર 19 બોલમાં ફિફ્ટી ફટકારી હતી. આ સિવાય તેણે 41 બોલમાં 92 રનની વિસ્ફોટક ઈનિંગ રમી હતી. તેની ઈનિંગના કારણે ટીમ ઈન્ડિયા મોટો સ્કોર બનાવવામાં સફળ રહી હતી.

કુલદીપ યાદવ

ટ્રેવિસ હેડ અને માર્શ એક વિકેટ પડ્યા બાદ ઓસ્ટ્રેલિયાનો દાવ સંભાળ્યો હતો. આ સમય દરમિયાન તે ટીમ ઈન્ડિયાથી મેચને દૂર લઈ રહ્યો હતો, જ્યારે કુલદીપ યાદવે માર્શની વિકેટ લઈને ટીમ ઈન્ડિયાને મેચમાં વાપસી કરાવી હતી. આ સિવાય તેણે ખતરનાક દેખાઈ રહેલા મેક્સવેલને પણ આઉટ કર્યો હતો.

જસપ્રીત બુમરાહ

જસપ્રીત બુમરાહ ફરી એકવાર ટીમ ઈન્ડિયા માટે હીરો બનીને ઉભરી આવ્યો છે. તેણે ચાર ઓવરમાં 29 રન આપીને 1 વિકેટ લીધી હતી. તેણે ખતરનાક ટ્રેવિસ હેડને આઉટ કરીને ભારતની જીત પર મહોર મારી હતી. તેણે ઈનિંગ્સની શરૂઆતમાં ઓસ્ટ્રેલિયાના બેટ્સમેનોને ઝડપી રન બનાવવાની તક પણ આપી ન હતી.

અક્ષર પટેલ

અક્ષર પટેલે આજે ટીમ ઈન્ડિયા માટે પોતાની ભૂમિકા સારી રીતે નિભાવી હતી. તેણે 3 ઓવરમાં 21 રન આપીને 1 વિકેટ લીધી હતી. આ સિવાય તેણે માર્શનો ખતરનાક કેચ લઈને પણ ટીમ ઈન્ડિયાને મેચમાં વાપસી કરાવી હતી.

અર્શદીપ સિંહ

અર્શદીપ સિંહે આ વર્લ્ડકપમાં ટીમ ઈન્ડિયા માટે શાનદાર પ્રદર્શન કર્યું છે, તેણે ઓસ્ટ્રેલિયા સામેની મેચમાં પણ ત્રણ મહત્વની વિકેટ લીધી હતી. તેના સ્પેલમાં તેણે ટિમ ડેવિડ, ડેવિડ વોર્નર અને વેડની વિકેટ લીધી હતી.

અક્ષર પટેલે પકડયો શાનદાર કેચ; ટૂર્નામેન્ટનો સૌથી બેસ્ટ કેચ

ભારત અને ઓસ્ટ્રેલિયા સામે રમાયેલી મેચમાં ટીમ ઈન્ડિયાએ 24 રને જીત મેળવી છે. આ મેચમાં જીત સાથે જ ટીમ ઈન્ડિયાએ સેમીફાઈનલમાં પોતાનું સ્થાન નિશ્ચિત કરી લીધું છે. આ મેચમાં ટીમ ઈન્ડિયાના અક્ષર પટેલે શાનદાર કેચ પકડ્યો હતો. આ કેચ જોઈને મેદાનમાં હાજર દરેક લોકો આશ્ચર્યચકિત થઈ ગયા હતા. અક્ષર પટેલની આ કેચે મેચની દિશા બદલી નાખી હતી.

206 રનના સ્કોરનો પીછો કરતા ઓસ્ટ્રેલિયાએ શાનદાર શરૂઆત કરી હતી. ટ્રેવિસ હેડ અને માર્શે શાનદાર બેટિંગ કરી રહ્યા હતા. જ્યારે બંને ખેલાડીઓ મેચને ટીમ ઈન્ડિયાથી દૂર લઈ જઈ રહ્યા હતા ત્યારે કુલદીપ યાદવે પોતાની પ્રતિભા દેખાડી હતી. તેના બોલ પર માર્શે લેગ સાઇડ પર મોટો શોટ રમવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન અક્ષર પટેલે હવામાં કૂદીને કેચ પકડ્યો હતો. તેનો કેચ જોઈને બધા આશ્ચર્યચકિત થઈ ગયા. મિચેલ માર્શે 28 બોલમાં 37 રનની ઇનિંગ રમી હતી. આ ઇનિંગ દરમિયાન તેણે 2 ફોર અને 3 સિક્સર ફટકારી હતી.

કુલદીપ યાદવે ફરી એકવાર ઓસ્ટ્રેલિયા સામે પોતાની તાકાત બતાવી છે. જ્યારે ટીમના અન્ય બોલરો રન ખર્ચી રહ્યા હતા ત્યારે તેણે ટીમ માટે જરૂરી વિકેટો મેળવી હતી. તેણે ગ્લેન મેક્સવેલ અને મિચેલ માર્શને આઉટ કર્યા હતા. તેના ચાર ઓવરના સ્પેલમાં તેણે 24 રન આપીને 2 વિકેટ લીધી હતી. તેના શાનદાર સ્પેલને કારણે ટીમ ઈન્ડિયાને મેચમાં વાપસી કરી હતી.

શું અફઘાનિસ્તા ટીમે મેચ જીતવા માટે કરી ચિટીંગ?

T20 વર્લ્ડકપ 2024માં આજે અફઘાનિસ્તાન અને બાંગ્લાદેશ વચ્ચે સુપર-8ની મહત્વની મેચ રમાઈ હતી. અફઘાનિસ્તાન ભારતની સાથે ગ્રુપ-1માંથી સેમીફાઈનલમાં પહોંચનારી બીજી ટીમ બની ગઈ છે. બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાન વચ્ચેની આ મેચ ખૂબ જ રોમાંચક રહી હતી. આ મેચ દરમિયાન અફઘાનિસ્તાન પર ચિટીંગનો આરોપ પણ લગાવવામાં આવી રહ્યો છે. સોશિયલ મીડિયા પર આ અંગેની ઘણી પોસ્ટ પણ વાયરલ થઈ રહી છે.

વાસ્તવમાં જ્યારે બાંગ્લાદેશ બેટિંગ કરી રહ્યું હતું ત્યારે 11.4 ઓવર દરમિયાન ફરી વરસાદ પડ્યો હતો. ત્યાર બાદ મેદાનની બહારથી અફઘાનિસ્તાનના કોચ જોનાથન ટ્રોટે ખેલાડીઓને રમત ધીમી કરવાનો સંકેત આપ્યો હતો. ત્યારપછી ગુલબદ્દીન નાયબ સ્નાયુ ખેંચાઈ જવાને કારણે નીચે પડી ગયો અને મેચ થોડીવાર માટે રોકાઈ ગઈ. આ પછી વરસાદને કારણે મેચ પણ રોકી દેવામાં આવી હતી. ગુલબદિનની ઈજા પર બાંગ્લાદેશના બેટ્સમેનની પ્રતિક્રિયા પણ વાયરલ થઈ રહી છે.

વાસ્તવમાં જ્યારે વરસાદ આવ્યો ત્યારે બાંગ્લાદેશનો સ્કોર 81/7 હતો અને જો વરસાદને કારણે મેચ પૂર્ણ ન થઈ હોત તો DLS પદ્ધતિ અનુસાર અફઘાનિસ્તાન મેચ જીતીને સીધું સેમીફાઈનલમાં પહોંચી ગયું હોત. આટલું જ નહીં વરસાદ બંધ થયા બાદ મેચ શરૂ થતાં જ ગુલબદ્દીન ફરી મેદાનમાં આવ્યો હતો. હવે ગુલબદીનની આ હરકતની પોસ્ટ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે.

આજે સુપર -8માં અફઘાનિસ્તાન અને બાંગ્લાદેશ વચ્ચે રોમાંચક મેચ રમાઈ હતી. આ મેચમાં પ્રથમ બેટિંગ કરતા અફઘાનિસ્તાને 20 ઓવરમાં 5 વિકેટ ગુમાવીને 115 રન બનાવ્યા હતા. અફઘાનિસ્તાનના બોલરોએ આ નાના લક્ષ્યનો બચાવ કર્યો હતો.

બેટિંગ કરતી વખતે સાથી ખેલાડી પર ગુસ્સે થયો રાશિદ ખાન, પિચ પર બેટ ફેંકી દીધું

વર્લ્ડકપમાં આજે અફઘાનિસ્તાન અને બાંગ્લાદેશ વચ્ચે સુપર-8ની મહત્વની મેચ રમાઈ રહી છે. આ મેચ ત્રણ ટીમોનું ભાવિ નક્કી કરશે અને કઈ ટીમ સેમીફાઈનલમાં પ્રવેશ કરશે. આ મેચ દરમિયાન અફઘાનિસ્તાનના કેપ્ટન રાશિદ ખાનનો વીડિયો ખૂબ જ ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. જેમાં રાશિદ બેટિંગ કરતી વખતે પોતાની જ ટીમના ખેલાડી પર ગુસ્સે થતો જોવા મળ્યો હતો.

હકીકતમાં જ્યારે અફઘાનિસ્તાનની ટીમ બેટિંગ કરી રહી હતી ત્યારે કેપ્ટન રાશિદ ખાન પણ ક્રિઝ પર હાજર હતો. આ દરમિયાન રાશિદે પોતાના પાર્ટનર કરીમ જનાત પાસેથી એક બોલ પર બે રનની માંગણી કરી હતી. રશીદ અડધી પિચ પર ગયો હતો પરંતુ કરીમે બીજા રન માટે જવાની ના પાડી દીધી હતી. જે બાદ રાશિદને ખૂબ જ ગુસ્સો આવ્યો અને તેણે ગુસ્સામાં કરીમની સામે બેટ ફેંકી દીધું. જેનો વીડિયો હાલ સોશિયલ મીડિયા પર ખૂબ જ ઝડપથી વાયરલ થઈ રહ્યો છે.



સુપર-8માં અફઘાનિસ્તાન અને બાંગ્લાદેશ વચ્ચે મેચ; આ મેચનો રાશિદ ખાનનો વીડિયો વાયરલ થઈ રહ્યો છે; રાશિદ પોતાની જ ટીમના ખેલાડી પર થયો ગુસ્સે

આ મેચમાં અફઘાનિસ્તાને ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. પ્રથમ બેટિંગ કરતા અફઘાનિસ્તાનની ટીમ 20 ઓવરમાં માત્ર 115 રન બનાવી શકી હતી. અફઘાનિસ્તાન તરફથી ઓપનિંગ બેટિંગ કરનાર ગુરબાઝે 55 બોલમાં 43 રન બનાવ્યા હતા.

આ સિવાય કેપ્ટન રાશિદ ખાને 19 રનની અણનમ ઈનિંગ રમી હતી. રાશિદે પોતાની ઈનિંગમાં 3 શાનદાર સિક્સર ફટકારી હતી. આ સિવાય બાંગ્લાદેશ તરફથી બોલિંગ કરતી વખતે રાશિદે 3 વિકેટ ઝડપી હતી. તસ્કિન અને મુસ્તફિઝુર પણ 1-1 વિકેટ લીધી હતી.

પંત પર ગુસ્સે થયો રોહિત, ઠપકો આપતો વીડિયો વાયરલ

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે મેચ કેવી રીતે થઈ શકે અને તેમાં રસપ્રદ દ્રશ્યો જોવા ન મળે? સોમવારે T-20 વર્લ્ડકપની સુપર-8 મેચમાં કેપ્ટન રોહિત શર્માએ ઓસ્ટ્રેલિયન બોલરોની ધોલાઈ કરી હતી. રોહિતની 92 રનની વિસ્ફોટક ઈનિંગની મદદથી ટીમ ઈન્ડિયાએ 20 ઓવરમાં 205 રનનો મોટો સ્કોર બનાવ્યો હતો. આ સ્કોર બચાવવા આવેલી રોહિતની બ્રિગેડ જ્યારે કેચ ચૂકી ગઈ તો તેઓ ખરાબ રીતે ગુસ્સે થઈ ગયો.

રોહિતની આ ગુસ્સાવાળી સ્ટાઈલ બીજી ઓવર પછી જોવા મળી હતી. તે ટીમ ઈન્ડિયાના સ્ટાર વિકેટકીપર રિષભ પંત પર ગુસ્સે થતો જોવા મળ્યો હતો. બન્યું એવું કે અર્શદીપ સિંહે પહેલી જ ઓવરમાં ડેવિડ વોર્નરને આઉટ કરીને ભારતને મોટી સફળતા અપાવી. જ્યારે ટીમ ઈન્ડિયાએ વર્ચસ્વ જમાવવાનું શરૂ કર્યું તો બીજી જ ઓવરમાં બીજી તક આવી. જ્યારે જસપ્રિત બુમરાહે બીજી ઓવરનો ચોથો બોલ ફેંક્યો ત્યારે મિશેલ માર્શે તેને સીધો રમીને મોટો શોટ મારવાનો પ્રયાસ કર્યો, પરંતુ બોલ તેના બેટની ઉપરની કિનારીને લઈને શોર્ટ ફાઈન લેગ તરફ ઉડી ગયો. આ બોલને ઉપર જતો જોઈને રિષભ પંત દોડવા લાગ્યો, પરંતુ તે અચાનક બંધ થઈ ગયો. ત્યારબાદ જ્યારે બોલ નીચે આવ્યો ત્યારે તે તેને પકડી શક્યો નહીં કારણ કે તે ઘણો દૂર હતો. આ રીતે ટીમ ઈન્ડિયા બીજી જ ઓવરમાં મોટી વિકેટ મેળવવાથી વંચિત રહી ગઈ હતી. આ કેચ છોડ્યા બાદ રોહિત ખૂબ જ ગુસ્સામાં જોવા મળ્યો હતો.

સુપર-8 મેચમાં કેપ્ટન રોહિત શર્માએ ઓસ્ટ્રેલિયન બોલરોની ધોલાઇ કરી; મિચેલ માર્શનો રિષભ પંતે કેચ છોડ્યો; માર્શનો કેચ છુટતા રોહિત શર્માને ગુસ્સો આવ્યો

ઓવર પુરી થયા બાદ પણ તેનો ગુસ્સો શમ્યો ન હતો. તે રિષભ પંત પાસે ગયો અને તેને ઠપકો આપવા લાગ્યો. જોકે, કોમેન્ટેટર્સનું માનવું હતું કે કદાચ રિષભ પંતનો પગ વળી ગયો હતો. તેથી તેઓ રોકાઈ ગયા, પરંતુ રોહિતને અપેક્ષા હતી કે પંત ડાઈવ કરીને આ કેચ પકડવાનો પ્રયત્ન કરશે, પરંતુ તેમ થઈ શક્યું નહીં. આથી તે ખૂબ ગુસ્સે હતો. કદાચ આમાં રિષભ પંતની ભૂલ ન હતી કારણ કે તેણે રેસ ચલાવી હતી, પરંતુ કદાચ પગ લપસવાને કારણે તે રેસ પૂરી કરી શક્યો ન હતો. એક કારણ એ હતું કે પવન ખૂબ જ ઝડપથી ફૂંકાઈ રહ્યો હતો. આ કારણે રોહિત શર્મા પણ એક કેચ ચૂકી ગયો.

રોહિતે ફટકાર્યો ગગલચૂંબી સિક્સ સ્ટેડિયમની છત ઉપર પડ્યો બોલ

ટીમ ઈન્ડિયાના કેપ્ટન રોહિત શર્માની વિસ્ફોટક બેટિંગ વાપસી થઈ છે. હિટમેન તરીકે જાણીતા ભારતીય કેપ્ટન રોહિત શર્માનું બેટ લાંબા સમય સુધી શાંત હતું, પરંતુ સોમવારે ઓસ્ટ્રેલિયા સામે T20 વર્લ્ડકપની સુપર-8 મેચમાં તેણે ધૂમ મચાવી દીધી હતી.

શરૂઆતથી જ વિસ્ફોટક બેટિંગ સ્ટાઈલ સાથે જોવા મળતા રોહિતે ઓસ્ટ્રેલિયાના સ્ટાર બોલરોની ધોલાઇ કરી હતી. રોહિતે માત્ર 19 બોલમાં અડધી સદી ફટકારી હતી. આ દરમિયાન તેણે મિચેલ સ્ટાર્કની એક ઓવરમાં 4 સિક્સર અને એક ફોર ફટકારી હતી, તો તેણે પેટ કમિન્સની ઓવરમાં એવો ગગલચૂંબી સિક્સર ફટકાર્યો હતો કે બોલ સ્ટેડિયમની છત પર પડ્યો હતો.

આ દ્રશ્ય પાંચમી ઓવરમાં જોવા મળ્યું હતું. પેટ કમિન્સ વરસાદ પહેલા તેની પ્રથમ ઓવર નાખવા આવ્યો હતો. તેણે સ્ટાર્કનું સ્થાન લીધું કે જેને હિટમેન દ્વારા પરાજિત કરવામાં આવ્યો હતો, પરંતુ કમિન્સને ઓછી ખબર હતી કે રોહિત આજે તેનું શું કરવા જઈ રહ્યો છે. કમિન્સે પહેલો બોલ ફેંકતાની સાથે જ રોહિત ઘૂંટણ પર બેસી ગયો અને તેને ઓફ સ્ટમ્પ પરથી ઉપાડીને તેને ફટકાર્યો. રોહિતે શોટ કર્યા પછી આ બોલ ખૂબ જ ઊંચો ગયો. બોલ લાંબા સમય સુધી હવામાં રહ્યો, પછી સ્ટેડિયમની છત પર પડ્યો. રોહિતનો આ આક્રોશ જોઈને દર્શકો ઉત્સાહથી ભરાઈ ગયા. હિટમેનની આ સ્ટાઈલ જોવા માટે ક્રિકેટ પ્રેમીઓ ઘણા સમયથી રાહ જોઈ રહ્યા હતા. આખરે, રોહિતની શાનદાર બેટિંગે સૌને ચકિત કરી દીધા.

રોહિતે પેટ કમિન્સની એ જ ઓવરમાં વધુ બે ચોગ્ગા ફટકાર્યા હતા.

BCCIએ ખેલાડીઓને ન કર્યા માફ, ટીમમાં ના મળી જગ્યા

ટી20 વર્લ્ડ કપ વચ્ચે, કરોડો ભારતીય ક્રિકેટ ફેન્સ ઝિમ્બાબ્વે પ્રવાસ માટે ટીમ ઈન્ડિયાની જાહેરાતની રાહ જોઈ રહ્યા હતા. ફેન્સની નજર કેટલાક ખાસ ખેલાડીઓ પર હતી. ટીમની જાહેરાત કરવામાં આવી છે. ટીમ ગિલનો આ પ્રવાસ 6 જુલાઈથી 16 જુલાઈ સુધી ચાલશે, જેમાં પાંચ ટી20 મેચ રમાશે. રોહિત શર્મા, વિરાટ કોહલી, હાર્દિક પંડ્યા, સૂર્યકુમાર યાદવ અને જસપ્રિત બુમરાહને આ પ્રવાસ માટે આરામ આપવામાં આવ્યો છે.

સોશિયલ મીડિયા પર શ્રેયસ અય્યર અને ઈશાન કિશનને લઈને ફેન્સમાં ખૂબ ચર્ચા થઈ રહી હતી. દરેક લોકો માની રહ્યા હતા કે આ પ્રવાસમાં બંને અથવા તેમાંથી એકને ચોક્કસપણે સ્થાન આપવામાં આવશે, પરંતુ ઐયરને અવગણીને અને ઈશાન કિશન પહેલા ધ્રુવ જુરેલને ટીમમાં સામેલ કરવું એ સાબિત કરવા માટે પૂરતું છે કે બોર્ડ હજુ સુધી બંનેને તેમની ભૂલની માફી આપી નથી.

આ વર્ષે આઈપીએલ શરૂ થતા પહેલા જ શ્રેયસ અય્યર અને ઈશાન કિશનની ભૂલ મોટી ભૂલ થઈ ગઈ હતી. ગયા વર્ષે, ડિસેમ્બરથી જાન્યુઆરી 2024 દરમિયાન દક્ષિણ આફ્રિકાના પ્રવાસ દરમિયાન, ઈશાન કિશન માનસિક થાક કહીને ભારત પરત ફર્યો હતો.

ભારતના ઓલિમ્પિક મિશનમાં RRUના રિસર્ચ સેન્ટરની ભૂમિકા મહત્ત્વપૂર્ણ રહેશે: પીટી ઉષા

ગાંધીનગરમાં રાષ્ટ્રીય રક્ષા વિશ્વવિદ્યાલયે (આરઆરયૂ) ઈન્ટરનેશનલ ઓલિમ્પિક દિવસની ઉજવણી કરી હતી અને આ સમયે ઈન્ડિયન ઓલિમ્પિક એસોસિયેશનના પ્રમુખ તથા દિગ્ગજ સ્પ્રિન્ટર પીટી ઉષા તથા વરિષ્ઠ ઉપપ્રમુખ અજય પટેલ લાવડ-દેહગામ કેમ્પસમાં યોજાયેલા કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.

પીટી ઉષાએ જણાવ્યું હતું કે આ શાનદાર પહેલ છે. જ્યારે એથ્લેટ્સ તથા બીજા લોકો આ રિસર્ચ સેન્ટરની મુલાકાત લેશે તો તેઓ પણ ઓલિમ્પિક મિશનમાં સામેલ થવા માટે પ્રેરિત થશે. આ સેન્ટર સ્પોર્ટ્સ નોલેજના ભંડાર તરીકે કાર્ય કરશે જેમાં ઓલિમ્પિક સાથે સંકળાયેલા ડેટા, કોચિંગ ટેક્નિક્સ, સ્પોર્ટ્સ સાયન્સ તથા ખેલાડીઓના વિકાસ સાથે જોડાયેલા અનેક જાણકારી રહેશે.

બીકોર (BCORE) પાસે હાઈટેક સાધનો અને ઐતિહાસિક લાઈબ્રેરી છે અને તેમાં સ્પોર્ટ્સ સાયન્સમાં વધારે રિસર્ચ માટેની લેબોરેટરી પણ છે.

યૂરો કપ: હંગેરીનો 100મી મિનિટે ગોલ, સ્કોટલેન્ડને 1-0થી હરાવ્યું

મેચની 100મી મિનિટે હંગેરીએ ગોલ કરીને યૂરો કપ ફૂટબોલ ટૂર્નામેન્ટમાં સ્કોટલેન્ડને 1-0થી પરાજય આપ્યો હતો અને આ સાથે હંગેરિયન ટીમે અંતિમ-16માં સ્થાન મેળવવાની આશા જીવંત રાખી હતી.બીજી તરફ સ્કોટલેન્ડને વધુ એક મેજર ટૂર્નામેન્ટમાં પરાજયનો સામનો કરવો પડયો હતો.

મેચની લગભગ અંતિમ પળોમાં કેવિન સીસોબોથે ગોલ કરતા હંગેરી ત્રણ પોઈન્ટ સાથે ગ્રૂપ-એમાં ત્રીજા ક્રમે રહ્યું છે. યૂરો કપ કે વર્લ્ડ કપના અત્યાર સુધી નોકઆઉટમાં સ્થાન મેળવવાથી વંચિત રહેલું સ્કોટલેન્ડ બે પોઈન્ટ સાથે ચોથા ક્રમે છે. મેચની અંતિમ મિનિટો સુધી બંને ટીમો બોલ ઉપર નિયંત્રણ મેળવવા માટે સંઘર્ષ કરતી નજરે પડી હતી.

સ્કોટલેન્ડે પ્રથમ હાફમાં 61 ટકા બોલ પોતાની તરફેણમાં રાખ્યો હોવા છતાં ગોલ કરી શકી નહોતી. હાફ ટાઈમ બાદ હંગેરીએ પોતાની રણનીતિમાં ફેરફાર કરીને બોલને સતત ઝડપથી પાસિંગ કરવાનું શરૂ કર્યું હતું.

સુકાની ડોમિનિક સોબોસ્ઝલાઈએ સેન્ટરમાં ખતરનાક પ્રદર્શન કર્યું હતું. સ્કોટલેન્ડે 79મી મિનિટે પેનલ્ટી માટે રિવ્યૂનો સહારો લીધો હતો પરંતુ રેફરીએ તેને નકારી નાખ્યો હતો. સ્ટોપેજ ટાઈમ પૂરો થાય તેની એક મિનિટ પહેલાં સ્કોટિશ ગોલકીપરે હંગેરીનો એક પ્રયાસ નિષ્ફળ બનાવ્યા હતો પરંતુ આખરે 100મી મિનિટે કેવિન ગોલ કરીને હંગેરીને વિજય અપાવી દીધો હતો.

ઇન્સ્ટન્ટ નૂડલ્સ સ્વાસ્થ્ય માટે હાનિકારક

આજની વ્યસ્ત લાઈફમાં ઓછા સમયમાં બનતું ભોજન ખૂબ જ પસંદ આવે છે. પરંતુ સ્વાસ્થ્ય પર તેની શું અસર થશે, લોકોને તેની ચિંતા નથી. આવો જ એક ખોરાક નૂડલ્સ છે. ખરેખર નૂડલ્સ ખૂબ ઓછા સમયમાં અને ઓછા પૈસામાં તૈયાર કરી શકાય છે. આ સિવાય તેમાં જોવા મળતા હાનિકારક રસાયણો તેનો સ્વાદ વધારે છે. આ જ કારણ છે કે બાળકો તેને પોતાની પસંદ માને છે. સમયના અભાવને કારણે ઘણા માતા-પિતા નૂડલ્સ પણ તૈયાર કરીને બાળકોને આપે છે. જો તમે પણ આ કરો છો તો તમે ચોક્કસપણે તમારા બાળકના સ્વાસ્થ્ય સાથે રમી રહ્યા છો. તમને જણાવી દઈએ કે જાપાનમાં પહેલીવાર શોધાયેલ આ નૂડલ્સ આજે આખી દુનિયામાં ખૂબ જ લોકપ્રિય છે. આજે બજારમાં અનેક ફ્લેવરમાં નૂડલ્સ ઉપલબ્ધ છે.

આ નૂડલ્સના આવા ફ્લેવર છે, જેમાં ઘણા પ્રકારના હાનિકારક પદાર્થો હોય છે. આનું વધુ સેવન કરવાથી બાળકોમાં ચરબી વધે છે. તેની યકૃત પર પણ વિપરીત અસર થાય છે.

નૂડલ્સમાં મોટી માત્રામાં બિનઆરોગ્યપ્રદ ચરબી અને ઘણાં પ્રિઝર્વેટિવ્સ હોય છે, જે શરીરને નુકસાન પહોંચાડે છે. આજકાલ ફાસ્ટ ફૂડનો જમાનો છે. લોકો દરેક બાબતમાં ઉતાવળમાં હોય છે.

આ જ કારણ છે કે બે મિનિટમાં ઇન્સ્ટન્ટ નૂડલ્સ બનાવવાનો રસ અને વલણ પણ વધી રહ્યું છે. કંપનીઓ તેમની જાહેરાતોમાં ખાસ કરીને બાળકોને ટાર્ગેટ કરે છે અને તેમના આગ્રહ અને તેમની સગવડતા જોઈને માતા-પિતાએ પણ તેને તેમની દિનચર્યામાં સામેલ કરવાનું શરૂ કર્યું છે. ઘણી વખત બાળકોના ટિફિનમાં નૂડલ્સનો પણ સમાવેશ થાય છે.

માત્ર બાળકો જ નહીં, પુખ્ત વયના લોકો પણ તેને ખૂબ અનુકૂળ લાગે છે. ઓફિસ જનારાઓ અને સ્નાતકોની પણ તે પહેલી પસંદ બની ગઈ છે, પરંતુ શું તમે ક્યારેય વિચાર્યું છે કે તેના કેટલા ફાયદા અને ગેરફાયદા છે? ચાલો આજે તમને જણાવીએ કે ઇન્સ્ટન્ટ નૂડલ્સ શું છે અને એ શરીર માટે કેટલા નુકસાનકારક સાબિત થઈ શકે છે.

ઇન્સ્ટન્ટ નૂડલ્સ શું છે?

નિષ્ણાતોના મતે નૂડલ્સ મેંદો તેમજ અન્ય ધાન્યોના લોટમાંથી તૈયાર કરવામાં આવે છે. આ સિવાય ઇન્સ્ટન્ટ નૂડલ્સમાં મસાલા, મીઠું અને મોનોસોડિયમ ગ્લુટામેટ (એમએસજી) પણ હોય છે. આમાં શૂન્ય પોષણ છે. આનું સેવન કરવાથી તમારું પેટ થોડા કલાકો સુધી ભરાઈ શકે છે. તમને જણાવી દઈએ કે ઇન્સ્ટન્ટ નૂડલ્સને પહેલા બાફવામાં આવે છે અને પછી ડીપ ફ્રાઈ કરવામાં આવે છે. આવું કરવાનો હેતુ તેનું આયુષ્ય લંબાવવાનો છે. આમ કરવાથી તેમાં ટ્રાન્સફેટનું પ્રમાણ વધે છે. આ જ કારણ છે કે વધુ પડતા સેવનથી બાળકોમાં સ્થૂળતાની

સમસ્યા વધી શકે છે. મીણનું કોટિંગ: મીણ બાળકોના સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. તેની તેમના લીવર પર વિપરીત અસર થાય છે. દરેક કંપની પોતાના નૂડલ્સને આકર્ષક બનાવવા માગે છે. આ કારણે નૂડલ્સ તૈયાર થયા પછી, તેઓ ઉપર મીણનું પડ લગાવે છે. આવી સ્થિતિમાં બાળકોને તેમના સેવનથી બચાવવું જોઈએ.

સોડિયમનું વધુ પ્રમાણ : નૂડલ્સમાં હાજર ઉચ્ચ સોડિયમ સ્વાસ્થ્ય માટે ખૂબ જ હાનિકારક છે. નિષ્ણાતોના મતે ૧૦૦ ગ્રામ નૂડલ્સમાં લગભગ ૩૯૭ થી ૩૬૭૮ મિલિગ્રામ સોડિયમ જોવા મળે છે. આવી સ્થિતિમાં તેના વધુ પડતા સેવનથી પેટનું કેન્સર, સ્ટ્રોક, હૃદય રોગ, હાઈ બ્લડ પ્રેશર, કિડની વગેરે જેવી બીમારીઓનું જોખમ વધી શકે છે. તમને જણાવી દઈએ કે ડબ્લ્યુએચઓ એ એક દિવસમાં માત્ર ૨ ગ્રામ સોડિયમનું સેવન કરવાની સલાહ આપે છે.

એમએસજીની વધુ માત્રા: નૂડલ્સને સ્વાદ આપવા માટે તેમાં મોનોસોડિયમ ગ્લુટામેટ (એમએસજી) ઉમેરવામાં આવે છે. આવી સ્થિતિમાં તેનું સેવન સ્વાસ્થ્ય માટે હાનિકારક બની જાય છે.

તમને જણાવી દઈએ કે આ નૂડલ્સના વધુ પડતા સેવનથી માથાનો દુખાવો, ચક્કર આવવું, હાઈ બ્લડ પ્રેશર, થાક, નબળાઈ, સ્નાયુઓમાં તણાવ, છાતીમાં દુખાવો, હૃદયના ધબકારા વગેરે જેવી સમસ્યાઓ થઈ શકે છે. તે જ સમયે, નૂડલ્સને સુરક્ષિત રાખવા માટે, મોટી માત્રામાં મીઠું ઉમેરવામાં આવે છે, જે બાળકોના મહત્ત્વપૂર્ણ અંગોને નુકસાન પહોંચાડે છે.

પ્રોટીન અને ફાઇબરનો અભાવ: ઇન્સ્ટન્ટ નૂડલ્સમાં પ્રોટીન અને ફાઇબરનો અભાવ હોય છે. તમને જણાવી દઈએ કે કોઈપણ ખોરાકમાં આ બંનેનું હોવું ખૂબ જ જરૂરી છે. કારણ કે પ્રોટીન તમારા પેટને ભરેલું લાગે છે અને ફાઈબર આંતરડાને સાફ કરવામાં મદદ કરે છે. આવી સ્થિતિમાં ઇન્સ્ટન્ટ નૂડલ્સનું વધુ પડતું સેવન પાચનતંત્રને બગાડી શકે છે. પ્રોફાઈલિંગ ગ્લાયકોલયુકત: નૂડલ્સને સૂકી રાખવી મહત્ત્વપૂર્ણ છે. આવી સ્થિતિમાં નૂડલ્સ કંપનીઓ પેકિંગની અંદર ભેજ જાળવી રાખવા માટે તેમાં પ્રોપિલીન ગ્લાયકોલ ઉમેરે છે. પ્રોપિલિન ગ્લાયકોલ બાળકોના હૃદય માટે સારું માનવામાં આવતું નથી. નિષ્ણાતોના મતે આના વધુ પડતા સેવનથી બાળકોમાં હૃદય, લીવર અને કિડની સંબંધિત સમસ્યાઓ થઈ શકે છે.

પોષક તત્ત્વોનો અભાવ

ઇન્સ્ટન્ટ નૂડલ્સ જેમ કે નામ સૂચવે છે, ઝડપથી તૈયાર કરવામાં આવે છે. તે રાંધવા માટે પણ ખૂબ જ સરળ છે. આનાથી પેટ તો ભરાય છે, પરંતુ તેનાથી સ્વાસ્થ્યને કોઈ ફાયદો થતો નથી. બીજી બાજુ તેમાં એક પણ પોષક તત્વ નથી હોતું, બીજી બાજુ તેમાં મોટી માત્રામાં બિનઆરોગ્યપ્રદ ચરબી અને ઘણાં પ્રિઝર્વેટિવ્સ હોય છે, જે શરીરને નુકસાન પહોંચાડે છે. આરોગ્ય નિષ્ણાતોનું માનવું છે કે તેનું રોજનું સેવન સ્વાસ્થ્ય માટે સારું નથી. લાંબા સમય સુધી તેનું સેવન કરવાથી ઘણી શારીરિક સમસ્યાઓ થઈ શકે છે. ગેરફાયદા શું છે? સોડિયમનું ઊંચું પ્રમાણ ઇન્સ્ટન્ટ નૂડલ્સમાં ઘણીવાર વધુ હોય છે, જે બ્લડ પ્રેશર વધારી શકે છે. તેનાથી હૃદય, કીડની અને અન્ય અંગો પર દબાણ આવી શકે છે. ઉચ્ચ પ્રિઝર્વેટિવ્સ: ઇન્સ્ટન્ટ નૂડલ્સ સામાન્ય રીતે પ્રિઝર્વેટિવ્સ અને અન્ય ઉમેરણોથી ભરેલા હોય છે, જેનો વધુ પડતો વપરાશ સ્વાસ્થ્ય માટે હાનિકારક હોઈ શકે છે. પોષક તત્ત્વોની ઊણપ: ઇન્સ્ટન્ટ નૂડલ્સમાં કેલરીની માત્રા વધુ હોય છે, પરંતુ તેમાં પ્રોટીન, ફાઈબર, વિટામિન્સ અને મિનરલ્સ જેવા જરૂરી પોષક તત્ત્વો ખૂબ ઓછા પ્રમાણમાં હોય છે. દરરોજ તેનું સેવન કરવાથી શરીરમાં જરૂરી પોષક તત્ત્વોની ઊણપ થઈ શકે છે. બિનઆરોગ્યપ્રદ ચરબી: ઇન્સ્ટન્ટ નૂડલ્સમાં વધુ માત્રામાં બિનઆરોગ્યપ્રદ ચરબી હોય છે, જેમ કે પામ તેલ, જે કોલેસ્ટ્રોલનું સ્તર વધારી શકે છે અને હૃદય રોગનું જોખમ વધારે છે. મેટાબોલિક સિન્ડ્રોમ: ઘણાં સંશોધનો દર્શાવે છે કે તેનું સતત સેવન મેટાબોલિક સિન્ડ્રોમનું જોખમ વધારે છે. તેમ જ હાઈ બ્લડ પ્રેશર, હાઈ બ્લડ શુગર અને સ્થૂળતા જેવી ગંભીર સમસ્યાઓ થઈ શકે છે. કેન્સરનું જોખમ: ઇન્સ્ટન્ટ નૂડલ્સમાં એક્રેલામાઇડ નામનું હાનિકારક રસાયણ જોવા મળ્યું છે, જે જાણીતું કાર્સિનોજન છે. આ કારણે તેમના સેવનથી કેન્સરનું જોખમ પણ વધી શકે છે.

દેવોનું પ્રિય ફળ જાંબુ તંદુરસ્તી માટે છે જાદુઈ

દેખાવે નાનું અમથું જાંબુડી રંગ ધરાવતું જાંબુ એક આકર્ષક મીઠાશ ધરાવતું ફળ છે. જાંબુને બ્લેક પ્લમ કહેવામાં આવે છે. એક સમયે ફક્ત ભારતમાં મળતાં જાંબુ હવે તો વિશ્વના લગભગ બધા જ દેશોમાં સરળતાથી મળી રહે છે.

મોસમ પ્રમાણે ફળનો ઉપયોગ કરી લેવો યોગ્ય ગણાય છે. વૈજ્ઞાનિકો તેમજ આહાર તજજ્ઞો મોસમી ફળનો ભરપૂર ઉપયોગ કરવાનું ભારપૂર્વક કહે છે. જાંબુ બજારમાં મે, જૂન તથા જુલાઈ ત્રણ માસ દેખાય છે. પોષક ગુણોનો ભંડાર ધરાવતાં જાંબુનો ઉપયોગ કરવો જ જોઈએ. માન્યું કે અન્ય ફળોની સરખામણીએ જાંબુની કિંમત થોડી વધુ હોય છે. જાંબુમાં પાણીની માત્રા વધુ હોય છે તેથી શરીરને હાઈડ્રેટ રાખવામાં મદદ કરે છે. જાંબુના ફળ, તેના પાન તેમજ તેની ગોટલી ડાયાબિટીસના દર્દીઓ

માટે ગુણકારી ગણાય છે.જાંબુમાં બે કમ્પાઉન્ડ સમાયેલાં છે જેવાં કે જમ્બુલિન તથા જમ્બુસીન. બ્લડશુગરને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે. આયુર્વેદાચાર્યોનું માનવું છે કે જાંબુનું સેવન કરવાથી લોહીમાં ઈન્સ્યુલિનના પ્રોડક્શનમાં વૃદ્ધિ થાય છે. જાંબુમાં રહેલાં પોષક ગુણો જોઈએ તો આયર્ન, કૅલ્શિયમ, પ્રોટીન, ફાઈબર તેમજ કાર્બોહાઈડ્રેટ છે.જાંબુને સંસ્કૃતમાં રાજજમ્બુ કે મહાફલા, હિન્દીમાં બડી જામુન ફલેન્દ્રા, કોંકણીમાં જમ્બોલ, ગુજરાતીમાં જાંબુડી કે જાંમ્બુ, તેલુગુમાં નીરેડુ, તમિળમાં નવલ કે સમ્બલ, પંજાબીમાં ડામૂલ, મરાઠીમાં જામ્બૂલ કહેવામાં આવે છે.

જાંબુની ખેતી એશિયાઈ દેશો જેવા કે ભારત, શ્રીલંકા, પાકિસ્તાન તેમજ બાંગ્લાદેશમાં થાય છે. જાંબુ ઉપર અનેક અધ્યયનો થયાં છે. જેના આધારે એવું કહી શકાય કે જાંબુમાં ઍન્ટિઑક્સિડેશન, ઍન્ટિડાયાબિટીક, ઍન્ટિ-ઈન્ફ્લેમેશન, ઍન્ટિકાર્સિનોજેનિક, હાઈપરલિપિડેમિક જેવા રોગની સામે રાહત આપે છે.

હિમોગ્લોબિનમાં સુધારો : જાંબુમાં વિટામિન સી તથા આયર્ન સારા પ્રમાણમાં છે. જાંબુમાં રહેલું આયર્ન લોહીને શુદ્ધ કરવાનું કામ કરે છે. શરીરમાં હિમોગ્લોબિનની માત્રા વધવાથી ઑક્સિજન વહન કરવાની ક્ષમતા વધી જતી હોય છે. જાંબુનું સેવન પ્રમાણભાન રાખીને કરવાથી શરીરમાં લોહીની ઊણપ થતી નથી.હૃદયની તંદુરસ્તી માટે ગુણકારી : જાંબુમાં ઍન્ટિ-ઓક્સિડન્ટ તેમજ પોટેશિયમ જેવાં મિનરલ્સ છે. જે હૃદયની તંદુરસ્તી માટે લાભદાયક ગણાય છે. હૃદય રોગ જેવી ગંભીર બીમારીથી બચવામાં મદદ કરે છે. બ્લડપ્રેશર, હાર્ટઍટેક વગેરેના ખતરાથી બચવું હોય તો જાંબુનું ફળ ગુણકારી ગણાય છે. જાંબુ લોહીની આર્ટરિઝને તંદુરસ્ત રાખવામાં મદદ કરે છે.ત્વચા ચમકીલી બનાવે છે : વારંવાર ચહેરા ઉપર મેકઅપ કરવો, વિવિધ ક્રિમને લગાવતાં રહેવાની સ્પર્ધા યુવાવસ્થામાં વધુ જોવા મળે છે. કેમિકલની આડ-અસરને લીધે અનેક વખત લાંબેગાળે ત્વચા ઉપર ક્યારેક કાળા તો ક્યારેક સફેદ ડાઘ દેખાવા લાગે છે. ઉપરોક્ત સમસ્યાથી બચવું હોય તો જાંબુનું સેવન ગુણકારી છે. તેનું મુખ્ય કારણ તેમાં સમાયેલું વિટામિન સી ઍન્ટિ-ઈન્ફ્લેમેટરી ગુણ ધરાવે છે. જે ત્વચાને મુલાયમ બનાવે છે. તૈલીય ત્વચા ધરાવતી વ્યક્તિ જાંબુનું સેવન કરે તો ત્વચા તાજગી અનુભવવા લાગે છે.વજન ઘટાડવામાં લાભદાયક : જાંબુમાં ફાઈબરનું પ્રમાણ ભરપૂર હોય છે. વળી કેલરીની માત્રા ઓછી હોય છે. વિટામિન સી, આયર્ન, ફોસ્ફરસ, મેગ્નેશિયમ, ફોલિક એસિડ વગેરે હોય છે. જેને કારણે શરીરની સ્વસ્થતા જાળવવામાં મદદ મળે છે. ફાઈબરની માત્રા હોવાને કારણે પાચનક્રિયાને સુધારવામાં જાંબુનું સેવન ગુણકારી ગણાય છે.ગેસની તકલીફમાં લાભદાયી : જાંબુમાં ડ્યૂરેટિક ગુણ હોય છે. જેને કારણે પાચનસંબંધિત સમસ્યાથી બચવામાં સહાય મળે છે.મોંની તંદુરસ્તીમાં લાભદાયક : ઍન્ટિબેક્ટેરિયલ ગુણ હોવાને કારણે દાંતમાં થતાં સડાને તેમજ ખરાબ બેક્ટેરિયાને વધતાં અટકાવવામાં મદદ કરે છે. પેઢાંને મજબૂત બનાવવા હોય તેમણે જાંબુના પાનને સૂકવીને પાઉડર બનાવીને દાંત ઉપર રગડવાથી લાભ થશે.સંક્રમણને રોકે છે : જાંબુમાં ઍન્ટિ-બેક્ટેરિયલ, ઍન્ટિ-મેલેરિયલ ગુણ છે. જેને કારણે જાંબુને બરાબર સાફ કરીને ખાવાથી રોગના સંક્રમણથી બચી શકાય છે. જાંબુમાં મેલિક એસિડ, ગૈલિક એસિડ, ટૈનિન એસિડ, ઑક્સાલિક એસિડ તેમજ બેટુલિનિક એસિડ જેવા એસિડની માત્રા હોય છે. જેને કારણે શરીર ગંભીર બીમારીના કિટાણુના ચેપથી બચી જાય છે.

સગર્ભાવસ્થામાં લાભકારી : જાંબુમાં ઍન્ટિ-ઓક્સિડન્ટ, વિટામિન સી, આયર્ન, કૅલ્શિયમ, પોટેશિયમ ભરપૂર માત્રામાં હોય છે. મિનરલ્સ તેમજ વિટામિન્સ શરીરના હાડકાંને મજબૂત બનાવવામાં મદદ કરે છે. તેમજ રોગપ્રતિકારક શક્તિ વધારવામાં મદદ કરે છે.સગર્ભાવસ્થામાં બ્લડપ્રેશર વધવું કે કબજિયાત જેવી સમસ્યા સર્જાતી હોય છે. આવા સંજોગોથી બચવું હોય તો પોટેશિયમ તેમજ ઍન્ટિ-ઓક્સિડન્ટના ભરપૂર ગુણો ધરાવતાં જાંબુનું સેવન ગુણકારી ગણાય છે. હાઈ મેગ્નેશિયમના ગુણો સમયથી પહેલાં પ્રસવથી બચાવમાં મદદ કરે છે.દેવોનું ફળ શા માટે? પૌરાણિક કથાઓ દ્વારા એવું જાણવા મળે છે કે ભગવાન રામ વનવાસમાં જાંબુનું સેવન કરતા હતા.

જાંબુના ફળની મિઠાશ ફળની છાલમાં રહેલી ચીકાશ ઉપરથી માપવામાં આવે છે. ભગવાન રામના મંદિરમાં આપને એક જાંબુનું વૃક્ષ અચૂક જોવા મળશે. એવું પણ કહેવાય છે કે મેઘરાજા જેઓ વાદળાના દેવતાં ગણાય છે તેઓ જાંબુના રૂપે ધરતી ઉપર પધાર્યા હતા. તેથી જ ફળનો રંગ ગહેરો વરસાદી વાદળો જેવો દેખાય છે.પ્રાચીન પુરાણોમાં બ્રહ્માંડના સાત મહાદ્વીપનું વર્ણન છે. જેના કેન્દ્રમાં જમ્બુદ્વીપ હતું. તેનો શાબ્દિક અર્થ જોઈએ તો 'જાંબુના વૃક્ષોની ભૂમિ'. વિષ્ણુ પુરાણમાં જાંબુના વૃક્ષને હાથી જેટલાં વિશાળકાય દર્શાવવામાં આવ્યા છે. એવું પણ કહેવાય છે કે જાંબુના વૃક્ષ ઉપરથી ફળ સડી ગયા બાદ પહાડી જમીન ઉપર પડતાં તેને કારણે જાંબુડી રંગના રસની નદી બની જતી.

જાંબુનો સૌથી ગાઢ સંબંધ ભગવાન શિવ સાથે ગણાય છે. તેમને જમ્બુનાથ કે જમ્બુકેશ્વર તરીકે પૂજવામાં આવે છે.૧૮૦૦ વર્ષ જૂનું જમ્બુકેશ્વર મંદિર હાલમાં તિરૂચિરાપલ્લીમાં આપને જોવા મળશે. બુદ્ધ ધર્મમાં પણ જાંબુના વૃક્ષને પવિત્ર ગણવામાં આવે છે. એવું કહેવાય છે કે ભગવાન બુદ્ધે સૌ પ્રથમ ધ્યાન જાંબુના વૃક્ષની છત્રછાયામાં બેસીને કર્યું હતું.

જંક ફૂડ એટલે યુવાધનના સ્વાસ્થ્ય સાથે ચેડાં

એ વાતમાં જરાય બેમત નથી કે આજનું યુવાધન પોતાના સ્વાસ્થ્યને લઈને ઘણા અંશે જાગૃત થયું છે. એ જ કારણ છે કે નાના કે મોટા શહેરમાં બધી જગ્યાએ જિમની ભરમાર જોવા મળી રહી છે. શહેરોમાં તો માંડ એકાદ વિસ્તાર એવો મળી આવશે કે જ્યાં જિમ ન હોય અને યુવાનોની ભીડ જોવા મળતી ન હોય. તેમ છતાં આ યુગમાં યુવાનોને જેટલી સ્વાસ્થ્ય સંબંધી

સમસ્યાઓ છે તેટલી આજ પહેલા ક્યારેય જોવા મળી નથી. આજે સમગ્ર દુનિયામાં ૩.૨ કરોડથી વધુ યુવાનો સરેરાશ કરતાં વધુ મેદસ્વિતા ધરાવે છે અને સ્થૂળતાની આ રફ્તાર યુવાનો વચ્ચે વિશ્વભરમાં વેગ પકડી રહી છે.

સ્થૂળતા કઈ રીતે વૈશ્વિક સમસ્યા બની રહી છે તેનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે ભારત, પાકિસ્તાન, શ્રીલંકા, ભુતાન, માલદીવ જેવા દેશોમાં યુરોપ અને અમેરિકાની સરખામણીએ કોલ્ડ ડ્રિંક ઓછું પીવાય છે, પિઝા અને બર્ગર પણ ઓછા આરોગવામાં આવે છે. તેમ છતાં આ દેશોમાં મેદસ્વિતા ૭ થી ૧૦ ટકાની વાર્ષિક રફ્તારથી વધી રહી છે.

વર્ષ ૨૦૦૦ની આસપાસ ભારતમાં જ્યાં લગભગ ૮ ટકા યુવા જરૂર કરતા વધુ સ્થૂળ હતા, જ્યારે આજે ૧૭ થી ૧૮ ટકા યુવાનો ટેક્નિકલી રીતે સામાન્ય કરતાં વધુ સ્થૂળ છે અને લગભગ ૭ થી ૯ ટકા તો વધુ પડતાં સ્થૂળતા ધરાવે છે. શાળાએ જતી વિદ્યાર્થિનીઓ પણ ૨૦ વર્ષ પહેલાની સરખામણીએ આજે ૧૫ થી ૧૭ ટકા વધુ મેદસ્વી છે. યુવાનોમાં ઝડપથી વધી રહેલા મેદસ્વિતાનું સૌથી મોટું કારણ જંક ફૂડ છે.આજની તારીખમાં ભારતીય યુવાનો પાસે પોકેટ મની આજથી ૩૦ વર્ષ પહેલાની સરખામણીએ ૫ થી ૬ ટકા વધુ છે. જેનું સૌથી મોટું નુકસાન એ થયું છે કે આજે ફાસ્ટ ફૂડ ભારતીય યુવાનોની ખૂબ જ નજીક પહોંચી ગયું છે. જોકે હાલના

સમયમાં નાની વયના યુવાનો પણ કમાતા હોવાથી જંક ફૂડ આરોગવું એ પોતાના હક સમજે છે.વળી તેઓનું એવું માનવું છે કે જંક ફૂડ ખાવાથી તેમને જે સ્વાસ્થ્ય સંબંધી નુકસાન થશે તેની ભરપાઇ તેઓ જિમમાં વધુ પરસેવો પાડી કરી લેશે, પરંતુ આ સત્ય નથી. જેનું સૌથી મોટું નુકસાન બે વર્ષ પહેલા કોરોના રોગચાળા દરમિયાન ત્યારે જોવા મળ્યું જ્યારે મોટી સંખ્યામાં યુવાનોમાં રોગ પ્રતિકારક શક્તિનો મોટા પાયે અભાવ જોવા મળ્યો હતો.જંક ફૂડ ખાવાથી કોઇ એક પ્રકારની સમસ્યા ઉદ્દભવતી નથી, માત્ર સ્થૂળતા જ જંક ફૂડનું એક માત્ર નુકસાન નથી. હકીકત તો એ છે કે જંક ફૂડ યુવાનોના તમામ પ્રકારના સ્વાસ્થ્યને કાટ લગાવી રહ્યું છે. કારણ કે જંક ફૂડમાં એક નહીં અનેક હાનિકારક તત્ત્વ રહેલા હોય છે. તેમાં અસંખ્ય કેલેરી હોય છે. જેને નિયમિત આરોગવાથી તેની આદત પડી જાય છે. જે આપણા સમગ્ર પાચનતંત્રને ખરાબ કરી નાખે છે.નિયમિત રીતે જંક ફૂડ ખાવાથી હાડકાં નબળા પડે છે અને હૃદય સંબંધી અનેક પ્રકારની સમસ્યાઓ પેદા થાય છે. છેલ્લા એક દાયકામાં યુવાનોમાં હૃદય સંબંધી બીમારીઓ ઝડપથી વધી છે તે કંઇ અકારણ નથી. આજે ભારતના હૃદય રોગીઓમાં ૧૨ થી ૧૫ ટકા યુવાનો છે. આજ પહેલા આટલા યુવાનો હૃદય સંબંધી બીમારીઓથી પીડિત ન હતા. તાજેતરના દિવસોમાં ચાલતા-ફરતા કેટલાય લોકો હાર્ટ એટેકથી મૃત્યુ પામી રહ્યા છે, તેમાં મોટી સંખ્યામાં યુવાનો પણ સામેલ છે.જંક ફૂડ યુવાનોને પણ એ રીતે ડાયાબિટીસ અને શુગરના દર્દી બનાવી રહ્યું છે, જે રીતે છેલ્લા કેટલાક દાયકાઓમાં આધેડો પર ડાયાબિટીસે પોતાનો સકંજો કસ્યો છે. યુવાનોમાં સામાન્ય રીતે જે ટાઇપ-૨ ડાયાબિટીસની સમસ્યા સતત વધી રહી છે. તેનું કારણ બીજું કંઇ નહીં પણ જંક ફૂડ છે. સૌથી મોટી વાત એ છે કે જંક ફૂડ આપણા ચરબીયુક્ત લિવર માટે તો જવાબદાર છે જ, તેનાથી અનેક પ્રકારના કેન્સર થવાની પણ સંભાવના વધી રહી છે. એકંદરે જોવા જઇએ તો જંક ફૂડ યુવાનોને અત્યંત ઘાતક અસર કરી રહ્યું છે.જંક ફૂડના લીધે યુવાનો આળસુ થવાની સાથે સાથે મેદસ્વિતાનો પણ શિકાર બની રહ્યા છે. તેમજ ઝડપથી ચીડિયા સ્વભાવના પણ બની રહ્યા છે. હવે પ્રશ્ન એ છે કે આખરે જંક ફૂડ ખાવાથી આટલી બધી સમસ્યાઓ કેમ પેદા થાય છે? જેનું કારણ જંક ફૂડની બનાવટ અને તેમાં વધુ પ્રમાણમાં ખાંડ, નમક અને ચરબીનું પ્રમાણ હોવું છે.જંક ફૂડમાં નિર્ધારિત માત્રા કરતાં ઘણી વધુ કેલેરી, ટ્રાંસફેટ ખાંડ અને નમક હોય છે. જંક ફૂડના લીધે વજન વધે છે, ડાયાબિટીસ થાય છે. તો વળી આધેડોની જેમ યુવાનોમાં પણ સાંધાના દુઃખાવા જંક ફૂડના લીધે જ વધી રહ્યા છે.જોકે તેને ખાધા બાદ તેનો પ્રભાવ યુવાનોની ડોપામાઇન સિસ્ટમને હાઇજેક કરી લે છે. તેથી યુવાનોને જંક ફૂડની માત્ર આદત જ નથી પડતી પરંતુ તેઓને એવું લાગવા માંડે છે કે તે જંક ફૂડ ખાધા વિના ખુશ નહીં રહી શકે. જંક ફૂડ ખાવાથી આપણા પેટમાં લાંબા સમય સુધી પ્રોસેસ્ડ ફૂડ જમા રહે છે. જેથી ભૂખ ઓછી લાગે છે અને આપણું પાચનતંત્ર નષ્ટ થવા માંડે છે. જંક ફૂડમાં મોટા પાયે શર્કરા પણ હોય છે, તેથી આપણા હાડકાઓને પણ નુકસાન થાય છે.એવામાં સવાલ એ છે કે આખરે યુવાનોની ખાણી-પીણીમાં કેવું કોમ્બિનેશન હોવું જોઇએ જે તેને ભરપૂર એનર્જી પણ આપે, ઉત્સાહી પણ રાખે અને કોઇ પણ પ્રકારની સ્વાસ્થ્ય સંબંધી સમસ્યાઓ પણ પેદા ન કરે. આ અંગે નિષ્ણાતો કહે છે કે ૧૫ થી ૨૫ વર્ષ સુધીના યુવાનોની ખાણી-પીણીમાં મહત્તમ ૫ ટકા જ જંક ફૂડ અને મીઠાઇ હોવી જોઇએ. બાકી ૪૦ ટકા અનાજ, ૩૫ ટકા ફળ અને શાકભાજી, ૨૦ ટકા પ્રોટીન અને ૫ ટકા ફાસ્ટ ફૂડ કે મીઠાઇ હોવી જોઇએ. આ ૫ ટકા જંક ફૂડ પણ એ યુવાનો માટે છે જે નિયમિત રીતે એક્સરસાઇઝ કરે છે.

દુનિયા દેખાડતો મોબાઈલ ક્યાંક તમને દેખતા બંધ ન કરી દે!

લગભગ એકાદ વર્ષ પહેલા એવા સમાચાર જાણવા મળ્યા હતા કે હૈદરાબાદમાં એક મહિલા અચાનક દ્રષ્ટિહીન થઇ ગઈ છે. કારણ? મોબાઈલ ફોનનો ઉપયોગ. આધુનિક સમયમાં મોબાઈલ લોકો માટે એક જરૂરી ઉપકરણ બની ગયું છે.હવે એ માત્ર સંવાદનું સાધન મટીને મનોરંજનથી લઈને બેન્કિંગ સુવિધાઓ અને નાણાકીય વ્યવહારમાં પણ ઉપયોગમાં લેવાય છે. સ્વાભાવિક છે કે તેનો ઉપયોગ કરવાનું કોઈ ટાળી શકતું નથી, પરંતુ તેનો કેટલો ઉપયોગ કરવો જોઈએ અને કેવી પરિસ્થિતિઓમાં ઉપયોગ ટાળવો જોઈએ તે જાણવું પણ એટલું જ જરૂરી છે. નહીં તો આ મહિલાની જેમ ક્યારેક આંખની દ્રષ્ટિ ગુમાવવાનો વારો પણ આવી શકે છે.મનોવૈજ્ઞાનિકો તેને મન અને સ્વાસ્થ્ય બંને માટે હાનિકારક માને છે. ડોકટરોનું કહેવું છે કે એક તરફ મોબાઈલ ફોનના વધુ પડતા ઉપયોગથી આંખોની રોશની પર નકારાત્મક અસર પડે છે. તે જ સમયે, મોબાઈલ ફોનનો વધુ પડતો ઉપયોગ કોઈપણ વ્યક્તિને ડિપ્રેશન, ચિંતા અને ચીડિયાપણુંનો શિકાર બનાવે છે.મોબાઈલથી દૂર રહેવું જરૂરી છે. મહિલાની સારવાર કરી રહેલા ડોક્ટરે સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે મહિલાને તેની દ્રષ્ટિમાં ધબ્બાઓ, તેજસ્વી પ્રકાશની ચમક, ઝિગ-ઝેગ રેખાઓ અને કોઈપણ વસ્તુ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં અસમર્થતા જેવી સમસ્યાઓ શરૂ થઈ હતી. જ્યારે તપાસ કરવામાં આવી તો જાણવા મળ્યું કે મહિલા સ્માર્ટફોન વિઝન સિન્ડ્રોમ નામની બીમારીથી પીડિત હતી.ડોક્ટરે કહ્યું કે સ્માર્ટફોન વિઝન ડિસઓર્ડર ત્યારે થાય છે જ્યારે તમે લાંબા સમય સુધી ડિજિટલ સ્ક્રીનનો ઉપયોગ કરો છો. આમાં જોવાની ક્ષમતા ખરાબ રીતે પ્રભાવિત થાય છે. આંખોમાં હાજર વિઝ્યુઅલ સિસ્ટમ ધીમે ધીમે કામ કરવાનું બંધ કરવા લાગે છે. રાતના અંધારામાં તેનો ઉપયોગ કરવો વધુ ખતરનાક બની શકે છે. મોબાઈલ ફોન અને ટેબલેટનો ઉપયોગ કરતા લોકોમાં આ સમસ્યા વધુ વધી છે.૨૦૧૬માં ન્યુ ઇંગ્લેન્ડ જર્નલ ઓફ મેડીસીનમાં પ્રકાશિત એક સંશોધન મુજબ, મોબાઈલ ફોનના વધારે પડતા અથવા અનુચિત ઉપયોગથી સેલફોન બ્લાઈંડનેસ અર્થાત્? કે 'મોબાઈલ અંધાપો' આવી શકે છે. આ સમસ્યા અંધારામાં સૂતી વખતે સ્માર્ટફોનનો ઉપયોગ કરવા સાથે સંકળાયેલ છે. તેનો અર્થ સામાન્ય રીતે એક આંખમાં કામચલાઉ દ્રષ્ટિ ગુમાવવાનો થાય છે.તે સામાન્ય રીતે ત્યારે થાય છે જ્યારે તમારી એક આંખ તમારા ફોનની સ્ક્રીનને જોઈ શકે છે અને બીજી આંખ ઓશીકું અથવા અન્ય વસ્તુ દ્વારા અવરોધિત હોય છે. જોકે સેલ ફોન અંધત્વ ગંભીર નથી, કેટલાક લોકો જો તેઓ જાણતા ન હોય કે તેનું કારણ શું છે તે અંગે તેમની દ્રષ્ટિમાં ફેરફાર જોવા મળી શકે છે.દ્રષ્ટિની ખોટ થોડી મિનિટોમાં સામાન્ય થઈ જાય છે, અને તે લાંબા ગાળાના નુકસાનનું કારણ બને તેવા કોઈ પુરાવા નથી. પરંતુ હવે જોવા મળી રહ્યું છે કે લોકોને લાંબો સમય ગંભીર અસર કરે તેવી દ્રષ્ટિ હીનતાનો સામનો કરવો પડી રહ્યો છે.સ્માર્ટ ફોન, લેપટોપ અને અન્ય હેન્ડહેલ્ડ ઉપકરણો બધા પ્રકાશ પ્રસારિત કરે છે. જો કે, ખાસ કરીને વાદળી પ્રકાશ તમારી આંખો માટે જોખમી હોઈ શકે છે. યુનિવર્સિટી ઓફ ટોલેડોના વૈજ્ઞાનિકોએ શોધી કાઢ્યું છે કે કેવી રીતે તમારી ટેક્નોલોજીમાંથી ન

તંત્રી લેખ...-

મંગળવાર, તા.૨૫ જૂન ૨૦૨૪

પરિયોજનાઓમાં ભ્રષ્ટાચાર

વિકાસ પરિયોજનાઓમાં ભ્રષ્ટાચાર અને વિલંબ બંને અક્ષમ્ય છે. બિહારમાં ક અઠવાડિયાથી ઓછા સમયમાં ત્રણ નિર્માણાધીન પુલ ધસી પડ્યા છે, થોડા જ મહિનામાં ત્યાં સાત પુલ તૂટી ગયા છે. આ દર્શાવે છે કે નિર્માણમાં ઉતરતી કક્ષાની સામગ્રીનો ઉપયોગ થયો અને જવાબદાર લોકો આંખો મીચી રહ્યા. બિહારના પૂર્વ ચંપારણ જિલ્લામાં રવિવારે એક નિર્માણાધીન નાનો પુલ તૂટી પડ્યો, જે રાજ્યમાં એક અઠવાડિયાથી ઓછા સમયમાં ત્રીજી એવી ઘટના છે. એના પહેલાં મંગળવારે અરરિયા જિલ્લામાં લગભગ ૧૮૦ મીટર લાંબો નવનિર્મિત પુલ ધસી પડ્યો હતો. કમાલ છે કે કરોડોના એસ્ટીમેટથી પુલ નિર્માણનાં કામ થાય છે, ત્યારબાદ પણ જો પુલ તૂડી પડે તો પ્રક્રિયામાં ભ્રષ્ટાચારની ગંધ આવે છે. ક્યારેક કોઈ પુલનું તૂટવું દુર્ઘટના હોઇ શકે છે, પરંતુ નિર્માણ દરમ્યાન જ કે નિર્માણના તરત બાદ પુલ તૂટી જવો ભ્રષ્ટાચારનો જ સંકેત કરે છે. બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર કદાચ કડક પ્રશાસન આપવામાં નિષ્ફળ સાબિત થઈ રહ્યા છે, તેમની સરકારમાં સતત પુલોનું આ રીતે તૂટી પડવું, તેમના નાક નીચે ચાલી રહેલા ભ્રષ્ટાચારની ચાડી ખાય છે.

બિહાર સરકારે પુલ સહિત તમામ વિકાસ કાર્યોની ગહન સમીક્ષા કરવી જોઇએ, નિર્માણની ગુણવત્તા માટે ઉચ્ચ સ્તરના પેરામીટર બનાવવા જોઇએ, ભ્રષ્ટાચારમાં લિપ્ત દોષીઓ વિરુદ્ધ સજા સુનિશ્ચિત કરવી જોઇએ. આ રીતે પુલ ધસતા રહ્યા તો નીતિશ સરકારની છબિ ભ્રષ્ટ સરકારની બની જશે. ખાસ વાત એ છે કે બિહારમાં કેન્દ્ર સરકારની પણ કેટલીય મોટી પરિયોજનાઓ ચાલી રહી છે, જો સ્થાનિક સ્તરે તેમાં પણ ભ્રષ્ટાચાર થશે તો તેનાથી સરકારી રાજસ્વનું નુક્સાન તો થશે જ, સાથે જ સડક, પુલ જેવી જાહેર ઉપયોગ કરનારા લોકોને જાનમાલનું નુક્સાન પણ થશે. સડક પુલ જેવા વિકાસ કાર્યોમાં દેશભરમાં ભ્રષ્ટાચાર વ્યાપ્ત છે. આ એક ગંભીર બાબત છે, તેને સરકારે, નિર્માણ કરાવનારી સરકારી એજન્સીઓએ ગંભીરતાથી લેવી જોઇએ. એવા જ બુનિયાદી માળખા ક્ષેત્રની ૧૫૦ કરોડ રૂપિયા કે તેનાથી વધુના ખર્ચવાળી ૪૫૮ પરિયોજનાઓનો ખર્ચ આ વર્ષે મે સુધી નક્કી અનુમાનથી ૫.૭૧ લાખ કરોડ રૂપિયાથી વધી ગઈ છે. એક રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે વિલંબ અને અન્ય કારણોસર આ પરિયોજનાઓમાં ખર્ચ વધ્યો છે. મંત્રાલયના રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે આ પ્રકારની ૧૮૧૭ પરિયોજનાઓમાંથી ૪૫૮નો ખર્ચ વધી ગયો છે, જ્યારે ૮૩૧ અન્ય પરિયોજનાઓ વિલંબથી ચાલી રહી છે. વિલંબને કારણે પરિયોજનાઓનો ખર્ચ ૨૦.૭૦ ટકાનો એટલે કે આશરે ૫૭૧૦૮૦ કરોડ રૂપિયા વધી ગયો છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે વિલંબથી ચાલી રહેલી ૮૩૧ પરિયોજનાઓમાંથી ૨૪૫ પરિયોજનાઓ એક મહિનાથી ૧૨ મહિના, ૧૮૮ પરિયોજનાઓ ૧૩ થી ૨૪ મહિલનાની, ૨૭૧ પરિયોજનાઓ ૨૫ થી ૬૦ મહિના અને ૧૨૭ પરિયોજનાઓ ૬૦ મહિનાથી વધુ વિલંબથી ચાલી રહી છે. આ ૮૩૧ પરિયોજનાઓમાં વિલંબની સરેરાશ ૩૫.૧ મહિનો છે! વિકાસ પરિયોજનાઓ સમયસર પૂરી થાય તે જરૂરી છે, તેનાથઈ ખર્ચ વધવા રૂપે સરકાર પર વધારાનો બોજ નહીં વધે. પરિયોજનાઓમાં વિલંબ પાછળ પણ ભ્રષ્ટાચાર એક કારણ છે. વિકાસ પરિયોજનાઓમાં ભ્રષ્ટાચાર વિરુદ્ધ કઠોર નિયમ બનાવવા અને લાગુ કરવા પડશે.

બિહાર સરકારે પુલ સહિત તમામ વિકાસ કાર્યોની ગહન સમીક્ષા કરવી જોઇએ, નિર્માણની ગુણવત્તા માટે ઉચ્ચ સ્તરના પેરામીટર બનાવવા જોઇએ, ભ્રષ્ટાચારમાં લિપ્ત દોષીઓ વિરુદ્ધ સજા સુનિશ્ચિત કરવી જોઇએ.

મહત્ત્વના આર્થિક નિર્ણય

કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારમણે જીએસટી કાઉન્સિલની ૫૩મી બેઠક દરમ્યાન કેટલીક મહત્ત્વની ઘોષણાઓ કરી છે, જેનાથી લોકોને મોટી રાહત મળવાની આશા છે. આ કાઉન્સિલની અધ્યક્ષતા કેન્દ્રીય નાણાંમંત્રી દ્વારા કરવામાં આવે છે તથા તેમાં તમામ રાજ્યોના નાણાંમંત્રી સભ્ય હોય છે. ટેકનિકના ઉપયોગ અને સરળ પ્રક્રિયાથી જીએસટી સંગ્રહમાં ઉલ્લેખનીય વૃદ્ધિ થઈ છે, પણ બનાવટી દાવા કરીને ઇનપુટ ટેક્સની ચોરી પણ કરવામાં આવે છે. તેને રોકવાના આધાર સંખ્યા આધારિત બાયોમેટ્રિક સત્યાપનની પ્રક્રિયા અપનાવવામાં આવશે. કોઈપણ ધાતુથી નિર્મિત દૂધના વાસણો પર હવે ૧૨ ટકાનો એક જ દર લાગુ થશે. પ્લેટફોર્મ ટિકિટોને જીએસટીથી મુક્ત કરી દેવામાં આવી છે. સામાનોના પેકિંગ માટે ઉપયોગમાં આવતા કાર્ટન પર લાગતા ટેક્સને ૧૮ ટકાથી ઘટાડીને ૧૨ ટકા કરી દેવામાં આવ્યો છે.આપણા દેશની શૈક્ષણિક સંસ્થાઓમાં યોગ્ય માત્રામાં આવાસીય સુવિધાઓ નથી. આ કારણે મોટી સંખ્યામાં છાત્રોએ સંસ્થાની બહાર ભાડે રહેવું પડે છે. એવા આવાસ પર પ્રતિ વ્યક્તિ ૨૦ હજાર રૂપિયા સુધીની કર છૂટ આપવામાં આવી છે. તેનો સીધો મતલબ છે કે એક પ્રકારે તેને કરમુક્ત કરી દેવામાં આવ્યા છે. જે કેસોમાં ગરબડની ફરિયાદ નથી, તેમને વ્યાજ અને અર્થદંડના દાયરાથી હટાવી દેવામાં આવ્યા છે. નાના કરદાતાઓ માટે જીએસટીઆર ફોર્મ-૪ ભરવાની અંતિમ તારીખ ૩૦ એપ્રિલથી વધઆરીને ૩૦ જૂન કરી દેવામાં આવી છે. આ ઉપાયોથી વ્યવસાયિકો અને ગ્રાહકોને નિશ્ચિતપણે લાભ થશે અને ફુગાવો ઘટાડવામાં મદદ મળશે, જે લાંબા સમયથી સરકાર અને રિઝર્વ બેંકની પ્રાથમિકતા છે. કેન્દ્ર સરકાર પહેલેથી જ કહેતી આવી છે કે પેટ્રોલ અને ડિઝલ જીએસટીના દાયરામાં આવવા જોઇએ.

આ બેઠકમાં પણ સીતારમણે સરકારની ઇચ્છા કાઉન્સિલ સમક્ષ મૂકી. આ પદાર્થો પર કેન્દ્ર સરકાર પણ ટેક્સ લગાવે છે અને રાજ્ય સરકારો પણ. આ મુખ્ય ઇંધણ છે, તો સરકારોને મોટી માત્રામાં રાજસ્વ પણ મળે છે. જીએસટી અંતર્ગત પેટ્રોલ અને ડીઝલને લાવવા માટે એક ટેક્સ અને તેનાથી આવનારા રાજસ્વના યોગ્ય વિતરણ પર તમામ રાજ્યોની સહમતિ આવશ્યક છે. એવું માનવામાં આવે છે કે સહમતિ બનાવવા માટે આગામી દિવસોમાં કેન્દ્ર પોતાના પ્રયાસ તેજ કરી શકે છે. નાણાં મંત્રીએ પોતાના સંબોધનમાં એ પણ રેખાંકિત કર્યું કે કેન્દ્ર સરકાર સમયસર ટેક્સનું વિતરણ સુનિશ્ચિત કરવા તથા રાજ્યોને લોન ઉપલબ્ધ કરાવવા માટે પ્રતિબદ્ધ છે. જોકે મોટાભાગની લોનને રાજ્ય પોતાની ઇચ્છાથી ખર્ચ કરવા માટે સ્વતંત્ર હોય છે, પરંતુ તેનો એક હિસ્સો વિશેષ પ્રયોજનો માટે નિર્ધારિત હોય છે. રાજ્યોએ શરતોને સ્વીકાર કરીને એવી લોન લેવી જોઇએ.

કરદાતાઓ માટે જીએસટીઆર ફોર્મ-૪ ભરવાની અંતિમ તારીખ ૩૦ એપ્રિલથી વધઆરીને ૩૦ જૂન કરી દેવામાં આવી છે.

સરકારો બદલાતી ગઈ પંણ, મેળ પડતો નહતો

જીએસટીમાં ક્રોસ એમ્પાવર્મેન્ટનું જાહેરનામું ક્યારે?

ભારતીય બંધારણના શેડયૂલ ૭ મા, રાજ્ય અને કેન્દ્રની યાદીના આધારે વસ્તુનો અને સેવાનો કરેલ સપ્લાય અથવા સપ્લાય મળ્યો એટલે ખરીદ કે વેચાણ પર, રાજ્ય અને કેંદ્ર સરકારને, જુદા જુદા સ્તરે વસ્તુ અને સેવા પર પરોક્ષ વેરા વસૂલ કરવાની સત્તાઓ હતી. દાખલા તરીકે, વસ્તુના ઉત્પાદન અને વસ્તુના આયાત સુધી, પરોક્ષ વેરા વસુલવાની સત્તા, ફક્ત કેન્દ્ર સરકારનેજ હતી. ત્યાર બાદ, વસ્તુના વેચાણ થી વસ્તુના ઉપભોગ સુધી, પરોક્ષ વેરા વસુલવાની સત્તા, ફક્ત રાજ્ય સરકારનેજ હતી. સેવા પર વેરા વસુલવાની સત્તા, ફક્ત, કેન્દ્ર સરકારનેજ હતી. આંતરરાજ્ય વસ્તુના વેચાણ પર કેન્દ્રીય વેચાણ વેરો (ઝજી?) લગાડવાની સત્તા ફક્ત કેન્દ્ર સરકારનેજ હતી. અનેક વર્ષો સુધી જીએસટી વેરાનો અમલ કરવાની કવાયત સરકાર દ્વારા ચાલતી હતી. પણ બંધારણમાં ફેરફાર કર્યા વગર શક્ય ન હતું.

સરકારો બદલાતી ગઈ પંણ, મેળ પડતો નહતો. અંતે એક સાથે કેન્દ્ર અને રાજ્ય બન્ને સરકાર, પરોક્ષ વેરો વસૂલવા સંમત થયા. આવશ્યકતા આધારે, બંધારણના કલમોમાં સુધારા બાદ, તારીખ ૧ જુલાઈ ૨૦૧૭ થી, જીએસટી વેરાનો અમલ થયો. વસ્તુ અને સેવા પરની, પરોક્ષ વેરો વસૂલવા માટેની, રાજ્ય અને કેન્દ્રની સત્તાનું સંતુલન જાળવતા, જીએસટીના બે પ્રકાર થયા, એક, રાજ્યનો જીએસટી વેરો, એટલે, (જીજ્જી?) એસ જીએસટી અને કેન્દ્રનો જીએસટી એટલે (ઝજ્જી?) સી જીએસટી.

લગભગ ૭ વર્ષ પૂર્વે, ૧૭ પરોક્ષ વેરાઓ ભેગા કરી, "એક દેશ એક વેરો", જીએસટી વેરો, ૧ લી જુલાઈ ૨૦૧૭ ના રોજથી અમલી થયો. જીએસટી વેરાની પરિપક્વતા માટે, ૭ વર્ષ બાદ પણ, રાહ જોવાઈ રહી છે. ૫૦ કરતાં પણ વધુ વખત, જીએસટી કોઉન્સિલની મિટિંગો મળી, પણ જીએસટી પહેલા જે વસ્તુ અને સેવા પરના પરોક્ષ વેરાઓ જુદા જુદા હતા, તેના કાયદાઓ જુદા હતા, અધિકાર ક્ષેત્ર જુદા હતા, એટલે સમન્વય ની જરૂર નહતી. જીએસટી વેરાના આવક રાજ્ય અને કેન્દ્ર બન્ને સરખા ભાગે વેહેચે છે, પણ અધિકાર ક્ષેત્ર અને સત્તાની સ્પષ્ટ વેહેચણી નથી થઈ શકી. જીએસટી ના અમલ પહેલા તારીખ, ૧૬ જનેવારી ૨૦૧૭ ના રોજ, જીએસટી કાઉન્સિલની ૯ મી મિટિંગ ક્રોસ એમપોએમેન્ટ બાબતે ચર્ચા બાદ, નીચે પ્રમાણે નિર્ણયો લેવાયા.

૧. વહીવટી વ્યવસ્થાના ભાગરૂપે ઝજ્જી અને જીજ્જી વેરો વસૂલવા વહીવટી સુગમતા માટે કર દાતાઓને ઝજ્જી અને જીજ્જી માં વેહેચવામાં આવે.

૨. કરદાતાને, ઝજ્જી અને જીજ્જી માં વેહેચવામાં ટર્નઓવરનો આધાર લેવામાં આવેલ છે. વાર્ષિક ૧.૫ કરોડથી ઓછો ટર્નઓવર ધરાવતા ૯૦% કરદાતા જીજ્જી રાજ્ય સરકાર વહીવટ માં અને બાકીના ૧૦% કરદાતા ઝજ્જી ના કેન્દ્ર વહીવટી વ્યવસ્થામાં.

૩. ૧.૫ કરોડથી વધુ ટર્નઓવર ધરાવતા ૫૦% કરદાતા ઝજ્જી કેન્દ્ર સરકારના વહીવટ માં અને બાકીના ૫૦% જીજ્જી રાજ્ય સરકાર ના વહીવટી વ્યવસ્થામાં રહેશે.

૪. રાજ્ય કક્ષાએ, સ્ટ્રેટિફાઇડ રેન્ડમ સેમ્પલીંગથી કોમ્પુટર દ્વારા કરદાતાઓને ઝજ્જી અને જીજ્જી માં વેહેચવામાં આવશે. ભૌગોલિક સુવિધા મુજબ અને એક બીજાના સમજણથી રાજ્ય અને કેન્દ્ર ના સમન્વય સંમતિ થી કારદાતાનું ઝજ્જી અને જીજ્જી વહીવટ માં વેહેચવામાં આવશે.૫. નવો વેપારી જીએસટી માં નોંધણી માટે આવશે ત્યારે, ઝજ્જી અને જીજ્જી માં એક પછી એક ફાળવામાં આવશે. એક વર્ષ બાદ નોંધાયેલ કરદાતા ના ૧.૫ કરોડથી વધુ કે ઓછાં ટર્નઓવરના આધારે કરદાતાને ઝજ્જી અને જીજ્જી માં ફાળવામાં આવશે.અત્યાર સુધી જાહેરનામું અસ્તિત્વમાં આવેલ નથી, તેથી કેન્દ્રે સરકાર નો અધિકારી કોઈ કરદાતાને દંડ કે વ્યાજ સંદર્ભે નોટિસ આપે અથવા ઇન્વેસ્ટિગેશન કરતાં નોટિસ મોકલે, ત્યારે કરદાતા કોર્ટમાં દાવો કરી જીએસટી વિભાગે મોકલેલ નોટિસો તેમના કાર્યક્ષેત્રનિ બાહર છે. કોર્ટ કરદાતાની તરફેણ ચુકાદો આપે. આવા અનેક દાવાઓ જુદી જુદી કોર્ટોમાં ચાલી રહેલ છે. ક્રોસ એમ્પાવર્મેન્ટ જાહેર થયા બાદ આવા કેસીસ બંધ થશે.

કરદાતા ક્રોસ એમ્પાવર્મેન્ટ માં ફાળવેલ, જેને જીએસટી કાયદા અંતર્ગત બે માંથી, ફક્ત, એકજ અધિકારી સાથે ડીલીંગ કરાશે, તેવું તારીખ ૨૦-૯-૧૭ ના એક સરકયુંલર ઇસ્યુ કરવામાં આવ્યું, થોડા સમય બાદ ક્રોસ એમ્પાવર્મેન્ટ બાબતે જાહેરનામું ઇશું કારાશે, જીએસટી કાઉસીલની ૨૨ મી મિટિંગ ૬-૧૦-૨૦૧૭ ના રોજ ક્રોસ એમ્પાવર્મેન્ટ ની ચર્ચા થઈ નીચે મુજબ મંજૂર કરેલ.

કેન્દ્ર અને રાજ્ય સરકારો જાહેરનામા બાહર પાડી, ઝજ્જી અને જીજ્જી ના અધિકારીઓ ને, ક્રોસ એમ્પાવર્મેન્ટ માટે અધિકૃત કરી આપશે. જેમાં, રાજ્ય અને કેંદ્ર સરકાર ના અધિકારી રિફંડ મજૂર કરે અથવા રિફંડ ઓર્ડર પાસ કરશે.જીએસટી કાયદાની કલમ ૬(૨)(ઞ) કેન્દ્ર અને રાજ્ય સરકારના અધિકારોને સૂચિત વહીવટી સત્તા આપે છે. કેન્દ્રનો યોગ્ય અધિકારી જીએસટી કાયદા હેઠળ આદેશ આપે તેજ આદેશ રાજ્ય જીએસટી હેઠળ પણ આપશે. રાજ્યના યોગ્ય અધિકારીએ પ્રક્રિયા શરૂ કરી હોય તો તેજ વિષય બાબતે અન્ય યોગ્ય અધિકારીએ પ્રક્રીયા નહિ શરૂ કરે.જીએસટી કાયદાની કલમોમાં અને નીયમોમાં સુધારાઓ, ફેરફારો થતાં રહ્યા, છતાં, જીએસટી કાયદો પરિપૂર્ણ પરિપક્વ થયો નથી. દર મિટિંગમાં જીએસટી કોઉન્સિલ, સુધારા, ફેરફારની ભલામણો કરે છે અને એજ ભલામણોને લોકસભા સ્વીકારે છે તે, કાયદાનો સ્વરૂપ લે છે. આજ ક્રમ ચાલતો આવેલ છે. છતાં આખા દેશમાં ક્રોસ એમ્પાવર્મેન્ટ સળગતો મુદ્દો છે. ઝજ્જી અને જીજ્જી ના અધિકારીઓ દ્વારા કરદાતાઓને આપેલ નોટિસો કોર્ટોમાં કરદાતા પડકારે છે. નોટિસ અધિકૃત ક્ષેત્રની બાહર છે તેવું કહીને કરદાતા છૂટી જાય છે કારણ ક્રોસ એમ્પાવર્મેન્ટ માટે નું જાહેરનામું સરકારે બાહર પાડેલ નથી જેની રાહ જોવાય છે.

૭ જુલાઇએ તેમની પાસે એક ફોન આવ્યો અને તેમને રાતોરાત વટહૂકમનું માળખું તૈયાર કરવાનું કહેવાયું.

કટોકટીનું કલંક : જ્યારે કોંગ્રેસે લોકતંત્રની હત્યા કરી હતી

૨૧ મહિનાના એ કલંકિત કાળખંડમાં નિરંકુશ શાસને પ્રત્યક્ષ રૂપે જે કર્યું, તેના ના તો ભૂલી શકાય કે ના ભૂલવું જોઇએ

અત્યારે લોકતંત્ર અને બંધારણની દુહાઈ આપતી કોંગ્રેસે પચાસ વર્ષ પહેલાં આજના જ દિવસે લોકતંત્રની હત્યા કરી હતી. બંધારણનું ગળું ઘોંટી દીધું હતું. કટોકટી એક એવો દોર હતો જ્યારે શાસનનો અહંકાર જનમાનસ પર કહેર બનીને તૂટ્યો હતો. એ યાતનાઓ વિશે વિચારીને આજે પણ ધ્રુજારી વછૂટી જાય. ૨૧ મહિનાના એ કલંકિત કાળખંડમાં નિરંકુશ શાસને પ્રત્યક્ષ રૂપે જે કર્યું, તેના ના તો ભૂલી શકાય કે ના ભૂલવું જોઇએ. એ દોરનો ઝરૂખો ખોલનારા કેટલાક પ્રશ્નો, કેટલાક સ્મૃતિઓના સૂત્ર પણ છે. શું તમે ન્યાયમૂર્તિ એ.એન. રે વિશે જાણો છો? ન્યાયમૂર્તિ બેગ વિશે જાણો છો? અડનીર ટ્રસ્ટ કેસ શું હતો? ૧૪ બેંકોનું રાષ્ટ્રીયકરણ કેવી રીતે કરવામાં આવ્યું? કે દેશી રાજાઓનાં સાલિયાણાં કેવી રીતે બંધ કરી દીધાં? આ બધા સૂત્રો ઘટનાક્રમ રૂપે પરસ્પર કેવી રીતે જોડાયેલા હતા? જો તમે આની ખબર ન હોય તો તમે સંભવતઃ એ વાતે પણ અજાણ હશો કે તમારી સ્વતંત્રતા કેટલી કિંમતી છે. એના પર કયા લોકોની નજર છે? કયા લોકો એના પર કુઠારાઘાત કર્યો અને તેને બચાવવાની લડાઈ કોણે લડી?પહેલાં કટોકટીની વાત કરીએ. કટોકટી ભલે ૨૫ જૂન, ૧૯૭૫ના રોજ લાદવામાં આવી હોય, પરંતુ તેની તૈયારી પહેલેથી જ હતી. તેની પાછળ કારણ હતું પારિવારિક રાજનીતિ, જે દંભ પેદા કરે છે, કારણ કે ઇન્દિરા ગાંધીએ પોતાના પિતા જવાહરલાલ નેહરુને શાસન કરતાં જોયા હતા અને તેમને લાગતું હતું કે શાસન આવી રીતે જ કરાય. એ દંભ, પ્રતિબદ્ધ તંત્ર અને તાનાશાહી પ્રવૃત્તિ, આ ત્રણેયે કટોકટીનો પાયો નાખ્યો.૧૯૭૧ની લોકસભા ચૂંટણીમાં ઇન્દિરા ગાંધી ૩૫૨ સીટો જીતીને સત્તામાં આવ્યાં હતાં. પરંતુ તેમના મનમાં સર્વોચ્ચ ન્યાયાલયને 'ઠેકાણે' પાડવાનો પ્રબળ સંકલ્પ હિલોળા લેતો હતો, કારણ કે તે તેમની તાનાશાહીમાં સતત અવરોધક બનતી હતી. ૧૧ જાન્યુઆરી, ૧૯૬૬ના રોજ લાલબહાદુર શાસ્ત્રીના નિધનના એક અઠવાડિયા બાદ ઇન્દિરા વડાંપ્રધાન બન્યાં. ૧૯૬૭માં ગોલકનાથ વિરુદ્ધ પંજાબ રાજ્ય કેસમાં સર્વોચ્ચ અદાલતે ચુકાદો આપ્યો, જેમાં કહ્યું કે સંસદ કોઈપણ મૌલિક અધિકાર છીનવી કે તેમાં કપાત ન કરી શકે. નીતિ નિર્દેશક સિદ્ધાંતોના અમલ માટે મૌલિક અધિકારોમાં સંશોધન ન કરી શકાય. અસલમાં પંજાબના જાલંધરમાં હેનરી અને વિલિયમ ગોલકનાથ પરિવાર પાસે ૫૦૦ એકરથી વધુ ખેતીલાયક જમીન હતી, જેને 'વધારાની' ગણાવીને પંજાબ સુરક્ષા અને જમીન ટેનન્સી કાયદા-૧૯૫૩ હેઠળ સરકારે છીનવી લીધી.ઇન્દિરા ગાંધીને સર્વોચ્ચ અદાલતનો આ નિર્ણય ખટકી રહ્યો હતો. તેથી તેઓ જ્યારે બીજી વાર સત્તામાં આવ્યાં તો તેમણે ૨૪મું અને ૨૫મું બંધારણ સંશોધન કરી તેના પર પ્રતિક્રિયા આપી. ૨૪મા સંશોધનમાં તેમણે એ વ્યવસ્થા કરી કે સંસદ પાસે બંધારણ સંશોધન અધિનિયમો લાગુ કરીને કોઈપણ મૌલિક અધિકાર ઓછો કરવા કે છીનવવાની શક્તિ છે. આ જ રીતે ૨૫મા સંશોધનમાં તેમણે બંધારણમાં એક નવો અનુચ્છેદ ૩૧-સી ઉમેર્યો, જેનાથી લોકો માટે સંપત્તિની ખરીદીને નિયંત્રિત કરનારા કાયદાઓને પડકારવા અસંભવ થઈ ગયું. સાથે જ 'વળતર' શબ્દની 'પર્યાપ્ત વળતર' રૂપે ન્યાયિક વ્યાખ્યાને જોતાં તેને 'રકમ' કરી દેવામાં આવ્યો. આ પહેલાં ઇન્દિરા સરકારે ૧૯ જુલાઈ ૧૯૬૯ના રોજ 'બેંકિંગ કંપનીઝ ઓર્ડેનન્સ' નામે એક વટહૂકમ બહાર પાડીને દેશની ૧૪ મોટી ખાનગી બેંકોનું રાષ્ટ્રીયકરણ કરી દીધું હતું. આ વટહૂકમનું માળખું ૨૪ કલાકમાં તૈયાર કરી દેવાયું હતું. એ સમયે બેંકિંગ ડિવિઝનનો પ્રભાર ડી.એન. ઘોષ પાસે હતો. ૧૭ જુલાઇએ તેમની પાસે એક ફોન આવ્યો અને તેમને રાતોરાત વટહૂકમનું માળખું તૈયાર કરવાનું કહેવાયું. બે દિવસ બાદ એટલે કે ૧૯ જુલાઈએ રાત્રે ૮.૩૦ વાગ્યે ઇન્દિરા ગાંધીએ આકાશવાણી પર બેંકોના રાષ્ટ્રીયકરણની જાહેરાત કરી હતી. બાદમાં એ જ નામે વિધેયક પસાર કરી કાયદો બનાવી દેવામાં આવ્યો.એ જ રીતે ૧૯૭૧માં ઇન્દિરા ગાંધીએ દેશી રાજાઓને મળતાં સાલિયાણાં ખતમ કરી દીધાં. સાલિયાણાં ભારતનાં પૂર્વ રજવાડાંના શાસક પરિવારોને અપાતી એક રકમ હતી, જે ભારતની સ્વતંત્રતા બાદ ૧૯૪૭માં પહેલી વાર ભારત સાથે એકીકૃત થવા અને પછી ૧૯૪૯માં પોતાનાં રાજ્યોના ભારતમાં વિલયની તેમની સમજૂતીના ભાગરૂપે અપાતાં હતાં.આ ત્રણ એવા મુદ્દા હતા જ્યાં સરકારનો મત અને સર્વોચ્ચ અદાલતનો મત મેળ નહોતો ખાતો. સર્વોચ્ચ અદાલતે આ ત્રણેય મામલે સરકારના પગલાને ગેરબંધારણીય ગણાવી ફગાવી દીધા, જેનાથી ઇન્દિરા સરકાર ક્રોધિત થઈ. તેથી બહુમતીનો ઉપયોગ કરીને તેમણે સર્વોચ્ચ અદાલતના ત્રણેય ચુકાદા ફેરવી નાખ્યા અને સાર્વજનિક રીતે કહ્યાગરી ન્યાયપાલિકા અને નોકરશાહીને પોતાની સર્વોચ્ચ પ્રાથમિકતા જાહેર કરી.એ જ રીતે કેશવાનંદ ભારતી કેસમાં ૬૮ દિવસની ચર્ચા બાદ ૨૪ એપ્રિલ, ૧૯૭૩ના રોજ સર્વોચ્ચ અદાલતનો ચુકાદો ભારતના લોકતંત્રનો આધારસ્તંભ તો બન્યો જ, તેણે ઇન્દિરા ગાંધી દ્વારા ન્યાયપાલિકાને ડરાવવા, તેને નિયંત્રિત કરવા અને કબ્જો કરવાની દાનત પણ ઉઘાડી પાડી. આ કેસ અડનીર ન્યાસની જમીનના અધિગ્રહણનો હતો. બાબા કેશવાનંદ ભારતી કેરળના કાસરગોડ સ્થિત અડનીર મઠના વડા હતા. કેરળ સરકારે મઠની ૪૦૦ એકરમાંથી ૩૦૦ એકર જમીન અધિગ્રહિત કરી પટ્ટેદારોને ખેતી માટે આપી દીધી, જેને કેશવાનંદે સુપ્રીમ કોર્ટમાં પડકારી હતી. ઇન્દિરા ગાંધીએ પૂરતું જોર લગાવ્યું, પણ તેઓ ફાવ્યાં નહીં. દેશના ન્યાયિક ઇતિહાસમાં પહેલી વાર ૧૩ ન્યાયાધીશોની પીઠે ૭-૬ની બહુમતીથી નિર્ણય આપ્યો. તેમાં બંધારણના આધારભૂત સિદ્ધાંતને પ્રતિપાદિત કરવામાં આવ્યો, જે માને છે કે બંધારણની કેટલીક મૌલિક વિશેષતાઓ જેમ કે - લોકતંત્ર, પંથનિરપેક્ષતા, સંઘવાદ અને કાયદાના શાસનને સંસદ દ્વારા સંશોધિત ન કરી શકાય. સુપ્રીમે એ પણ માન્યું કે ન્યાયિક સમીક્ષાની શક્તિ બંધારણના મૂળ માળખાનું એક અભિન્ન અંગ છે અને તેને સંસદ દ્વારા બંધારણીય સંશોધનોના માધ્યમથી છીનવી ન શકાય. તેની સાથે જ ન્યાયાલયે બંધારણની સર્વોચ્ચતા, કાયદાનું શાસન, ન્યાયાલયની અખંડ સ્વતંત્રતા, સંસદીય વ્યવસ્થા, નિષ્પક્ષ ચૂંટણી, ગણતાંત્રિક માળખું, સંપ્રભુતા અને આધારભૂત માળખાને પરિભાષિત કર્યું અને તેમાં કોઈપણ પ્રકારના સંશોધન પર રોક લગાવી દીધી.અહીં મહત્ત્વની વાત એ છે કે ૧૩ ન્યાયાધીશોની પીઠમાં ૭ ન્યાયાધીશ ચુકાદાના પક્ષમાં હતા. આ ચુકાદાથી નારાજ ઇન્દિરા સરકારે શું કર્યું? બીજા જ દિવસે એટલે કે ૨૫ એપ્રિલે વડાપ્રધાન કાર્યાલયથી ન્યાયમૂર્તિ એ.એન. રેને ફોન કરાયો. તેમને પૂછવામાં આવ્યું કે શું તેમને ભારતના નવા મુખ્ય ન્યાયાધીશ (સીજેઆઇ)નું પદ સ્વીકાર્ય છે? તેમને વિચારવાનો સમય પણ ન અપાયો. તમને બે કલાકમાં જવાબ આપવાનું કહેવાયું અને બીજા જ દિવસે ૨૬ એપ્રિલ, ૧૯૭૩ના રોજ તેમને ભારતના મુખ્ય ન્યાયાધીશ બનાવી દેવાયા. સરકારે ત્રણ વરિષ્ઠ ન્યાયાધીશો ન્યાયમૂર્તિ શેલોટ, ન્યાયમૂર્તિ ગ્રોવર અને ન્યાયમૂર્તિ હેગડેને પડતા મૂકીને આ નિર્ણય કરવામાં આવ્યો. આ ત્રણેય એ ૭ ન્યાયાધીશોમાં સામેલ હતા, જેમણે કહ્યું હતું કે સરકાર બંધારણથી ઉપર નથી. મતલબ સ્પષ્ટ છે કે ન્યાયમૂર્તિ રેને સરકારના પક્ષમાં ઊભા રહેવાનું ઇનામ મળ્યું. શપથ ગ્રહણના બે દિવસ બાદ ન્યાયમૂર્તિ રેએ નવેસરથી ૧૩ ન્યાયાધીશોની પીઠ રચીને 'માસ્ટર ઓફ રોસ્ટર'નો દુરુપયોગ કર્યો.

જ્યારે કોઈ ન્યાયપાલિકામાં હસ્તક્ષેપની વાત કરે છે, તો એ નથી જોતા કે ન્યાયમૂર્તિ રેએ ભારતના નવા મુખ્ય ન્યાયાધીશ રૂપે કાર્યભાર સંભાળતાં જ અચાનક કેશવાનંદ ભારતી કેસની સમીક્ષા માટે ૧૩ ન્યાયાધીશોની પીઠ

જીએસટી આવ્યા પછી રાજ્યો પાસે આવકના જીએસટી સિવાય મોટા કોઈ સ્ત્રોત રહ્યા નથી.

રાજ્યો પેટ્રોલ-ડીઝલ પર જીએસટી માટે કદી તૈયાર ના થાય

કેન્દ્ર સરકાર એવું કરે તો પણ પેટ્રોલ-ડીઝલના ભાવમાં લિટરે ઓછામાં ઓછો ૧૦ રૂપિયાનો ઘટાડો તો થઈ જ જાય.

ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) કાઉન્સિલની બેઠકમાં કેન્દ્ર સરકારે પેટ્રોલ અને ડીઝલને જીએસટીના દાયરામાં લાવવાની તૈયારી બતાવી એ સાથે જ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ઘટાડો થઈ જશે એવી અટકળો પાછી શરૂ થઈ ગઈ છે. શનિવાર ને ૨૨ જૂને નાણામંત્રી નિર્મલા સીતારમણે જીએસટી કાઉન્સિલની બેઠકમાં કહી દીધું કે, કેન્દ્ર સરકાર પેટ્રોલ અને ડીઝલને જીએસટીના દાયરામાં લાવવા માટે તૈયાર છે અને હવે આ અંગે રાજ્યોએ નિર્ણય લેવાનો છે. રાજ્યો સાથે મળીને પેટ્રોલ અને ડીઝલ પર કેટલો ટેક્સ લાદવો એ નક્કી કરી શકે છે. નિર્મલાના નિવેદનના કારણે એવી વાતો વહેતી થઈ ગઈ છે કે, કેન્દ્ર સરકાર પેટ્રોલ અને ડીઝલને જીએસટીના દાયરામાં લાવવા વિચારી રહી છે તેથી પેટ્રોલ અને ડીઝલ ૨૦ રૂપિયા પ્રતિ લિટર સુધી સસ્તું થઈ શકે છે. અત્યારે દિલ્હીમાં પેટ્રોલનો ૯૪.૭૨ રૂપિયા પ્રતિ લિટર છે પણ પેટ્રોલને જીએસટીના દાયરામાં લાવી દેવાય તો લિટરના ૭૫ રૂપિયા પ્રતિ લિટર થઈ જાય. ગુજરાત અને મહારાષ્ટ્રમાં પણ પેટ્રોલના ભાવ લગભગ ૯૫-૧૦૦ રૂપિયા લિટરના છે તેથી આપણે ત્યાં પણ ૯૫થી ૧૦૦ રૂપિયાની વચ્ચે ભાવ આવી જાય. અત્યારે એક લિટર પેટ્રોલ પર લગભગ ૩૬ રૂપિયા ટેક્સ કેન્દ્ર અને રાજ્ય સરકાર પાસે જાય છે. પેટ્રોલની પડતર કિંમત તો લગભગ ૬૦ રૂપિયાની આસપાસ છે ને તેમાં ટ્રાન્સપોર્ટેશન ને સરકાર દ્વારા ડીલરોને અપાતું કમિશ

લારા દત્તા એક સાથે વધારે પ્રોજેક્ટમાં વ્યસ્ત

‘હવે ભારતીય ફિલ્મો અને ઓટીટી પર મહિલાઓ મહિલાઓ માટે લખી રહી છે’

લારા દત્તા હાલ તેની કૅરિઅરના હાઇ પોઇન્ટ પર છે, તેણે નિતિશ તિવારીની ‘રામાયણ’નું શૂટિંગ પૂરું કરી લીધું છે

લારા દત્તા હાલ તેની કૅરિઅરના હાઇ પોઇન્ટ પર છે. તેણે નિતિશ તિવારીની ‘રામાયણ’નું શૂટિંગ પૂરું કરી લીધું છે, જેમાં તે કૈકેયીનું પાત્ર ભજવી રહી છે. સાથે જ તે ‘રણનીતિ: બાલાકોટ એન્ડ બીયોન્ડ’માં કામ કરી રહી છે, જેમાં તે એક પાવર બ્રોકરનો રોલ કરી રહી છે. તાજેતરના ઇન્ટર્વ્યુમાં લારાએ આજે કઈ રીતે મહિલાઓ માટેના રોલ લખાઈ રહ્યા છે, તે અંગે વાત કરી હતી. હવે મહિલાઓ વિશે શું બદલાયું છે, તે અંગે લારાએ જણાવ્યું, ‘‘મને લાગે છે કે અત્યારે ફિલ્મ બિઝનેસમાં વધારે સંખ્યામાં મહિલા લેખકો અને ડિરેક્ટર્સ પણ છે. ઘણી મહિલાઓ વિવિધ ડિપાર્ટમેન્ટની હેડ છે. તેથી મહિલાઓનું પ્રતિનિધિત્વ પહેલાં કરતાં સારું દેખાય છે. આપણી પાસે આજે સારી રીતે લખાયેલાં પાત્રો છે, કારણ કે મહિલાઓ મહિલાઓ માટે લખી રહી છે, આવું પહેલાં ક્યારેય નહોતું. હવે મજા આવે છે અને કામ કરવામાં વધુ રસ પડે છે. કામ કરવા માટેનો આ અદ્ભુત સમય છે.’’ આ પરિવર્તન માટે દર્શકો કેટલા જવાબદાર છે તે અંગે લારાએ કહ્યું, ‘‘જો તમે એક દૃષ્ટિએ જુઓ તો, લાંબા સમયથી મોટા ભાગનાં દર્શકો હંમેશા મહિલાઓ જ રહી છે. કમનસીબે, તેમને સ્ક્રીન પર તેમનું યોગ્ય પ્રતિનિધિત્વ ક્યારેય મળ્યું જ નથી, તે ખતરનાક સાસુ હશે, બલિદાન આપતી મા હશે અથવા તો એક એવી પત્ની હશે જે પતિની વિરુદ્ધ ક્યારેય જતી જ નથી. તેથી મહિલાઓ તેમની પોતાની જાત માટે બોલી શકે તેવી શક્યતાઓ મર્યાદીત હતી. તેઓ તેમની જાતને આવા રોલ માટે પડદા પર જોઈ શકતી નહોતી. મને લાગે છે કે આજે તેમાં મોટું પરિવર્તન આવ્યું છે. તે ઉપરાંત ઓટીટીમાં આવેલી ક્રાંતિના કારણે પણ ઓડિયન્સમાં મહિલઓનો હિસ્સો કેટલો છે, તે જાણી શકાય છે. તેથી મહિલાઓને શું જોવું છે તે હવે જાણી શકાય છે, તેથી તેના પરિણામ પડદા પર જ દેખાય છે.’’ હવે પડદા પરનાં સ્ત્રીપાત્રો કેટલાં બદલાયા છે, તે અંગે લારાએ જણાવ્યું, ‘‘મતલબ કે, આજે આપણે મહાત્વાકાંક્ષી મહિલાઓને દર્શાવવા માટે લડવું પડતું નથી, જે બેબાકપણે કોઈને છેતરી શકે છે, જે પ્રેમ પણ કરે છે, જે લગ્ન કરે અને તેને અફેર પણ હોઈ શકે છે. તેને ખબર છે કે તેને શું જોઈએ છે. મને લાગે છે કે આપણે હવે એ રૂઢિગત વિચારસરણી અને મહિલાઓનાં બીબાંઢાળ પાત્રોમાંથી પર ઉઠી ગયા છીએ. જો આજે તમે જુઓ તો આજે એવી અભિનેત્રીઓ પણ કામ કરી રહી છે, જે અમારાથી ઘણી સિનીયર છે અને જેમને લાંબા સમયથી કામ કરવા મળ્યું નથી. તેઓ ૪૦ કે ૫૦ની ઉમરે પહોંચતી ત્યાં તેમની કારકિદી ખતમ થઈ જતી હતી. અને જોરદાર વાત છે કે આજે હું ૫૦-૬૦ વર્ષની ઉંમરે પહોંચવાની રાહ જોઉં છું કારણ કે હું જોઉં છું કે એ ઉંમરે પણ મહત્વના પાત્ર ભજવી શકાય છે.’’ આ પરિવર્તનના શ્રેય કોને આપવો જોઈએ, એ અંગે લારા દત્તા કહે છે, ‘‘આ સાથે મળીને લાવેલું પરિવર્તન છે. મને હંમેશા એવું કહેવાયું છે કે જો એક મહિલા બીજી મહિલા માટે ખડી થશે, જો આપણે બીજી મહિલાઓને સાથે લઈને આગળ ચાલીશું, તો આપણે આપણા માટે હંમેશા વધુ તકો ઉભી કરી શકીશું.’’

આલિયાએ મેટ ગાલામાં સાડી જ કેમ પહેરી?

મેટ ગાલાના કોસ્ચ્યુમની થીમ માટે ફેશન અને એન્ટરટેઇન્મેન્ટ ઇન્ડસ્ટ્રીના લોકો આખું વર્ષ રાહ જોતાં હોય છે. તેમજ તેમાં આવેલાં સેલેબ્રિટઝ શું પહેરીને આવે છે, તેના પર વિશ્વભરમાં ચર્ચા થાય છે. આ વર્ષે મેટ ગાલામાં આલિયાએ પણ હાજરી આપી હતી અને તેણે સબ્યસાચી દ્વારા ડિઝાઈન કરેલી બારીક ફ્લોરલ એમ્બ્રોઈડરીવાળી સાડી પહેરી હતી. તાજેતરમાં જ એક ઇન્ટરવ્યૂમાં આલિયાએ કહ્યું કે આ ગ્રાન્ડ ઈવેન્ટમાં તેની પહેલી પસંદ સાડી કેમ હતી. આ ઇન્ટરવ્યૂમાં આલિયાએ કહ્યું, ‘‘હા, ઈરાદાપૂર્વક સાડી પહેરેલી.’’ આલિયાએ સમજાવ્યું કે, એ કપડાં એ ઈવેન્ટની થીમ સાથે પર્ફેક્ટ લાગતાં હતાં. આલિયાએ એવું પણ કહ્યું કે તે હંમેશા કલ્પના કરે છે કે તે મેટ, કોઈ એવોર્ડ સેરેમની કે પછી કોઈ ઇન્ટરવ્યૂમાં કેવી દેખાશે. આલિયાએ આગળ આ ઇન્ટરવ્યૂમાં એમ પણ કહ્યું હતું કે તે હંમેશા પોતાને કોઈ પણ કાર્યક્રમમાં હાજર રહેવાનું હોય તો એ પહેલાં પોતાનાં લૂકની બ્રીફ તૈયાર કરે છે, કારણ કે તેને દરેક બાબતને એક વાર્તાની જેમ જોવી બહુ ગમે છે. આલિયા મેટ ગાલાના અનુભવના બહુ મજાનો ગણાવતાં કહે છે કે આ થીમ મુજબના ડ્રેસ તૈયાર કરવામાં મહિનાઓની મહેનત લાગતી હોય છે. આલિયા જણાવે છે કે, તેને આ સાડી જોઈને તરત જ લાગ્યું કે જાણે ‘‘બુદ્ધિગમ્ય, અલૌકિક, પરીઓ જેવું, કાલાતીત’’ ની વાઈબ ઈવેન્ટની થીમ માટે પરફેક્ટ છે. આલિયાએ જણાવ્યું કે, પરિણામની ચિંતા કર્યા વિના આ જ વિકલ્પ તેને બહુ સહજ અને નૈસર્ગિક લાગ્યો. તો આલિયાએ અન્ય એક ઇન્ટરવ્યૂમાં એવી પણ વાત કરી હતી કે રાહાએ તેનો અને રણબીરનો સંબંધ વધુ મજબુત બનાવ્યો છે. સાથે તેણે રાહાની પ્રાણીઓ ઓળખીને તેમના અવાજની નકલ કરવાની આવડત વિશે પણ ખુશીથી વાત કરી હતી. આલિયાએ કહ્યું હતું, ‘‘આ બધું બહુ મજાનું છે કારણ કે હવે ધીરે ધીરે તેનું વ્યક્તિત્વ ઘડાઈ રહ્યું છે. હું અને રણબીર રાત્રે જ્યારે પણ નવરાશથી બેઠાં હોઈએ ત્યારે રાહા વિશે જ વાત કરતા રહીએ છીએ.’’ સાથે આલિયાએ બાળક સાથે પૅરેન્ટ્સ પણ નવું શીખે છે, તે અંગે વાત કરતાં કહ્યું, ‘‘પૅરેન્ટ્સ તરીકે તમે હંમેશા બાળકનો દરેક અનુભવ શ્રેષ્ઠ રહે તેવું ઇચ્છીએ છીએ. તેની સાથે આપણે પણ શીખીએ છીએ.’’

આલિયા મેટ ગાલાના અનુભવના બહુ મજાનો ગણાવતાં કહે છે કે આ થીમ મુજબના ડ્રેસ તૈયાર કરવામાં મહિનાઓની મહેનત લાગતી હોય છે. આલિયા જણાવે છે

તેરા પીછા નાપ મૈં છોડુંગા સોણિયે

વર્ષના પહેલા છ મહિનામાં ત્રણ સિક્વલ આવી અને બાકીના છ મહિનામાં નવેક સિક્વલ જોવાનો લ્હાવો હિન્દી ફિલ્મના દર્શકોને મળવાનો છે

ઋતમને ચોથા માળે રહેતા અશ્રુલેખાબહેનની દીકરી મનસ્વીની વાતની ખબર પડી?ह

આવો એક સવાલ જો સોસાયટીની કોઈ મહિલા અન્ય મહિલાને કરે અને એનો જવાબ ન મળે તો સોસાયટીની ચારેચાર વિંગમાં રહેતા સમસ્ત નારીગણને એ સવાલના જવાબની જાણ ન થાય ત્યાં સુધી રાત્રે સરખી નીંદર ન આવે. ઋપછી શું?ह કે ઋઆગળ શું?ह એ બે શબ્દો એવું અને એ હદનું કુતૂહલ પેદા કરી શકે છે કે વાત ના પૂછો.

-અને એનો જ આધાર લઈ ઋકટપ્પાને બાહુબલી કો ક્યોં મારા?ह સવાલને દર્શકો સમક્ષ લટકતો મૂકી દિગ્દર્શક એસ. એસ. રાજામૌલી ઋબાહુબલી- ૨: ધ કનક્લુઝનह સિક્વલ બનાવી ૧૭૦૦ કરોડ રૂપિયા ઘરભેગા કરી શકે છે. ઋપછી શું?ह એવું બીજ છે જેમાંથી અનેક સિક્વલનો જન્મ થયો છે અને હવે પછી થતો રહેશે.

હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ૮૧ વર્ષ પહેલા ઋહંટરવાલી કી બેટીह નામની પહેલી સિક્વલ બની હતી અને આજે ह્સારી સ્ટોરી નથી લખાતીह એવી દલીલ આગળ કરી બાયોપિક અને સિક્વલ બનાવવાને પ્રાધાન્ય મળી રહ્યું છે. સિક્વલ બનાવવા માટે મૂળ ફિલ્મની સફળતાને કારણે દર્શકોમાં પેદા થયેલી રુચિ ઉપરાંત નાણાંકીય વળતર મળવાની ઉજળી સંભાવના પ્રમુખ કારણો ગણાય છે. ૨૦૨૪માં આપણે અધવચ્ચે પહોંચ્યા છીએ. પ્રથમ છ મહિનામાં ઋકાગઝ રહ, ઋસાઈલન્સ ૨: ધ નાઈટ આઉલ બાર શૂટઆઉટह, અને ઋલવ સેક્સ ઔર ધોખા રહ સિક્વલ રિલીઝ થઈ ગઈ છે અને વર્ષના અંત સુધીમાં બીજી આઠેક સિક્વલ દર્શકોની નજરમાં વસી જવા તલપાપડ છે. અહીં માત્ર આ વર્ષે રિલીઝ થનારી

સિક્વલનો જ સમાવેશ કરવામાં આવ્યો છે. અલબત્ત, હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રી જ સિક્વલના ખેલ દેખાડી રહી છે એવું નથી. હોલિવૂડ આપણા કરતાં બે ડગલાં આગળ ચાલી રહ્યું છે. સ્વર્ષના બીજા અડધિયામાં રિલીઝ થનારી પહેલી સિક્વલ



છે. શ્રદ્ધા કપૂર અને રાજકુમાર રાવની આ હોરર કોમેડી ૨૦૧૮માં આવેલી ઋસ્ત્રીह્ની સિક્વલ છે. પહેલી ફિલ્મના મુખ્ય ચાર કલાકાર હીરો – હિરોઈન ઉપરાંત પંકજ ત્રિપાઠી અને અપારશક્તિ ખુરાના સિક્વલમાં પણ નજરે પડશે. રાત્રે પુરુષનું અપહરણ કરતા સ્ત્રીના ભૂતને કેન્દ્રમાં રાખી બનેલી ઋસ્ત્રીह્ને બોક્સ ઓફિસ પર બહોળો આવકાર મળ્યો હતો. સ્ત્રી અને અજાણી મહિલા વચ્ચેનું સમીકરણ રસપ્રદ છે. સિક્વલમાં શ્રદ્ધાના પાત્ર ફરતે વીંટળાયેલા રહસ્ય પરથી પડદો ઊઠશે એવી વાત વહેતી કરવામાં આવી છે.

રોહિત શેટ્ટીની પોલીસ ઓફિસરોને કેન્દ્રમાં રાખી બનાવવામાં આવતી શ્રેણીબદ્ધ ફિલ્મો (કોપ યુનિવર્સ)નું નવું પ્રકરણ ह્સિંઘમ અગેનह છે. પહેલી ફિલ્મ ઋસિંઘમह ૨૦૧૧માં આવી હતી અને દર્શકોનો અઢળક પ્રેમ મેળવવામાં સફળ રહી હતી. ત્યારબાદ ઋસિંઘમ રિટર્ન્સह સિક્વલ સ્વરૂપે બનાવાવમાં આવી. સિંઘમનુંરસાયણ બોક્સ ઓફિસ પર એવું સત્વશીલ સાબિત થયું છે કે હારમાળાનો ત્રીજો મણકો ઋસિંઘમ અગેનह દિવાળીના ફટાકડાનીસાથે ધૂમ મચાવશે. ત્રણે ફિલ્મમાં અજય દેવગન હીરો હતો જ્યારે હિરોઈન બદલાઈ છે. પહેલીમાં કાજલ અગ્રવાલ હતી અને ઋસિંઘમ રિટર્ન્સह્માં કરીના કપૂર – ખાન હતી. ઋસિંઘમ અગેનह્માં કરીના ઉપરાંત દીપિકા પાદુકોણ પણ છે. ટાઈગર શ્રોફ અને અક્ષય કુમાર ડીસીપી સૂર્યવંશીનારોલમાં અને રણવીર કપૂર ઋસિમ્બાનાह રોલમાં છે. ઋસૂર્યવંશીह અને ઋસિમ્બાह કોપ યુનિવર્સનીફિલ્મોનો હિસ્સો છે.

મલયાલમ ફિલ્મની સત્તાવાર રિમેક ઋભૂલભૂલૈયાह ૨૦૦૭માં રિલીઝ થઈ ત્યારે ભારે કુતૂહલ જન્માવ્યું હતું. ભૂતના કાલ્પનિક ભયને માનસશાસ્ત્રીની દ્રષ્ટિથી જોવાનો પ્રયાસ, અક્ષય કુમાર – વિદ્યા બાલનનો અભિનય, પ્રિયદર્શનનાડિરેક્શનનું કાબેલ સંયોજન વિષયને દરેક વર્ગને પ્રભાવિત કરી શક્યા હતા. ૧૫ વર્ષ પછી આવેલી ઋભૂલભૂલૈયા ૨ह્માં ડિરેક્ટર અને અક્ષય કુમાર – વિદ્યા બાલન બદલાઈ ગયા. દિગ્દર્શન અનીસબઝમીનું હતું અને લીડ રોલમાં કાર્તિક આર્યન અને તબુ હતા. ૨૫૦ કરોડથી વધુ કલેક્શન મેળવી ૨૦૨૨ની પહેલી પાંચ સફળ ફિલ્મમાં સિક્વલે સ્થાન મેળવ્યું હતું. ત્રીજી ફિલ્મમાં દિગ્દર્શક અનીસ બઝમી જ છે, હીરો કાર્તિક આર્યન અને સાથે ઋએનિમલह પછી ખાસ્સી લોકપ્રિયતા મેળવનાર તૃપ્તિ ડિમરી તેમજ વિદ્યા બાલનનું પુનરાગમન દિવાળી વખતે રિલીઝ થનારી ફિલ્મ માટે કુતૂહલ જરૂર જન્માવ્યું છે.

અનુરાગ બાસુની ૨૦૦૭ની ઋલાઈફ ઈન અ મેટ્રોह ફિલ્મની કથા મુંબઈ શહેર અને એનાં પાત્રોની ફરતે આકાર લે છે. ધર્મેન્દ્ર, ઈરફાન ખાન, શિલ્પા શેટ્ટી, કોંકણાસેન શર્મા, કે કે મેનન, કંગના રનૌટ જેવી સ્ટારકાસ્ટ ધરાવતી ફિલ્મને સારો આવકાર મળ્યો હતો. ૧૭ વર્ષ પછી એની સિક્વલ ઋમેટ્રો ઈન દિનોह દિવાળી પછી રિલીઝ થઈ રહી છે. મુંબઈ શહેરમાં બદલાયેલું જીવન, બદલાયેલી પ્રેમની વ્યાખ્યા કથાનું હાર્દ છે. મૂળ ફિલ્મની માત્ર કોંકણા સેન શર્માને રિપીટ કરવામાં આવી છે. અન્ય કલાકારોમાં આદિત્ય રોય કપૂર, સારા અલી ખાન, પંકજ ત્રિપાઠી, અનુપમ ખેર, નીના ગુપ્તા વગેરેનો સમાવેશ છે.

અનીસ બઝમી દિગ્દર્શિત ઋવેલકમह (૨૦૦૭) કોમેડી ફિલ્મ હતી જે ફિરોઝ ખાનની અંતિમ ફિલ્મ તરીકે પણ યાદ રહી ગઈ છે. બોક્સ ઓફિસ પર હિટ સાબિત થયેલી આ ફિલ્મની સિક્વલ ઋવેલકમ બેકह (૨૦૧૫) પણ અનીસબઝમીએજ ડિરેક્ટ કરી હતી અને મૂળ ફિલ્મના ઘણા કલાકારો રિપીટ કરવામાંઆવ્યા હતા. હવે આ વર્ષે વેલકમ સિરીઝની ત્રીજી ફિલ્મ ઋવેલકમ ટુ ધ જંગલह આવી રહી છે. આ ફિલ્મના દિગ્દર્શક છે કોરિયોગ્રાફર તરીકે શઆત કરી દિગ્દર્શન તરફ વળેલા અહમદ ખાન.

ફિલ્મી ટાઈટલ વહી જો પબ્લિક મન ભાયે!

સંગીતકાર બેલડી કલ્યાણજી-આણંદજી પાસે એક નિર્માતા આવ્યા અને કહ્યું, ઋઆપણી નવી ફિલ્મ માટે કોઈ સારું ટાઈટલ આપો ને. કશું સૂઝતું નથી!ह

તો કલ્યાણજીભાઈએ તરત જ પૂછ્યું, તુમ્હારી ફિલ્મ મેં ઢોલ હૈ?ह

કલ્યાણજીભાઈએ તો મજાકમાં પેલાનો પ્રોબ્લેમ સોલ્વ કરી નાખ્યો, પણ શીર્ષક કે ટાઈટલ શોધવાનું

કામ એટલું સહેલું નથી. નોર્મલ માણસને ત્યાં બાળક જન્મે ત્યારે એક સાદું નામ શોધવા આખું ઘર, આખો પરિવાર, આખો મહોલ્લો ભેગા થઈને નામ વિચારવામાં બિઝી થઈ જાય છે તો નાટક, સિનેમા અને સિરિયલોવાળા રોજેરોજ સારાં શીર્ષક ક્યાંથી કાઢે? પાછું એક સારું શીર્ષક પણ બિકીની જેવું હોવું જોઈએ : ઋજે છુપાવે ઓછું અને દેખાડે ઘણું બધુંह અથવા તો ઊલ્ટું! વાત એમ છે કે સારા ક્લિયર ટાઈટલવાળા બંગલાના પ્લોટ્સ કે ફ્લેટની જેમ સારાં ટાઈટલો પણ માર્કેટમાં ઝટ મળતાં નથી! ફિલ્મોમાં ટાઈટલો હંમેશાં વિવાદ, વિષાદ અને વ્યાપારનો વિષય રહ્યા છેપ ઋ-વાયह અક્ષર પરથી શરૂ થતા નામવાળી ફિલ્મો નથી ચાલતી એવું મનાય છે. શાહરૂખ ખાન જૂહી ચાવલાવાળી યેસ બોસह ફિલ્મનું ટાઈટલ અમે આપેલું, જેને આખી ટીમ પાસે પાસ કરાવતાં કરાવતાં અમારે સંતોષી માતાના વ્રત કરવા પડે એવી હાલત થયેલી. આ તો સારૂં છે કે ફિલ્મ ચાલી ગઇ એટલે નાક રહી ગયું. હિંદી ફિલ્મોમાં અંગ્રેજી ટાઈટલો નથી ચાલતાં એવી એક ચિંતા ડિસ્ટ્રિબ્યુટરોને સતાવતી હોય છે, પણ જવેલથીફह, ઋગાઈડह ચાલેલી અને સાવ ગ્રામીણ વિષય પરની ફિલ્મ ઋમધર ઈંડિયાह્નું નામ અંગ્રેજીમાં હતું અને ધૂમ ચાલેલી પણ! ફિલ્મલાઈનમાં બીજી પણ એક મહાન મિથ કે માન્યતા છે કે જે ફિલ્મમાં નાગ-નાગીનની વાત હોય કે ટાઈટલમાં ઋનાગह હોય એ ચાલે જ ચાલે. ઋનગીનાह, ઋનાગીનह, ઋનાગ પંચમીह, ઋનાગ દેવતાह કે ઋશેષનાગह ઘણી ખરી હિટ રહી છે. ટી.વી. સિરિયલોમાં પણ નાગીન, નાગીન બહુ, નાગીન સાંસ, પાતાલ લોક વગેર હિટ છે. ઈવન ગુજરાતી- હિંદી નાટકોમાં પણ નાગ કે સાપ પરના ટાઈટલ્સવાળાં નાટકો હંમેશ સફળ થાય છે જે કે – કોઈની આંખમાં સાપ રમે, , હિમડંખ, સાપ સૂતો છે સોડમાં, ફણીધર, સર્પ-નાદ, નાગમંડલ, સાપસીડી, વગેરે વગેરે.. તો ટાઈટલ્સમાં સાપ-નાગ હંમેશાં હિટ.

નાગ નામને લઈને આ કિસ્સો સાંભળવા જેવો છે. એક વાર રિશી કપૂર – રણધીર કપૂર – રાજીવ(ચિંપુ) કપૂર એમ ત્રણેય બંધુ એક પાર્ટીમાં એકબીજાને ચીઢવી



રહ્યા હતા ત્યારે રિશી કપૂરે, નાના ભાઈ ચિમ્પુ ઉર્ફ રાજીવને કહ્યું, સાલે, તેરી કોઈ ફિલ્મ નહી ચલતી. નોર્મલી, અગર ટાઈટલ મેં ઋનાગह હો તો બૂરી સે બૂરી ફિલ્મ ભી હિટ જાતીહै, મેરી ભી નગીના ફિલ્મ સબ સે બડી હિટ થી.. પર ચિંપુ (રાજીવ), તેરી તો નાગ-નાગીનह ફિર ભી

ફ્લોપ હુઈ. તેરી તો કેરિઅર ફ્લોપ હૈ પર તુને તો નાગह કા ભી રેકોર્ડ બિગાડ દિયા.! બેચારે નાગ કો ભી ફ્લોપ કર દિયાપ દેખના અબ ઋનાગह તુઝે છોડેગા નહી! ઋઝરુર આ કે બદલા લેગા !ह આજકાલ ફિલ્મોના મલ્ટિપ્લેક્સના શહેરી યંગ ઓડિયંસને આકર્ષવા શીર્ષકમાં અંગ્રેજી શબ્દ કમ્પલ્સરી હોય એવું થઈ ગયું છે. અમે એક ટાઈટલ આપેલું ઋકિસ્મત કનેક્શનह. હવે આ ઋકિસ્મત કનેક્શનह બોલ-ચાલનો શબ્દ બની ગયો છે! એ નામે હવે સેંકડો મેરેજ-બ્યુરો, જ્યોતિષ-સલાહ કેંદ્રો ખૂલ્યાં છે!

આ ટાઈટલને જો મેં પેટંટह કે ટ્રેડમાર્કह કરાવ્યું હોત તો અમને ખૂબ કમાણી થાત. નિર્દેશક મહેશ ભટ્ટે, બે ભાઈની વાર્તાવાળી ફિલ્મનું નામह રાખેલું. ત્યારે ડિસ્ટ્રીબ્યુટરોએ કહ્યું: ઋનામह, ઋનામમાં કોઈ અપીલ જ નથીह ત્યારે મહેશ ભટ્ટે કહેલું: હર આદમી અપને નામ સે, અપની પહેચાન સે પ્યાર કરતા હૈ, ઈસ સે અચ્છા ટાઈટલ હો હી નહીં સકતા.ह પઅને ફિલ્મ હિટ થયેલી.

એક જમાનાના સુપર હિટ નિર્દેશક મોહન કુમાર, હંમેશાં ઋઅह પરથી ટાઇટલ્સ રાખતા, જેમ કે ઋઅનપઢह, ઋઆઇ મિલન કી બેલાह, ઋઅમીર ગરીબह કે સુપરહિટ ઋઅવતારह વગેર.. મોહનકુમારના આસ્ટિંટ અને સાઢૂભાઇ નિર્માતા- નિર્દેશક જે. ઓમપ્રકાશ પણ ઋઅह પરથી ઋઆશાह, ઋઆપ કી કસમ કેह ઋઅર્પણह

જેવા ટાઇટલ્સ જ રાખતા. વળી આ જે. ઓમપ્રકાશનના જમાઇ અને ખૂન ભરી માંગ, કોઇ મિલ ગયા, ક્રિશ, અભિનેતા-નિર્દેષક રાકેશ રોશન ઋકેह પરથી જ એમની ફિલ્મના નામ રાખે છે. જેમ કે- એમની ઋકામચોરह્થી લઇને ઋકહો ના પ્યાર હૈह સુધી બધી ફિલ્મો હિટ ગયેલી. જો કે, સુપરસ્ટાર

શાહરૂખ સાથેની ઋકોયલાह મહાફ્લોપ હતી!

એકતા કપૂર પણ બધી સિરિયલના નામ ઋકેह પરથી જ રાખે છે. ઋક્યુંકિ સાંસ ભી કભી બહુ થીह કે ઋકુસુમह જેવી સિરિયલમાં એણે ન્યુમરોલોજી પ્રમાણે ૨-૨ વખત ઋકેह અક્ષર રાખ્યો હતો. આમ છતાં એકતાની ઘણી કે પરથી સિરિયલો ચાલી નહોતી. ગંભીર આર્ટ સિનેમામાં પણ ઋઆલ્બર્ટ પિંટો કો ગુસ્સા ક્યું આતા હૈ?ह – ઋઅરવિંદ દેસાઇ કી અજીબદાસ્તાંह જેવાં શીર્ષકો હોય તો ગંભીર દાઢીધારી લોકો બહુ જ ઈમ્પ્રેસ થતા હોય છે, જેમ કે, ઈસ રાતકી સુબ્હ નહીં- હઝારોં ખ્વાબ હૈં ઐસી- સતહ સે ઉઠા હુઆ આદમી, ઈત્યાદિએટલે પછી તો મારો એ વાર્તાકાર મિત્ર, ખિસ્સામાં એક ડાયરી રાખે. જ્યાં, જ્યારે સૂઝે એટાઈટલ ટપકાવી દે! એવાં અટપટાં શીર્ષકો શોધે કે વાંચવાવાળો છક્ક થઈ જાય. શીર્ષકો પાછાં એટલાંલાંબા કે ઘણી વાર મૂળ વાર્તા એની સામે ટૂંકી લાગે!સારાં ટાઈટલની રેસિપી શું? મસ્તીખોર પણસંસ્કારી, લાંબું પણ આકર્ષક, ટિપિકલ પણ સારગર્ભિત, નાનકડું પણ વેધક પણ ચાલુપ આવા કોમ્બિનેશનવાળા ટાઈટલની બધા ક્રિયેટિવ લોકોને શોધ હોય છે, જેથી વાચક કે ગ્રાહક કે પ્રેક્ષક શબ્દજાળમાં ફસાય. પોતાનો માલ વેચવા માણસ લાખ તાતાથૈયા કરે જ. એમાં કશું ખોટું નથી. અનેઆમ જોવા જઈએ તો આપણી એકધારી-બોરિંગ-રૂટિન લાઈફને મજેદાર બનાવવા આપણે સૌ પણ

એક સોલિડ ઋટાઈટલह્ની તલાશમાં સતત હોઈએ જ છીએને?!

સુરત શહેરમાં તાજેતરમાં અમલમાં આવેલ ટ્રાફિક સિગ્નલ સિસ્ટમ ની હાલાકી અને ટ્રાફિક સમસ્યા બાબતે સુરત શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા સુરત પોલીસ કમિશ્નરશ્રીને આવેદનપત્ર પાઠવી રજુઆત કરવામાં આવેલ હતી. કોંગ્રેસના અગ્રણીઓ દ્વારા ટ્રાફીક પોઇન્ટના સિગ્નલો તથા ટ્રાફીક અંગે વિવિધ સૂચનો કરાયા હતા.

તલાટી તથા મામલતદાર કચેરીમાં સ્ટાફની અછત નિવારવા રજૂઆત

વારંવાર ખોટ ખાતા સર્વરની ખામીઓ દુર થવી જોઇએ : પાયલ સાકરીયા

સુરત, તા.૨૫

સુરત મહાનગરપાલિકા વિપક્ષ નેતા પાયલ સાકરીયાએ કલેક્ટર સૌરભ પારધીને પત્ર લખીને જણાવ્યું હતું કે, સુરત શહેરના પુણા સહિત વિવિધ વિસ્તારોમાં આવેલ તલાટી તથા મામલતદાર કચેરીઓમાં હાલમાં વિવિધ શૈક્ષણિક પ્રવેશ, હોસ્ટેલમાં પ્રવેશ, શિક્ષણ સહાય અર્થે આવકના દાખલા, જાતિના દાખલા નિયત સમયમર્યાદામાં જમા કરાવવાના હોવાથી કચેરીઓ ખાતે સમગ્ર દિવસ દરમ્યાન વિધાર્થીઓ તેમજ વાલીઓનો ધસારો રહે છે., જેની સામે કામગીરી ખુબ જ મંથરગતિએ ચાલી રહેલ છે તેમજ વારંવાર સર્વર ડાઉન હોવાના કારણો સહિત સ્ટાફની અછતના કારણો આગળ ધરવામાં આવી રહેલ છે.

પાયલ સાકરીયાએ વધુમાં જણાવ્યું હતું કે, સામાન્ય લોકો કરતા ટાઉટો મારફત જતા લોકોના કામોને પ્રાધાન્ય આપવામાં આવે છે. પરિણામે લોકો, વિધાર્થીઓ તેમજ વાલીઓને વહેલી સવારે ૫ વાગ્યાંથી લોકોને લાઇનમાં ઉભા રહેવાની ફરજ પડી રહી છે.

વધુમાં, આ સમસ્યાનું નિરાકરણ કરવા તાકીદે પુણા તલાટી તેમજ મામલતદાર કચેરીમાં સ્ટાફની ઘટ્ટ પુરી કરવા તેમજ તમામ કચેરીઓમાં અરજીઓના ઘસારાના ધ્યાને લઇ સ્ટાફની ફાળવણી અંગે જરૂરી ઘટતી કાર્યવાહી કરવા સહિત તમામ સ્ટાફ સમયસર ફરજ પર આવે તેમજ વારંવાર ખોટ ખાતા સર્વરની ખામીઓ દુર કરવા અને શૈક્ષણિક પ્રવેશમાં વિધાર્થીઓને અગવડતાઓ પડે નહિ તે હેતુસર ઓફિસની કામગીરીના સમયગાળામાં વધારો કરી લોકોને રાહત મળી રહે તે મુજબની કાર્યવાહી કરવા વિપક્ષ નેતા પાયલ સાકરીયાએ જણાવ્યું હતું.

શહેર ગણેશ ઉત્સવ સમિતિ ના પ્રમુખ અનિલ બિસ્કીટવાલા, સાધુ સંતો, મહામંત્રી વિમલ ભટ્ટ, મુકુંદ મહંત, જયેશ પટેલ, હિનલ વાલવાળા, દિપક શેઠ વિગેરેઓ ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને મળીને સરકારના કાયદા અને નીતિ નિયમો મુજબ જ રંગે ચંગે ગણપતિ મહોત્સવ ઉજવાય તેવી રજૂઆતો કરી હતી.

ઈન્ડિયન સ્કીલ સ્પર્ધામાં સુરતનાં વિધાર્થી ધારિતને બ્રોન્ઝ મેડલ

મજુરાગેટ આઈટીઆઈના તાલીમાર્થી ધારિત જસાણીની રાષ્ટ્રીય સ્તરની સિદ્ધિ

સુરત, તા.૨૫

ભારતના યુવાઓની કલ્પનાશક્તિ તથા દક્ષતામાં વધારો થાય તેમજ યુવાઓને કૌશલ્ય ક્ષેત્રે નવી ઉડાન મળે એવા આશયથી દર બે વર્ષે ઈન્ડિયા લેવલે India Skills સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે. તાજેતરમાં નવી દિલ્હી ખાતે યોજાયેલ India skill જ-૨૦૨૪' સ્પર્ધામાં મજુરાગેટ આઈ.ટી.આઈ.માં અભ્યાસ કરતા સોલાર ટેકનિશીયન ટ્રેડના તાલીમાર્થી ધારિત જસાણીએ સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટર શ્રી જી.કે.જરીવાલાના માર્ગદર્શન હેઠળ રિન્યુએબલ એનર્જી સ્કીલ સ્પર્ધામાં ભાગ લઈ સમગ્ર દેશમાં ત્રીજો ક્રમ પ્રાપ્ત કરી બ્રોન્ઝ મેડલ મેળવી સુરત સહિત સમગ્ર રાજ્યનું નામ રોશન કર્યું છે. કારપેન્ટર, બ્યુટીપાર્લર, જવેલરી ડિઝાઈન, ઈલેક્ટ્રીશીયન, સોલાર, ઓટો મોબાઈલ, મેન્યુફેક્ચરીગ જેવી જુદી જુદી ૨૨ પ્રકારની કેટેગરીમાં સ્પર્ધાઓ યોજાય છે. જેમાં પ્રથમ આઈ.ટી.આઇ. લેવલે સ્ક્રિનીંગ ટેસ્ટમાં ઉત્તીર્ણ થયા બાદ, જિલ્લાકક્ષાએ પરીક્ષામાં ઉત્તીર્ણ થયા બાદ રાજ્યકક્ષાને અને રાજ્યકક્ષાએ નંબર મેળવનારા વિદ્યાર્થીઓ 'ઈન્ડિયા સ્કીલ-૨૦૨૪'માં ભાગ લે છે. આમ સોલાર ટેકનિશીયન ટ્રેડની કેટેગરીમાં સમગ્ર ભારતમાં ધારિત જસાણીએ ત્રીજો ક્રમ મેળવીને બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો હોવાનું ઔદ્યોગિક તાલીમ સંસ્થાના આચાર્યની યાદીમાં જણાવાયું છે.

નવસારી જિલ્લામાં ૨૧,૭૩૬ ખેડૂતો દ્વારા પ્રાકૃતિક ખેતી

વર્ષ-૨૦૨૩-૨૪માં ૭૪૭૦ એકર જમીનમાં પ્રાકૃતિક ખેતીની મુહિમ

વધઈ, તા.૨૫

રાજ્યમાં પ્રાકૃતિક ખેતીના આરંભથી તમામ જિલ્લાઓમાં રસાયણ વગરની ખેતી તરફ જાગૃત ખેડૂતો જોડાઇ રહ્યા છે. દેશી ગાયોની ઓલાદો વધી રહી છે. ખેત પેદાશોની ગુણવત્તા વધી રહી છે. ખેડૂતોને પોતાની ઉત્પાદનનું યોગ્ય વળતળ મળી રહ્યું છે. ગ્લોબલ વોમ'ગ અને ક્લાઇમેટ ચેન્જમાં પણ પ્રાકૃતિક ખેતીનો સિંહ ફાળ રહ્યો છે. આ મુહિમને આગળ વધારવામાં નવસારી જિલ્લાના ખેડૂતો પણ મહત્વપૂર્ણ ભાગ ભજવી રહ્યા છે.

ખેતીમાં રસાયણોના ઓછા ઉપયોગ માટે ખેડૂતોને કરેલ આહવાનને ફળીભૂત કરવાના પ્રયાસરૂપ નવસારી જિલ્લા વહિવટી તંત્ર અને આત્મા પ્રોજેક્ટ અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર,નવસારીના સહિયારા પ્રયત્નો થકી આજદિન સુધી નવસારી જિલ્લામાં કુલ-૨૧,૭૩૬ ખેડૂતો પ્રાકૃતિક ખેતીની મુહિમમાં જોડાઈ ચુક્યા છે.

નવસારી જિલ્લાની વાત કરીએ તો, વર્ષ-૨૦૨૦-૨૧ થી શરૂ થયેલ આ પ્રાકૃતિક ખેતીના અભિયાનમાં આજ દિન સુધી-૨૧,૭૩૬ ખેડૂતો સક્રિઉ રીતે જોડાઇ ચુક્યા છે. આ જાગૃત ખેડૂત મિત્રોના કારણે નવસારી જિલ્લામાં કુલ-૭૪૭૦ એકર જમીન ઉપર પ્રાકૃતિક ખેતી કરવામાં આવી રહી છે. નવસારી જિલ્લામાં વર્ષ-૨૦૨૨-૨૩માં પ્રાકૃતિક ખેતીનો વિસ્તાર ૪૭૬૪ એકર હતો જે એજ વર્ષમાં વધીને વર્ષ-૨૦૨૩-૨૪માં ૭૪૭૦ એકર થયો છે. જે નવસારી જિલ્લામાં પ્રાકૃતિક ખેતીની સફળતાની ગાથા રજુ કરે છે. નવસારી જિલ્લા તંત્રના સરાહનિય પ્રયાસ રૂપે નવસારી જિલ્લાના તાલુકાઓમાં ગ્રામ

અનુસંધાન પાના ૭ પર

ખપાટિયા ચકલા, સુરત ખાતે બિરાજતા શ્રી ગોપાળલાલજી મહારાજશ્રી નો કેરી ઉત્સવ તેમજ ખસના બંગલાનુ અને નિત્ય પાઠ કીર્તન નું આયોજન ધામધૂમ થી કરવામાં આવ્યું છે, મોટી સંખ્યામાં વૈષણવ ભાઈ-ભહેનોએ લાભ લીધો હતો.

મકાઇ પાકમાં રોગ-જીવાત અંગે ખેતીવાડી વિભાગ દ્વારા જાહેર સૂચના

ટપકાવાળી લશ્કરી ઈયળનો ઉપદ્રવ નાથવો આવશ્યક

સુરત, તા.૨૫

મકાઈના પાકમાં રોગ-જીવાત આવવાથી ઓછુ ઉત્પાદન અને ઉત્પાદનની નિમ્ન ગુણવત્તા જેવી સમસ્યાઓ આવતી હોય છે. મકાઇના પાકમાં રોગ-જીવાત વ્યવસ્થાપન માટે વાવણી સમયે ખેડુતોએ યોગ્ય પગલાઓ લેવાનો અનુરોધ કરાયો છે. રોગમુક્ત બિયારણ વાપરવું અને રોગપ્રતિકારક જાતો પસંદ કરવી. પાકની ફેરબદલી કરવી. પાનના સુકારા તેમજ તડછારો રોગ સામે પ્રતિકારક જાતો જેવી કે ગુ.આ.પી. સં.મ.-૧, ગુ.આ.પી. સં.મ.-૨, ગુ.આ.પી. સં.મ.-૩, ગંગા સફેદ-૨, ગંગા સફેદ-૧૧, ગુજરાત મકાઈ-૨, ૪, ૬, નર્મદા મોતી, ગંગા-૫, ડેક્કન - ૧૦, શ્વેતા, નવીન અને જવાહર જેવી જાતોની વાવણી કરવી.

ટપકાંવાળી લશ્કરી ઈયળ સામે રક્ષણ માટે બીજને કીટનાશકના તૈયાર મિશ્રણ સાયન્ટ્રાનીલીપ્રોલ૧૯.૮૬+ થાયામેથોક્ઝામ ૧૯.૮%એફએસ, ૬ મિ.લિ. / કિ.ગ્રા. પ્રમાણે સપ્રમાણ પાણી ભેળવી બીજ માવજત આપી છાંયડે સૂકવી વાવેતર કરવું.

મકાઈમાં ગુલાબમારાની ઈયળના નિયંત્રણ માટે મગ, અડદ, તુવેર અથવા ચોળા આંતરપાક તરીકે વાવવા. તેમજ ઉપદ્રવ ઓછો રહે એ માટે મકાઈની વાવણી ૧૫ જૂનથી ૩૦ જૂન સુધીમાં કરવી. પાછોતરા સુકારા માટે એક હેક્ટરે ૧૦૦૦ કિલો લીબોળીનો ખોળ વાવેતર વખતે ચાસમાં આપવો. મકાઈમાં બીજનો કોહવારો અને ઉગતા છોડનો સૂકારો અટકાવવા માટે બીજને થાયરમ ૪૦ એફએસ અથવા થાયરમ ૭૫ ડબ્લ્યુએસ ૨-૩ ગ્રામ પ્રતિ ૧ કિ.ગ્રા. બીજની માવજત આપીને વાવણી કરવી અથવા ટ્રાયકોડર્મા ૬ ગ્રામ પ્રતિ એક

અનુસંધાન પાના ૭ પર

વાંસદા એપીએમસીમાં કેરીના ભાવોમાં જંગી ઉછાળો આવ્યો

હાફુસ ૩૨૦૦થી ૩૫૦૦ અને કેસરના ૨૮૦૦-૩૨૦૦ ભાવ બોલાયા

વાંસદા, તા.૨૫

વાંસદા તાલુકા ની એકમાત્ર એ.પી.એમ.સી માર્કેટ માં આજે કેરી નાં ભાવ માં ઐતિહાસિક ઉશાળો જોવા મળ્યો હતો કેરી નાં આજના ભાવો બધા ની બોલતી કરી નાખી હતી આજ કેરી નાં ભાવ કેસર-૨૮૦૦/૩૨૦૦ લંગડો- ૨૬૦૦/૨૮૦૦ આમ્રપાલી-૨૫૦૦-૨૮૦૦ રાજાપુરી -૨૪૦૦-૨૫૦૦ હાફુસ-૩૨૦૦/૩૫૦૦ આટલા આટલા ભાવો હોવા છતા આમજનતા ને કેરી મળવુ મુશ્કેલી હતી કેરી ઓ જેમ માર્કેટ મા આવે એટલે વેપારીઓ લઈ લેતા હોય છે આ વર્ષે વાંસદા-ડાંગ વિસ્તાર મા જેમા ખાસ કરી વાંસદા ધરમપુર મુખ્ય માર્ગ નાં વિસ્તાર મા આવેલા વાવાઝોડા ના કારણે ખેડુતો ની લાખો ની કેરી ઓ પડી જતા ભારે નુકસાની વેઠવા નો વારો આવ્યો

અનુસંધાન પાના ૭ પર

કોટબાથી આહવા લઈ જવાતા પાણીના ટેન્કરને અટકાવી દેવાયા

પહેલા જનતાને પાણી આપવા ગ્રામ્યજનોની માંગ

વધઈ, તા.૨૫

આહવાના કોટબા ગામમાંથી આહવા લઈ જવાતા પાણીના ટેન્કરને લોકોએ અટકાવી દેતા હોબાળો મચ્યો હતો. આ વાતની જાણ પાણી પુરવઠાના અધિકારીઓ અને રાજકારણી ઓને થતા સ્થળે દોડી જઈ લોકોને સમજાવી મામલો થાળે પાડ્યો હતો.ડાંગ જિલ્લાનાં વહીવટી મથક આહવાનાં રહીશો માટે પાણી ક્યાંથી લાવવું તે મોટી સમસ્યા બની ગઇ છે. ભીસ્યા, દેવીનામાળ નિલશાક્યા ડેમમાં પાણી પુરૂ થઈ ગયું છે. આહવાનાં રહીશો માટે પાણી પુરવઠાએ ટેન્કરો ચાલુ કરી ભવાનદગડ સતિ વિસ્તારમાંથી પાણી શરૂ કર્યું હતું પરંતુ તે પાણી પણ મહિનામાં જ પુરૂ થઈ જતાં પાણી પુરવઠાને કોટબા ગામે

સ્થિત ટાંકીમાંથી ધાણા જુથ પાણી પુરવઠાનું પાણી આહવામાં લાવવાનું આયોજન કરાયું હતું. જયાંથી થોડા ટેન્કરો લાવ્યા પણ હતા. આહવા તાલુકાનું સૌથી મોટુ ગામ કોટબા ભયંકર પાણીની સમસ્યા વેઠી રહ્યું છે. તેમનાં ગામમાંથી આહવા ટેન્કર દ્વારા પાણી લઈ જવાઈ રહ્યું છે, જે ગામલોકોના ધ્યાને આવતાં ટીપે-ટીપા પાણી માટે વલખા મારતાં ગ્રામજનોએ ટેન્કર ચાલકોને ભગાડી દીધા હતા. 'અમારા ગામમાં પાણીની વિક્ટ સમસ્યા છે, પહેલાં અમારા ગામમાં પાણી આપો પછી જ પાણી લઈ જવા દઈશું' એવું રોકડું પકડાવી દેતા પાણી પુરવઠાનાં અધિકારીઓ તેમજ રાજકારણીઓ કોટબા ગામે દોડી જઈ લોકોને સમજાવી પાણી આપતા મામલો થાળે પડ્યો હતો.

ઉજ્જવળ ભાવિનું ચણતર : કામરેજની નવી પારડી 'સ્માર્ટ' પ્રાથમિક શાળા

અધ્યયન નિષ્પત્તિ આધારિત ટીચિંગ લર્નિંગ મેથડ દ્વારા શાળામાં ભણતર

સુરત, તા.૨૫

આજના ઝડપી, ડિજીટલ ટેકનોયુગમાં શિક્ષણનું મહત્વ દિનપ્રતિદિન ખૂબ વધી રહ્યું છે. પુસ્તકીયા જ્ઞાન સાથે વ્યવહારૂ જ્ઞાન ધરાવતા બાળકનો વિકાસ વધુ સારી રીતે થઈ શકે છે, ત્યારે ગમ્મત સાથે જ્ઞાન આપી ભણતર અને ગણતરનો અદભૂત સુમેળ સાધતી સુરતના કામરેજ તાલુકાની 'નવી પારડી પ્રાથમિક શાળા' અનેક શાળાઓ માટે આદર્શ ઉદાહરણ છે. શાળાનું અદ્યતન બાંધકામ, કમ્પ્યુટર લેબ, ડિજિટલ ક્લાસરૂમ અને સમગ્ર શાળામાં ઈન્ટરનેટ કનેક્ટિવિટીએ આ શાળાને 'સ્માર્ટ શાળા'માં ફેરવી નાંખી છે. મહાન ઋષિમુનિઓ અને વૈજ્ઞાનિકોના નામ ધરાવતા વિષયવાર વર્ગખંડો સ્માર્ટ બોર્ડની સાથે સી.સી.ટીવી અને લાઉડ સ્પીકર ધરાવે છે. હરિયાળું કેમ્પસ, સ્વચ્છતા, ફાયર સેફટી, પુસ્તકાલય, આર.ઓ વોટર ટેન્ક, ૩૨ સીસીટીવી કેમેરા પણ શાળાની વિશેષતાઓમાં ઉમેરો કરે છે.

૧૯૭૩થી કાર્યરત નવી પારડી પ્રાથમિક શાળામાં હાલ ૨૪૩ છોકરાઓની સામે ૨૪૯ છોકરીઓ મળી કુલ ૪૯૨ બાળકો બાળવાટિકાથી ધો.૮ સુધી અભ્યાસ કરે છે. જેમાં આજુબાજુના ૭ ગામોના બાળકોનો પણ સમાવેશ થાય છે. નવી પારડી પ્રા.શાળાએ ૨ જિલ્લા કક્ષા અને ૧ રાજ્ય કક્ષા મળી કુલ ૩ વખત સ્વચ્છતા એવોર્ડ તેમજ ગત વર્ષે તાલુકા કક્ષાએ શ્રેષ્ઠ શાળા તરીકે દ્વિતીય ક્રમાંકનો એવોર્ડ પણ મેળવ્યો છે.

શાળાની આગવી શિક્ષણ પદ્ધતિ અંગે આચાર્ય શ્રીમતિ ચૈતાલીબેન ભાવસાર જણાવે છે કે, અહીં બાળકોને અધ્યયન નિષ્પત્તિ આધારિત ટીચિંગ લર્નિંગ મેથડ(ન્સ) દ્વારા વિવિધ વિષયોની સમજ અપાય છે. થિયરી સહિત પ્રેક્ટિકલ જ્ઞાન આપવાથી બાળકની સમજશક્તિ મજબૂત બને છે. વધુમાં ભણતરની સાથે તેમના સર્વાંગી વિકાસને પ્રાધાન્ય આપતા અમે વિવિધ કૌશલ્ય આધારિત પ્રવૃત્તિઓ અને સ્પર્ધાઓ અવારનવાર યોજીએ છીએ. દર મહિને વિશેષ દિવસોની ઉજવણી, તાલુકા-જિલ્લા કે રાજ્ય કક્ષાની વિવિધ સ્પર્ધાઓ, પ્રદર્શન વગેરેમાં ભાગ લેવા પણ વિદ્યાર્થીઓને તક અને પ્રોત્સાહન આપીએ છે. તેમણે ઉમેર્યું કે, શાળાના પ્રાંગણમાં કિચન ગાર્ડન અને ઔષધિ ગાર્ડનના નિર્માણ અને તેની દેખરેખની પ્રવૃત્તિઓમાં પણ બાળકો સક્રિય ભાગીદારી નોંધાવે છે. જે તેમને પર્યાવરણનું બાહ્ય

અનુસંધાન પાના ૭ પર

૨૭ અને ૨૮મીએ શાળા પ્રવેશ અને કન્યા કેળવણી મહોત્સવ

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ સુબિરની પ્રાથમિક શાળા ખાતે વિદ્યાર્થીઓને શાળા પ્રવેશ કરાવશે

વધઈ, તા.૨૫

'સૌ ભણે, સૌ આગળ વધે' એવા ઉમદા આશયથી રાજ્ય સરકાર દ્વારા આગામી તા.૨૬, ૨૭ અને ૨૮મી જૂન દરમિયાન સમગ્ર રાજ્યવ્યાપી શાળા પ્રવેશોત્સવનુ આયોજન કરાયું છે.

શાળા પ્રવેશોત્સવના આ ૨૧મા તબ્બકામા રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ સહિત વિવિધ કેબનેટ અને રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ, વરિષ્ઠ અધિકારીઓ, સચિવશ્રીઓ તેમજ પદાધિકારીશ્રીઓ, રાજ્યની પ્રાથમિક શાળાઓમા બાળકોને શાળા પ્રવેશોત્સવ કરાવનાર છે. જેના આયોજન અર્થે જિલ્લા કલેકટર શ્રી મહેશ પટેલના અધ્યક્ષ સ્થાને જિલ્લા સેવા સદન ખાતે એક અગત્યની બેઠક યોજાઈ હતી.

ડાંગ જિલ્લામાં ચાલુ વર્ષે જૂન-૨૦૨૪ થી શરૂ થતા શૈક્ષણિક સત્રમાં ૫૦૯૭ વિદ્યાર્થીઓને બાલવાટિકામાં, ધોરણ-૧ માં કુલ-૧૫૨, ધોરણ-૯ માં કુલ-૫૦૨૬ અને ધોરણ-૧૧ માં કુલ-૪૦૯૩ મળી જિલ્લામાં કુલ – ૧૪,૩૬૭ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવનાર છે. આ પ્રવેશોત્સવમાં ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ તથા ગાંધીનગરથી ઉચ્ચ અધિકારીઓ તથા જિલ્લાના પદાધિકારી-અધિકારીઓ ત્રણ દિવસ રાજ્યભરની શહેરી તથા જિલ્લાની ગ્રામીણ શાળાઓમાં બાળકોને પ્રવેશ અપાવશે. દરમિયાન મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષ સ્થાને ગાંધીનગર ખાતેથી આયોજિત શાળા પ્રવેશોત્સવ-કન્યા કેળવણી મહોત્સવની દ્રશ્ય શ્રાવ્ય બેઠકમાં પણ સૌ જિલ્લા અધિકારીઓએ કાર્યક્રમ સંબંધિત માર્ગદર્શન મેળવ્યું હતું.શાળા પ્રવેશોત્સવના પ્રથમ દિવસે રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ સંભવતઃ ડાંગ જિલ્લાના સુબિર તાલુકાના બિલિઆંબા પ્રાથમિક શાળા ખાતે સ્વયં ઉપસ્થિત રહી, નવાગંતુક

અનુસંધાન પાના ૭ પર

નવસારીમાં ૧૦૨૯૯૧ બાળકોને પોલિયાના ડોઝ પીવડાવાયા

નવસારી જિલ્લાના ૬૩૩ બૂથો પર પોલિયો નાબુદી ઝુંબેશ

વધઈ, તા.૨૫

પોલિયો નાબૂદી અભિયાન અંતર્ગત નવસારી જિલ્લામાં ગત તા.૨૩ જૂન, પોલિયો રવિવાર થી તા.૨૫ જૂન એમ ત્રણ દિવસો દરમ્યાન ૦ થી ૫ સુધીના બાળકોને પોલિયોના બે ટીપાં પીવડાવી પોલિયોથી સુરક્ષિત કરવાનું અભિયાનની શરૂઆત કરવામાં આવેલ હતું. જે અંતર્ગત તા.૨૩ જૂનના રોજ જિલ્લાના ૬૩૩ પોલિયો બૂથો પર ૧૦૨૯૯૧ બાળકોને પોલિયોની રસી પીવડાવવામાં આવી હતી.

નવસારી જિલ્લામાં અનેક સ્થળોએ લોક પ્રતિનીધિઓ તથા અધિકારીશ્રીઓ દ્વારા આ ઝુંબેશનું ઉદ્ઘાટન કરી લોકોને ૦ થી ૫ વર્ષના બાળકોને પોલિયોની રસી પીવડાવવા પ્રેરિત કર્યા હતા. નવસારી જિલ્લાના કાર્યક્રમમાં પુષ્પ લતા (છજી) - જિલ્લા વિકાસ અધિકારીશ્રી નવસારીએ અભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો. ચીખલી તાલુકામાં દેગામ ખાતે પરેશ દેસાઈ, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી,નવસારી, જલાલપોર તાલુકાના આટ ખાતે ધારાસભ્યશ્રી,જલાલપોર આર.સી.પટેલ, નવસારી તાલુકામાં ધારાસભ્યશ્રી નવસારી રાકેશ દેસાઈ, વાંસદા ઉનાઈ ખાતે ધારાસભ્યશ્રી,વાંસદા-ખેરગામ અનંત પટેલ, રૂમલા ખાતે બાબુભાઈ પાડવી, અધ્યક્ષશ્રી, બાંધકામ સમિતી, ગણદેવી ખાતે ભાવેશભાઈ પટેલ, નગર પાલિકા

અનુસંધાન પાના ૭ પર

આજ રોજ તા.૨૪/૦૬/૨૦૨૪ ના સાંજે ૦૫:૦૦ કલાક સદ ભાવના સેવા મંચ દ્વારા સુરત મહાનગર પાલિકા માં સેવા આપતા કર્મચારી, અધીકારીઓ વોર્ડ ઓફિસર સિકારી સાહેબ અને તમામ બેલદારોનો ફુલ અને ગુલદસ્તો આપી ને સન્માન કરવામાં આવ્યું હતું. તેમની સાફ સફાઈ ને ધ્યાન માં લઇ સુરત શહેર ને નંબર વન ૧ બન્યા છે.. અધ્યક્ષ શ્રી વિજય ટી. સોલંકી, ઉપ પ્રમુખ રોશન ખાન પઠાણ, એકતા યુવક મંડળ ના પ્રમુખ શ્રી હાજી જબ્બાર ખાન,રમઝુ ભાઈ, ઉષ્માન ભાઈ વગેરે વિસ્તાર ના અગયવાનો વોર્ડ ઓફિસના કર્મચારીઓ અને અધીકારીઓનો સન્માન કરતા તસવીર માં નજરે પડે છે.

શાળા પ્રવેશ ઉત્સવ અંગે શાળા સમિતિ દ્વારા વિશેષ આયોજન

નગર પ્રા.શાળા સમિતિ દ્વારા માર્ગદર્શક કાર્યક્રમ યોજાયો

સુરત, તા.૨૫

૨૧ મો કન્યા કેળવળી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ-૨૦૨૪ ની ઉજવણી અંતર્ગત નગર પ્રાથમિક શિક્ષણ સામિતિ આયોજિત આચાર્યસભા સંજીવકુમાર ઓડિટોરિયમ,પાલ સુરત મુકામે ૨૪/૦૬/૨૦૨૪ નાં રોજ ૯:૩૦ થી ૧૨:૩૦ ક્લાક દરમ્યાન યોજાયલ હતી. શાળા કાર્યક્રમને શિક્ષણ સામિતિ નાં ચેરમેનશ્રી રાજેન્દ્રભાઈ કાપડિયા, વાઈઝ ચેરમેનશ્રી રંજના ગોસ્વામી, શિક્ષણ સમિતિ નાં સભ્યશ્રીઓ, શાસનાધિકારીશ્રી, ઈચા.ઉપ શાસનાધિકારીશ્રી, ડે.કમિશનરશ્રી, ઈઝ/ઝઈઝ, આચાર્ય, શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

રાજ્યકક્ષા શિક્ષણ વિભાગ આયોજીત અને સુરત નગરપાલિકા તથા શિક્ષણ સમિતિ સુરતનાં ઉપક્રમે તા. ૨૬,૨૭ અને ૨૮ નાં રોજ ૩૫૯ શાળા ની ૧૯૦ શાળા ભવનોમાં સવારે ૮:૦૦/૧૦:૦૦/૧૨:૦૦ કલાકે કન્યા કેળવળી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ ની ઉજવણી થશે,જેમાં સાસંદશ્રી, રાજ્યકક્ષાનાં ગૃહમંત્રીશ્રી, હર્ષસંઘવી, IAS-IPS અધિકારીઓ, મેયરશ્રી પાલિકાનાં ચેરમેનશ્રી, વાઈઝ ચેરમેનશ્રી, સભ્યોશ્રી, સહિત તમામ સ્કુલના વિસ્તારના - શહેરનાં સામાજિક આગેવાનો પણ ઉજવણીમાં જોડાઈને બાળકોને કુંમકુંમ પગલાં કરી પ્રવેશ કરાવશે.

મીટીગમાં ચેરમેનશ્રી રાજેન્દ્ર કાપડિયાસર, વાઈઝ ચેરમેનશ્રી રંજનાબેન, સાંસ્કૃતિક સમિતિ નાં ચેરમેનશ્રી નિરંજના જાની, ડે.કમિશનરશ્રી, ઈચા. શાસનાધિકારીશ્રીએ પ્રાસંગિક વવ્યો અને પ્રેરક સૂચનો આપ્યા હતા. દરેક શાળામાં સુવ્યસ્થતિ ઉજવણી થાય તે માટે કાર્યક્રમનાં નોડેલશ્રી હસનશા કન્વીનરે PPT દ્વારા સમગ્ર શાળાનાં કાર્યક્રમની કાર્યસૂચિ-કાર્યવાહી કામગીરીની સુચના વિસ્તૃત પણે સમજાવી હતી.

રાજયસરકાર સુરત મહાનગરપાલિકા અને શિક્ષણ સમિતી દ્વારા આપવામાં આવતી સુવિધાઓ તથા બજેટમાં વધારો કરી રહી છે. તેના પ્રયાસ થકી સુરત નગરા પ્રાથમિક શિક્ષણ સમિતિમાં શાળાઓમાં પ્રેવેશ માટે વેઈટીગ ચાલે છે. સ્પર્ધાત્મક-શિષ્યવૃત્તિ પરીક્ષામાં સમિતિનાં બાળકો મોટા પાયે છે અને નામાંકાનમાં વધારો થઈ રહ્યો છે. તે માટે સૌ મહાનુભવો એ શાળાનાં આચાર્યશ્રીને અભિનંદન આપ્યા હતા. આવકાર અને અહેવાલ ઈ.ચા શાસનાધિકારીશ્રી એ રજુ કરેલ તથા અભારવિધિ ઉપ શાસનાધિકારીશ્રી નિમિષાબેન પટેલે કરી હતી. ચેરમેનશ્રી, વાઈઝ ચેરમેનશ્રી, સાંસ્કૃતિક કન્વીનરે પ્રાસંગિક ઉદબોધનો કર્યા અને પ્રોત્સાહિત કર્યા હતા.

ઓલપાડ તાલુકાની કમરોલી પ્રા. શાળામાં શૈક્ષણિક કીટનું વિતરણ

સુરત, તા.૨૫

જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, સુરત સંચાલિત ઓલપાડ તાલુકાની કમરોલી પ્રાથમિક શાળામાં કિરીટભાઈ ડાહ્યાભાઇ પટેલ તરફથી તમામ બાળકોને શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

શાળામાં યોજાયેલ એક નાનકડા કાર્યક્રમમાં કિરીટભાઈ પટેલ તરફથી મળેલ બાળોપયોગી દફતર, નોટબુક, બોલપેન, પેન્સિલ, રબર, ફૂટપટ્ટી જેવી વસ્તુઓની કીટ શાળાના તમામ બાળકોને વિતરીત કરવામાં આવી હતી. આ તકે બાળકોમાં આનંદની લહેર પ્રસરી જવા પામી હતી. આ પ્રસંગે કિરીટભાઈએ સૌ બાળકોને શૈક્ષણિક પ્રગતિ માટે આશીર્વચન પાઠવ્યા હતાં. શાળાનાં આચાર્યા શ્રીમતી જ્યોતિબેન પટેલે કિરીટભાઈની સખાવતને બિરદાવી તેમનો આભાર વ્યક્ત કર્યો હતો. એમ પ્રચાર-પ્રસાર પ્રતિનિધિ વિજય પટેલ એક અખબારી યાદીમાં જણાવે છે.

રોટરી ક્લબ ઓફ અંકલેશ્વરને ૨૮ એવોર્ડ એનાયત કરાયા

સુરત, તા.૨૫

રોટરી ડિસ્ટ્રિક્ટ ૩૦૬૦ દ્વારા આયોજિત વાર્ષિક એવોર્ડ સમારંભ 'આનંદ અર્પણ'માં રોટરી ક્લબ ઓફ અંકલેશ્વરને ૨૮ એવોર્ડ મળેલ છે. જેમાં પ્રેસિડેન્ટ ઘનશ્યામભાઈને સર્વોચ્ચ ડાયમંડ પ્રેસિડેન્ટ એવોર્ડ, સર્વોચ્ચ પ્રેસિડેન્ટ સેક્રેટરી જોડીનો એવોર્ડ, ક્લબ ફર્સ્ટ લેડી કૈલાશબેન ગજેરાને બેસ્ટ સર્પોર્ટિંગ સ્પાઉસ એવોર્ડ, રોટરી ડિસ્ટ્રિક્ટ ૩૦૬૦ નાં ૧૦૬ કલબમાંથી સર્વોચ્ચ ડાયમંડ ક્લબ એવોર્ડ તથા ૫૦૦૦ રોટરિયનમાંથી બેસ્ટ ૧૫ રોટરિયનમાં ૨ એવોર્ડ અંકલેશ્વરન્ ડિસ્ટ્રિક્ટ સેક્રેટરી ઈશ્વર સજ્જન અને ક્લસ્ટર સેક્રેટરી રાજેશ નહાતા સહિત આ વર્ષ દરમિયાન અંકલેશ્વરમાં કરેલ બેસ્ટ કામગીરી બદલ અંક્લેશ્વર ક્લબને ૨૮ એવોર્ડ પ્રાપ્ત થયેલ છે. સદર ઉપલબ્ધિને અંક્લેશ્વર નગરજનોએ વધાવી હતી.

મકાઈ પાકમાં

છઠ્ઠા પાનાનું ચાલુ

કિલોગ્રામ બીજ દીઠ માવજત આપીને વાવવી.પૂંછડે ચાર ટપ કાંવાળી લશ્કરી ઈયળ અથવા ફોલ આર્મીવોર્મના નિયંત્રણ માટે મકાઈની વાવણી પહેલા ૧૦ થી ૧૫ દિવસે લીમડાનો ખોળ ૨૫૦ કિલોગ્રામ પ્રતિ હેક્ટર પ્રમાણે જમીનમાં નાખવાથી કોશેટામાંથી ફુદા નીકળવાનું પ્રમાણ ઘટશે. મકાઈમાં પાછોતરો સૂકારો રોગના નિયંત્રણ માટે વાવતા પહેલા ચાસમાં કાર્બોફ્યુરાન ૩જી ૩૩ કિલોગ્રામ પ્રતિ હેક્ટર અથવા લીંબોળીનો ખોળ ૧ ટન પ્રતિ હેક્ટર નાખવું એક કિલો બીજ દીઠ ૩૦ ગ્રામ કાર્બોસલ્ફાન ૨૫ એસડીની માવજત આપવી.

પિયત અને રાસાયણિક ખાતરનો વપરાશ ભલામણ મુજબ જ કરવો. વધુમાં દવાના વપરાશ વખતે દવા ઉપર આપવામાં આવેલ લેબલ મુજબ જે તે પાક માટે, આપવામાં આવેલ ડોઝ અને જે તે રોગ/જીવાત માટેની દવા છે તે ભલામણ મુજબ અનુસવું.

આ અંગે વધુ જાણકારી આપના વિસ્તારના ગ્રામસેવક /વિસ્તરણ અધિકારી/ ખેતી અધિકારી/ તાલુકા અમલીકરણ અધિકારી/ મદદનીશ ખેતી નિયામક/ જિલ્લા ખેતીવાડી અધિકારી/ નાયબ ખેતી નિયામક (વિસ્તરણ)/ નાયબ ખેતી નિયામક (તાલીમ)નો સંપર્ક કરવા સુરત જિલ્લા ખેતીવાડી અધિકારી યાદીમાં જણાવાયું છે.

નવસારી જિલ્લામાં

છઠ્ઠા પાનાનું ચાલુ

પંચાયત દિઠ દર ૧૫ દિવસે પ્રાકૃતિક ખેતી વિશેની તાલીમનું આયોજન મોડલ ફાર્મ જાહેર થયેલા પ્રાકૃતિક ફાર્મ ખાતે યોજવામાં આવે છે. તાલીમમાં પ્રાકૃતિક ખેતીના ફાયદા, જીવામૃત, બીજામૃત, ઘનામૃત બનાવવાની રીત સહિત પ્રાકૃતિક ખેતી સંલગ્ન અનેક બાબતો અંગે તેઓને માહિતગાર કરવામાં આવે છે.

તાજેતરમાં નવસારી તાલુકાના કુરેલ ગામમાં આત્મા પ્રોજેક્ટ અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા યોજાયેલ 'પ્રાકૃતિક ખેતી તાલીમમા ભાગ અંદાજીત ૪૦ જેટલા ખેડૂતો અને ગ્રામ સેવકોએ ભાગ લીધો હતો. જેમાંથી એક ખેડૂત તાલીમાર્થી મોહનસિંહ ચૌહાણે પ્રાકૃતિક ખેતી સાથે જોડાવાના વિચાર અંગે જણાવ્યું હતું કે, 'પ્રાકૃતિક ખેતીને લગતા સેમીનાર સમયાંતરે થવા જોઈએ. વૈજ્ઞાનિકો અને ખેડૂતો મારફત વિવિધ બાબતો અંગે જાણકારી મળે છે. આ પ્રકારના સેમીનારના કારણે મને પણ થયુ કે હું પણ મારૂ ફાર્મ આ પધ્ધતી મુજબ જ બનાવું.'

વાંસદા એપીએમસીમાં

છઠ્ઠા પાનાનું ચાલુ

હતો ખેડુતો ના આંબા ઉપર ની કેરી ઓ પડી જતા શરુઆત થી જ વાંસદા એ.પી.એમ.સી માર્કેટ માર્કેટ મા ધારવા કરતા ઓછી કેરી આવતા જ કેરી ના ભાવો આશમાને હતા જેથી આ વર્ષે મધ્યમ વર્ગ ની જનતા ઓને કેરી ખાવુ મુશ્કેલી બન્યુ હતુ જયારે કેરી ચાલી રહેલી છેલ્લા મોસમ ની કેરી માં ઐતિહાસિક ભાવો બોલાતા હોવા છતા માર્કેટ માં આમ જનતા ને કેરી મળવુ મુશ્કેલીઓ રૂપ બન્યુ હતુ કારણ કે માર્કેટ માં કેરી આવે એટલે વેપારીઓ ઉચા ભાવે કેરી લઈ લેતા હોય છે જેથી ૨૦૨૪ માં સો પ્રથમ વાર કેરી ખાવુ એ આમ જનતા માટે મુશ્કેલીઓ રૂપ બન્યુ હતુ

ઉજ્જવળ ભાવિનું

છઠ્ઠા પાનાનું ચાલુ

જ્ઞાન અને જવાબદારીની સમજ પૂરી પાડે છે. સાથે જ શાળાના બગીચામાં થતી ઔષધિનો ઉપયોગ શાળાના શિક્ષકો સહિત દરેક વિદ્યાર્થી પણ કરે છે. અને અહી ઊગતા શાકભાજીનો ઉપયોગ મધ્યાહ્ન ભોજન યોજનામાં બનતા ભોજનમાં કરાય છે, જે તેમનામાં 'સૌ સહુનું સહિયારૂ'ની ભાવના કેળવે છે.

શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા વિષે વાત કરતાં આચાર્યશ્રી જણાવે છે કે, શાળાઓના નવીનીકરણ બાદ લોકો ખાનગી શાળાની જગ્યાએ અમારી સરકારી શાળા તરફ આકર્ષાયા છે, જેથી બાળકોની સંખ્યામાં પહેલા કરતાં ધરખમ વધારો થયો છે. પહેલા જયાં બાળકોની સંખ્યા ૩૫૦ આસપાસ રહેતી એ હવે છેલ્લા કેટલાક વર્ષોથી સરેરાશ ૫૦૦ જેટલી થઈ છે. જે સરકારી શાળાઓ માટે હકારાત્મક ટર્નિંગ પોઈન્ટ છે. સાથે જ રાજ્ય સરકાર દ્વારા અપાતી અદ્યતન ટેકનોલોજીયુક્ત સંસાધનો અને ભૌતિક સુવિધાઓ પણ ખૂબ અગત્યનો ભાગ ભજવે છે. વિશેષતઃ આચાર્યશ્રીએ ઉમેર્યું કે, ગામેગામ પહોંચેલી રાજ્યસરકારની 'નળ સે જળ' યોજનાને કારણે સવારે ઉઠી પાણી ભરવાની નિત્ય ક્રિયામાં રોકાઈ રહેતી દિકરીઓ હવે નિશ્ચિત થઈ શિક્ષણમાં પરોવાઈ છે. જેના કારણે શાળામાં ઉત્તરોઉત્તર દીકરીઓની સંખાયામાં વધારો નોંધાયો છે.

શાળાના પ્રાંગણમાં વિશેષરૂપે ટાઈલ્સ બ્લોકની ગોઠવણ, વર્ગખંડોની બહાર બ્રેઈલ લિપી લખાણ અને દિવ્યાંગ ટોઈલેટ સહિતની દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટેની સુવિધા ખાસ આકર્ષણનું કેન્દ્ર છે. શાળાના દરેક માળ પર પૂર, ભૂકંપ, આગ, વા-વંટોળ કે વાવાઝોડું, વીજળી સહિતની કુદરતી કે માનવસર્જિત આકસ્મિક પરિસ્થિતિઓ માટે આપત્તિ વ્યવસ્થાપન પ્લાન પ્રદર્શિત કરવામાં આવ્યા છે. સાથે જ આપત્તિના સમયે પ્રાથમિક મદદ માટેના દરેક ફોન નંબરો, બચાવ અમને સુરક્ષાના પગલાઓ જેવી વિગતો લાઈવ ડિસ્પ્લે થાય છે. તેમજ વિવિધ આપત્તિના સમયનું યોગ્ય માર્ગદર્શન આપી દર મહિને બાળકોની ભાગીદારી સાથેની લાઈફ સ્કીલ માટેની મોકડ્રીલ યોજવામાં આવે છે.

શિક્ષણ પદ્ધતિ હોય કે આધુનિક સુવિધા 'જ્ઞાનના મંદિર'ની પરિભાષાને સર્વસાર્થક કરતી નવી પારડી પ્રાથમિક શાળા સાચે જ એક આદર્શ પ્રાથમિક શાળા હોવાની સાબિતી પૂરી પાડે છે.

'આધુનિક ટેકનોલોજીથી સજ્જ શાળામાં અમે સ્માર્ટ ક્લાસ વડે શિક્ષણ મેળવી છીએ': વિદ્યાર્થિની પ્રાચી વસાવાઃ નવી પારડી પ્રા.શા.ની ધો.૭ની વિદ્યાર્થિની પ્રાચી જણાવે છે કે, અમારી શાળા આધુનિક ટેકનોલોજીથી સજ્જ હોવાથી અમને સ્માર્ટ ક્લાસ વડે શિક્ષા આપવામાં આવે છે. સાથે જ શાળામાં અમને શિક્ષણ સિવાય કૌશલ્ય આધારિત પ્રવૃત્તિઓ અને સ્પર્ધાઓ પણ કરાવે છે. જેથી અમે કંઈક નવીન શીખવાની તક મળે છે.

૨૭ અને ૨૮

છઠ્ઠા પાનાનું ચાલુ

બાળકોને શાળા પ્રવેશ કરાવશે. મુખ્યમંત્રીશ્રીના આ કાર્યક્રમ સંદર્ભે, ડાંગ જિલ્લા કલેક્ટર શ્રી મહેશ પટેલ સહિતના ઉચ્ચાધિકારીઓએ સ્થળ મુલાકાત કરી જરૂરી સમીક્ષા હાથ ધરી હતી.

બેઠકમાં ડાંગ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ નિર્મળાબેન ગાઈન, જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના અધ્યક્ષ શ્રીમતિ બીબીબેન ચૌધરી સહિત જિલ્લા પોલીસ વડા શ્રી યશપાલ જગાણીયા, અધિક કલેક્ટર શ્રી બી.બી.ચૌધરી, નાયબ વન સરક્ષક શ્રી રવિ રાધાકિષ્ના, શ્રી દિનેશ રબારી, જિલ્લા શિક્ષણાધિકારી શ્રી જીગ્નેશ ત્રીવેદી સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

નવસારીમાં

છઠ્ઠા પાનાનું ચાલુ

પ્રમુખશ્રી ગણદેવી, ખેરગામ ખાતે રાજેશ પટેલ- તાલુકા પંચાયત પ્રમુખશ્રી ખેરગામ તથા અન્ય અગ્રણીઓએ અભિયાનના ઉદ્ઘાટનોમાં હાજર રહી લોકોને અભિયાનમાં જોડાવા પ્રેરિત કર્યા હતા.

જિલ્લા કક્ષાએ અભિયાનના સુચારુ સંચાલન, મોનીટરીંગ તથા વ્યવસ્થા જળવાય રહે તે માટે ડૉ.રાજેન્દ્ર રંગુનવાલા, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, ડૉ.રાજેશ પટેલ- જિલ્લા આર.સી.એચ.અધિકારીશ્રી, ડો. મયંક પટેલ, અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, ડો.પિનાકીન પટેલ, જિલ્લા ક્ષય અધિકારીશ્રી, ડો.ભાવેશ પટેલ, રોગચાળા નિયંત્રણ અધિકારીશ્રી સહિત વિવિધ પદાધિકારી-અધિકારીશ્રીઓએ પોલિયો બૂથોની વીઝીટ કરી માર્ગદર્શન પુરું પાડ્યું હતું.

ઓલપાડમાં

છેલ્લા પાનાનું ચાલુ

વડોદરાથી બોલાવવામાં આવી છે અને આવતીકાલે પણ વરસાદ પડવાની સંભાવના છે. અલબત્ત આજે બપોર સુધી વરસાદ પડ્યો નથી.

શહેરમાં રાંદેર

છેલ્લા પાનાનું ચાલુ

ઉકાઈ ડેમનું જળસ્તર આજે સવારે ૩૦૫ .૭૧ ફૂટ અને કોઝવેનું જળસ્તર પાંચ મીટર નોંધાયું હતું.

સુરતમાં

છેલ્લા પાનાનું ચાલુ

ધો.૯માં ૧૫૨૮૫ તથા ધો.૧૧માં ૯૧૭૬ મળી કુલ ૩૭,૮૪૬ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે. જયારે ધો.૧ ની ૧૦૩૭ દીકરીઓ તથા ધો.૮ પાસ ૯૩૩ દીકરીઓને પાકી મુદ્દતે વિદ્યાલક્ષ્મી બોન્ડ એનાયત કરાશે.આ પ્રવેશોત્સવમાં ગૃહરાજયમંત્રીશ્રી હર્ષ સંઘવી અને વન, પર્યાવરણ રાજયમંત્રીશ્રી મુકેશભાઈ પટેલ તથા ગાંધીનગરથી ઉચ્ચ અધિકારીઓ તથા જિલ્લાના પદાધિકારી-અધિકારીઓ ત્રણ દિવસ શહેર તથા જિલ્લાની શાળાઓમાં બાળકોને પ્રવેશ અપાવશે. મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષ-સ્થાને ગાંધીનગર ખાતે આયોજિત શાળા પ્રવેશોત્સવ-કન્યા કેળવણી મહોત્સવની બેઠકનું લાઈવ પ્રસારણ સૌએ નિહાળ્યું હતું. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શિવાની ગોયલ, જિલ્લા શિક્ષણાધિકારી ભગીરથસિંહ પરમાર તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી જે.એમ.પટેલ તથા માહિતી ખાતાના અધિકારી ઉપસ્થિત રહ્યા હતા.

ભાજપ કોર્પોરેટર

છેલ્લા પાનાનું ચાલુ

તથા દુઃખ દર્દની વાતો કરીને રૂપિયા પાંચ લાખ ઉસેટી લીધા હતા. જેની સામે સુરત મહાનગરપાલિકાના ભાજપના કોર્પોરેટર દર્શિનીબેન કોઠીયા એ સામે બે ચેક આપ્યા હતા. નિયત સમયમાં આ બંને ચેકો બેંકમાં ડિપોઝિટ કરાવતા ચેક રિટર્ન થયા હતા. ત્યારબાદ ડોક્ટર શ્રદ્ધા રાજપૂતે ગાંધીનગર સેક્ટર ૨૧ પોલીસ સ્ટેશનમાં દર્શનની બેન કોઠીયા સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોધી તપાસ શરૂ કરી છે.. ડોક્ટર શ્રદ્ધા રાજપુત પાસેથી રૂપિયા પાંચ લાખ દર્શનીબેન કોઠીયા એ વર્ષ ૨૦૨૨ માં લીધા હતા.

કાલે સુરત

છેલ્લા પાનાનું ચાલુ

ગયો હતો. સુરત મહાનગર પાલિકામાં માસીક સામાન્ય સભા અને અઠવાડીક સ્ટેન્ડીંગ કમીટીની મીટીંગ ફોર્માલીટી ખાતર બોલાવવામાં આવી હતી. જેમાં વિકાસનાં કોઈ કામો એજેન્ડા પર લેવામાં આવતા ન હતા એવું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું.

અમૃત ભારત

છેલ્લા પાનાનું ચાલુ

સચિન, ભેસ્તાન, બારડોલી, નંદુરબાર, અમલનેર, ધરણગાવ વગેરેનો સમાવેશ થાય છે. ૧૭ સ્ટેશનો પર છૂટક કિઓસ્ક, એલિવેટર્સ અને એસ્કેલેટર સાથે રૂફ પ્લાઝાના રૂપમાં ૧૨ મીટર પહોળા FOBનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

વધુમાં તેમણે કહ્યું કે બુકિંગ કાઉન્ટર પર ટિકિટ જારી કરતા મુસાફરો અને બુકિંગ ક્લાર્ક વચ્ચેના સંદેશાવ્યવહારમાં સુધારો કરવા માટે, પશ્ચિમ રેલ્વેએ ઉધના-જલગાંવ સેક્શન પર ૧૦ સ્ટેશનો પર ટોક બેક સિસ્ટમ ઈન્સ્ટોલ કરવામાં આવી છે. સુરક્ષા પગલાં વધારવાના ઉદ્દેશ્ય સાથે, સ્ટેશનો પર વધુ CCTV કેમેરા લગાવવામાં આવી રહ્યા છે. આ ટોકબેક સિસ્ટમ મુસાફરો અને કાઉન્ટર પર ટિકિટ જારી કરતા કર્મચારીઓ વચ્ચે દ્વિ-માર્ગી સંચારને સરળ બનાવવામાં મદદ કરશે. ઉપરાંત, ટિકિટ બુકિંગ દરમિયાન પેસેન્જર અને બુકિંગ ક્લાર્ક વચ્ચેની ગેરસમજને કારણે થતી તકરારને કાબૂમાં લેવામાં આવશે. અને પારદર્શિતા જળવાઈ રહેશે. મુસાફર બુકિંગ ક્લાર્ક પાસેથી ટોક બેક સિસ્ટમ દ્વારા વાતચીત સાંભળી શકે છે.

શારીરિક રીતે અશક્ત મુસાફરોની જરૂરિયાતોને પહોંચી વળવા સ્ટેશનના પ્રવેશદ્વારની નજીક ખાસ ડિઝાઇન કરાયેલ શૌચાલય અને પીવાના પાણીના બૂથ અને આરક્ષિત પાર્કિંગ જગ્યાઓ તૈયાર કરવામાં આવી છે. દૃષ્ટિહીન મુસાફરોની સગવડ માટે ૩૯ સ્ટેશનો પર બ્રેઇલ સંકેત તૈયાર કરવામાં આવ્યા છે, જ્યારે આવા મુસાફરોને સ્ટેશનો પર સુરક્ષિત રીતે નેવિગેટ કરવામાં મદદ કરવા માટે સ્પર્શેન્દ્રિય માર્ગો પણ તૈયાર કરવામાં આવ્યા છે. તમામ બિન-ઉપનગરીય સ્ટેશનો પર કુલ ૮૬ વ્હીલચેર ઉપલબ્ધ છે, જ્યારે ઉપનગરીય સ્ટેશનો પર પ્લેટફોર્મ દીઠ ૧ વ્હીલચેરની જોગવાઈ કરવામાં આવી છે. ૨૪ સ્ટેશનો પર પહેલેથી જ ૬૯ લિફ્ટ છે હજુ ૧૩ પર કામ ચાલી રહ્યું છે જેમાં ચોમાસાની સિઝન પછી વધુ ૧૩ લિફ્ટ ઇન્સ્ટોલ કરવામાં આવશે.

નવી સિવિલ

છેલ્લા પાનાનું ચાલુ

નિર્ણય લેતો નથી તે વિશે અનેક સવાલો ઉઠી રહ્યા છે. તંત્ર કોઈ મોટી દુર્ઘટનાની રોહ જોતુ હોઈ તેવુ લાગી રહ્યુ છે. ગત શુક્રવારે ડાયાલીસીસની સારવાર લેવા આવેલી કેન્સર પીડિત મહિલા દરદી ઉપર પડેલા સ્લેબ વાળી ઘટનાએ તંત્રને ચેત્યો છે, પરંતુ આ ઘટનાથી પણ તંત્રએ આંખો મીચીને દરદીઓના હિતમાં કોઈ યોગ્ય નિર્ણય લીધો નથી. ત્યારે વધુ એક સ્લેબ પડ્વાની ઘટના સામે આવી છે.

જર્જરિત જુની બિલ્ડીંગમાં હાડકા અને બર્ન્સ વોર્ડ સહિતના અનેક વોર્ડમાં મોટી સંખ્યામાં દરદીઓ સારવાર લેવા આવી રહ્યા છે. જુની બિલ્ડીંગમાં મોટી મોટી તિરાડો પડી છે. સ્લેબો તુટી પડવાની સ્થિતીમાં છે. અંદાજે ગઈ કાલે હાડકા અને બર્ન્સ વોડની પાછળના ભાગે સ્લેબ તુટી પડ્યા હતા. તંત્રએ સ્લેબના ભાગે લોખંડના બે ટેકા મુકીને પાટા પિંડી કરી દીધી છે.

જીએસટીની

છેલ્લા પાનાનું ચાલુ

છેતરપિંડી કરી હતી. આ કેસની સુનાવણી દરમિયાન બચાવ પક્ષે એડવોકેટ કેતન રેશમવાલા તથા સાગર મોદી દ્વારા દલીલો કરવામાં આવી હતી. જેને ગ્રાહ્ય રાખી કોર્ટે બિલ્ડરોને નિર્દોષ ઠેરવ્યા હતા. સાથે કોર્ટેનોંધ્યું કે, આ કેસમાં બિલ્ડરો જીએસટી વીભાગમાંથી કોઈ નોટીસ નીકળી હોવાની હકીકત રેકર્ડ ઉપર આવી નથી અને ફરિયાદીએ પણ રકમ ફરીથી ભરવી પડી હોય કે નોટિસ મળી હોવાનું જણાતું નથી, તે સંજોગોમાં બિલ્ડરોએ કોઈ છેતરપિંડી કે વિશ્વાસઘાત કર્યો હોવાનુ જણાતુ નથી.

૧૦ લાખના

છેલ્લા પાનાનું ચાલુ

૨૦૨૦ માં અશ્વિન ભુંગળિયા પાસે રૂ. ૧૦ લાખ હાથ ઉછીના માંગ્યા હતા. વિપુલ સેંજરિયા એચ.આર.પીમાં નોકરી કરતા હોય અને અશ્વિન સાથે મિત્રતા હોવાથી અશ્વિને મદદનો હાથ લંબાવી રૂ . ૧૦ લાખની મદદ કરી હતી. આ અંગે પ્રોમિસરી નોટ પણ વિપુલે લખી આપી હતી. જોકે લીધેલી રકમ સામે આપેલા ચેક રિટર્ન થતાં, ફરિયાદી અશ્વિને વકીલ મારફતે કોર્ટમાં ચેક રિટર્નનો કેસ કર્યો હતો. આ કેસ કોર્ટમાં ચાલી રહ્યો હતો ત્યારે વિપુલે રૂ.૪.૩૭ લાખનું સમાધાન કરી લીધું હતું. તેમ છતાં પણ એમ ઓયુ મુજબ આપેલો ચેક રિટર્ન થયો હતો. આ કેસ ફરી કોર્ટમાં ચાલતા કોર્ટે એડવોકેટની દલીલો અને રિટર્ન થયેલા ચેકના પુરાવા માન્ય રાખી આરોપી વિપુલ સેંજરીયાને એક વર્ષની સજા અને રિટર્ન થયેલા ચેકની રકમ ફરિયાદી ને ૬ ટકા વ્યાજ સહિત ચૂકવી દેવા હુકમ કર્યો હતો.

નવા ફોજદારી

છેલ્લા પાનાનું ચાલુ

માર્ગદર્શન આપનાર છે. ૨૬ જુનથી ત્રણ દિવસ સ્ટડી સર્કલનો કાર્યક્રમ રહેશે. ૨૬ જુને ૨ વાગે સિનીયર વકીલ મનિષ દેસાઈ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ઉપર, ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ઉપર સિનીયર વકીલ કનુ પટેલ અને ભારતીય સાક્ષ્ય અધિનિયમ-૨૦૨૩ અંગે સિનીયર વકીલ જતિન ગાંધી વકતવ્ય આપશે.

ભાજપના

પહેલા પાનાનું ચાલુ

લોકસભા ચૂંટણીમાં મહારાષ્ટ્રમાં પાર્ટીનું ખરાબ પ્રદર્શન અને ત્રણ મહિના બાદ ઓક્ટોબરમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને કાર્યકારી અધ્યક્ષ તરીકે વિનોદ તાવડે પાર્ટીની પ્રથમ પસંદગી બની શકે છે. મરાઠા સમુદાયમાંથી આવતા તાવડે વિધાનસભા ચૂંટણીમાં પાર્ટીનો સમર્થન પાછું લાવવામાં મદદરૂપ થઈ શકે છે. વિનોદ તાવડે હાલમાં પાર્ટીના રાષ્ટ્રીય મહાસચિવ છે.તો, ૨૦૧૪, ૨૦૧૭, ૨૦૧૯ અને ૨૦૨૨માં ઉત્તર પ્રદેશમાં ભાજપની જંગી જીત માટે વ્યૂહરચના બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવનાર સુનિલ બંસલ પણ કાર્યકારી અધ્યક્ષની રેસમાં હોવાનું કહેવાય છે. રાષ્ટ્રીય મહાસચિવ તરીકે સુનીલ બંસલને આ વખતે પશ્ચિમ બંગાળ, ઓડિશા અને તેલંગાણાની જવાબદારી સોંપવામાં આવી હતી. એકંદરે નવા ચહેરા પર પાર્ટી કળશ ઢોળી શકે છે.

ઉપવાસ પર

પહેલા પાનાનું ચાલુ

રિપોર્ટમાં જણાવાયું છે કે દર્દી (આતિશી)ને હોસ્પિટલમાં દાખલ થવા અને ખોરાક લેવા માટે કહેવામાં આવ્યું હતું, પરંતુ તેણે ઇનકાર કર્યો હતો.છછ નેતાઓએ કહ્યું કે આતિષીનું વજન સતત ઘટી રહ્યું છે. ૨૧ જૂને ભૂખ હડતાળ પર બેસતા પહેલા તેમનું વજન ૬૫.૮ KG હતું, જે ભૂખ હડતાળના ચોથા દિવસે ઘટીને ૬૩.૬ ક્વ્ય થઈ ગયું. એટલે કે માત્ર ૪ દિવસમાં તેનું વજન ૨.૨ કિલો ઘટી ગયું છે.

છછએ જણાવ્યું હતું કે તેમની ભૂખ હડતાલના પહેલા દિવસની સરખામણીમાં ચોથા દિવસે તેમનું બ્લડ સુગર લેવલ ૨૮ યુનિટ ઘટી ગયું હતું. આ સાથે તેનું બ્લડ પ્રેશર પણ ઓછું થઈ ગયું છે. ડોક્ટરોએ આતિશીનું બ્લડ શુગર લેવલ, બ્લડ પ્રેશર અને વજન જે ઝડપે ઘટી રહ્યું હતું તેને ખતરનાક ગણાવ્યું હતું.

ભારતમાં દર

પહેલા પાનાનું ચાલુ

અનેક કિસ્સાઓને બેન્કીંગ ફ્રોડ તરીકે ગણવામાં આવતા નથી. સંબંધીત વ્યકિતએ સ્વેચ્છાએ થર્ડ પાર્ટીને નાણાં ટ્રાન્સફર કર્યા હોવાથી તે એક ફ્રોડ ગણાતો નથી.

ગત ફેબ્રુઆરીનાં ઈલેકટ્રોનિકસ એન્ડ આઈટી મંત્રાલય હેઠળની કમીટીએ કહ્યું હતું કે ગત વર્ષે સપ્ટેમ્બર ૨૦૨૩ સુધીમાં નેશનલ સાયબર ક્રાઈમ રીપોર્ટ'ગ પોર્ટલ પર ૫૫૭૪ કરોડની રકમને સાંકળતા ડીજીટલ ફ્રોડનાં કેસ નોંધાયા હતા. ગત વર્ષે અન્ય એક આરટીઆઈ અરજીમાં એ

સાંધ્ય દૈનિક

પ્રતાપ દર્પણ

મંગળવાર, તા.૨૫ જૂન ૨૦૨૪ | મોબાઈલ : ૯૮૨૫૫ ૩૨૫૦૫, E-mail : pratap_darpan@yahoo.co.in

શહેરમાં રાંદેર ઝોનમાં માત્ર છ મીમી વરસાદ

સુરત, તા.૨૫

સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાનું આગમન ધીમે ધીમે શરૂ થઈ ચૂક્યું છે ત્યારે છેલ્લા ૨૬ કલાકમાં શહેરના વિવિધ વિસ્તારોમાં છૂટો છવાયો વરસાદ પડ્યો હતો.

જોકે ગઈકાલે સવારે ૬:૦૦ વાગ્યાથી આજે સવારે ૮:૦૦ વાગ્યા સુધીમાં ફલડ કન્ટ્રોલ રૂમમાં વરસાદના જે આંકડા નોંધવામાં આવ્યા છે તે જોતા સેન્ટ્રલ ઝોન માં ૧એમએમ, રાંદેર ઝોનમાં ૦૬એમએમ, કતારગામ ઝોનમાં ૨એમ એમ, વરાછા એ જોનમાં ૦૦ એમએમ, વરાછા બી ઝોન મા ૦૧એમ એમ , લિંબાયત ઝોન માં ૦૦એમએમ, ઉધના ઝોન મા ૦૦ એમ એમ .અને અથવા ઝોનમાં ૦૦ એમ.એમ. વરસાદ પડ્યો હતો.

અનુસંધાન પાના ૭ પર

ઓલપાડમાં બે, વ્યારા-વાલોડમાં પોણા બે ઈંચ જેટલો વરસાદ પડ્યો

આહવા, ઉમરપાડામાં એક અને વલસાડમાં દોઢ ઈંચ વરસાદ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૫

સુરત શહેર-જિલ્લા સહિત સમગ્ર દક્ષિણ ગુજરાત ઉપરાંત સંઘપ્રદેશ દમણમાં પણ આજે મંગળવારે જોરદાર વરસાદ પડવાની આગાહી વચ્ચે ઠેર-ઠેર છૂટો છવાયો વરસાદ પડી રહ્યો છે. આ દરમિયાન ગઈકાલે સવારથી આજે મંગળવાર સવાર સુધીનાં ૨૪ કલાકમાં સૌથી વધુ વરસાદ સુરતનાં ઓલપાડ તાલુકામાં ૪૭ મીમી નોંધાયો છે.

વિવિધ ફલડ કંટ્રોલ વિભાગ દ્વારા જણાવ્યા મુજબ છેલ્લાં ૨૪ કલાકમાં આજે સવાર સુધી સુરતનાં ઓલપાડમાં ૪૭ મીમી, ઉમરપાડામાં ૨૪ મીમી વરસાદ પડ્યો છે. જ્યારે તાપી જિલ્લાના વ્યારામાં ૪૦, વાલોડમાં ૪૪, ડોલવણમાં ૭ મીમી વરસાદ પડ્યો છે. આજ પ્રમાણે નવસારીનાં જલાલપોરમાં ૬ મીમી વરસાદ થયો છે. છેલ્લાં ૨૪ કલાક દરમિયાન ડાંગ જિલ્લાનાં આહવામાં ૨૫, સાપુતારામાં ૧૦, વઘઈમાં ૪૦ અને સુબિરમાં ૧૦ મીમી વરસાદ પડ્યો છે તથા વલસાડ જિલ્લાનાં વલાસાડ શહેરમાં ૩૭ મીમી વરસાદ નોંધાયો છે. સુરત શહેરમાં આજે સવારથી વરસાદ બંધ છે. વાદળછાયા વાતાવરણ વચ્ચે આજે સવારે પણ ઉંચુ તાપમાન નોંધાયું છે. આજે દક્ષિણ ગુજરાતમાં વરસાદની આગાહી વચ્ચે ઠેર-ઠેર છૂટો છવાયો વરસાદ પડ્યો હોવાનું જાણવા મળે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આજે વલસાડમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી હોવાથી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા એનડીઆરએફની બે ટુકડીઓ

અનુસંધાન પાના ૭ પર

દૃશ્યમાન તસ્વીરમાં લારીમાં વેચાતા આ તરબુર નથી પણ ચીભડાં છે. સૌરાષ્ટ્રમાં તરબુચ જેવા મોટા કદનાં ચીભડાંની ખેતી કરવામાં આવે છે. કતારગામ જેરામ મોરારની વાડી પાસેનાં રોડ પર તરબુચ જેવા દેખાતા મહાકાય ચીભડાંનું વેચાણ લારીમાં કરવામાં આવી રહયું છે.

ગુજરાત સરકાર દ્વારા આગામી તા.૨૬મીથી શાળાપ્રવેશ તથા કન્યા કેળવણી મહોત્સવનું આયોજન કરાયું છે ત્યારે સુરત આમ આદમી પાર્ટી દ્વારા સુરત જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી સ્કૂલોમાં શિક્ષકોની ભરતી સહિતનાં વિવિધ મુદ્દે માંગણી કરી કલેક્ટર કચેરીએ વિરોધ પ્રદર્શન કર્યું હતું.

સુરતમાં ૨૬મીથી ત્રણ દિવસ કન્યા કેળવણી તથા શાળા પ્રવેશઉત્સવ

આંગણવાડી, પ્રાથમિક તથા માધ્યમિક શાળામાં પ્રવેશ મહોત્સવનું આયોજન

સુરત, તા.૨૫

શિક્ષણના અમૃતપાન વિના એક પણ બાળક વંચિત ન રહે તેવા આશયથી શિક્ષણ વિભાગ દ્વારા શાળા પ્રવેશોત્સવ-કન્યા કેળવણીના ૨૧મા તબક્કાનો પ્રારંભ આગામી તા.૨૬, ૨૭ અને ૨૮મી જૂનના રોજ સમગ્ર રાજ્ય સહિત સુરત શહેર-જિલ્લામાં થનાર છે. જેના આયોજન અર્થે જિલ્લા કલેકટર ડો.સૌરભ પારધીના અધ્યક્ષસ્થાને જિલ્લા કલેકટર કચેરીના સભાખંડમાં બેઠક યોજાઈ હતી.

બેઠકમાં કલેકટરશ્રીએ ત્રણ દિવસ દરમિયાન મંત્રીશ્રીઓ, સેક્રેટરીઓ તથા જિલ્લાના અધિકારીઓને રૂટની ફાળવણી કરવા અને લાઈઝન અધિકારીઓની નિમણુંક કરવા જણાવ્યું હતું. જિલ્લાની ૯૩૭ પ્રાથમિક શાળાઓ અને ૧૫૬ માધ્યમિક શાળાઓમાં મંત્રીશ્રીઓ, પદાધિકારીઓ સહિત ૧૦૦ અધિકારીઓ ગામડે ગામડે ફરીને શાળાઓમાં બાળકોને પ્રવેશ અપાવશે. જેમાં આંગણવાડીઓમાં ૨૦૧૭, બાલવાટિકાઓમાં ૯૫૭૭ અને ધો.૧માં ૧૭૯૧,

અનુસંધાન પાના ૭ પર

સુરતમાં વરસાદે વિરામ લેતા તાપમાનમાં ૧.૪ ડીગ્રીનો વધારો

સુરત શહેરમાં બપોર સુધીમાં ક્યાંય વરસાદ પડ્યો નથી

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૫

સુરત શહેરનાં રાંદેર વિસ્તારમાં છ મીમી વરસાદ પડ્યો છે. આ સિવાઈનાં વિસ્તારોમાં વરસાદ પડ્યો નથી. આ સાથે જ આજે મંગળવારે સવારે સુરતનાં તાપમાનમાં ફરી દોઢ ડીગ્રી જેટલો વધારો થયો છે.

હવામાન વિભાગનાં સૂત્રોએ જણાવ્યા મુજબ સુરત જિલ્લાના ઓલપાડમાં બે અને ઉમરપાડામાં એક ઈંચ વરસાદ છેલ્લાં ૨૪ કલાક દરમિયાન નોંધાયો છે. આ સિવાઈ જિલ્લાનાં મોટાભાગનાં વિસ્તારો કોરાકટ રહ્યાં છે અને વાદળછાયા વાતાવરણ વચ્ચે આજે તાપમાનમાં વધારો થયો છે.શ્વઆજે સવારે તાપમાન ૨૮.૪ ડીગ્રી નોંધાયું છે. જે ગઈકાલે સવારે ૨૭ ડીગ્રી નોંધાયું હતું એટલે આજે તાપમાન ૧.૪ ડીગ્રી વધી ગયું છે અને છેલ્લાં ૨૪ કલાક દરમિયાન મહત્તમ તાપમાન ૩૩.૬ ડીગ્રી છે. દક્ષિણથી દક્ષિણ-પશ્ચિમ તરફનો ત્રણ કિ.મી.ની ઝડપે પવન ફૂંકાતા ચોમાસાનાં કારણે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૮૫ ટકા નોંધાયું છે.

જીએસટીની રકમની છેતરપિંડી કેસમાં આરોપીઓ નિર્દોષ ઠર્યા

જીએસટી વિભાગ દ્વારા વસુલાત અંગે કોઈ નોટીસ કાઢવામાં આવી ન હતી

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૫

ડભોલીમાં શ્રી કોર્પોરેશનના ભાગીદારો દ્વારા નિર્મિત સુકન શ્રી એપાર્ટમેન્ટના ફ્લેટ હોલ્ડરો પાસેથી ફ્લેટ દીઠ રૂા.૯૩,૭૫૦ બિલ્ડરોએ જીએસટી પેટે પડાવી છેતરપિંડી કર્યા અંગે ચોકબજાર પોલીસમાં નોંધાયેલી ફરિયાદ અંતર્ગત કોર્ટે આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા હતા.

શ્રી કોર્પોરેશનના ભાગીદારો રોહિત ભીમજીભાઈ બલર, દિનેશ મનજીભાઈ માણિયા તથા ખોડા નાથાભાઈ મોરડિયા વિરુદ્ધ ચોકબજાર પોલીસ મથકમાં ઈપીકો ૪૦૬, ૪૨૦, ૧૧૪ અંતર્ગત વિશ્વાસઘાત અને છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ હતી. ફરિયાદ મુજબ ફ્લેટના વેચાણ સમયે બિલ્ડરોએ ૯૩,૭૫૦ અલગથી જીએસટી ઉઘરાવ્યો હતો. જે ડીપાર્ટમેન્ટમાં જમા નહિ, કરાવી

અનુસંધાન પાના ૭ પર

લાખો રૂપિયાના છેતરપિંડીના કેસમાં

ભાજપ કોર્પોરેટર દર્શનીબેન કોઠીયાના આગોતરા જામીન મંજૂર કરતી અદાલત

શરતી આગોતરા જામીન અરજી મંજૂર કરતી ગાંધીનગરની કોર્ટ

સુરત, તા.૨૫

સુરત મહાનગરપાલિકા માં ભાજપ ની વોર્ડ નંબર ૧૮ ની કોર્પોરેટર અને આરોગ્ય સમિતિની પૂર્વ ચેરમેન દર્શીનીબેન કોઠીયા સામે ગાંધીનગર સેક્ટર ૧૧ માં ગત દિવસોમાં લાખો રૂપિયાની છેતરપિંડીની પોલીસ ફરિયાદ નોંધાયા બાદ દર્શનીબેન કોઠીયા એ ગાંધીનગર સેશન્સ કોર્ટમાં પોલીસ પોતાની ધરપકડ કરશે એવી દહેસત સાથે એક આગોતરા જામીન અરજી રજુ કરી હતી . જેની સુનાવણી પૂરી થતાં અદાલતે બંને પક્ષોની દલીલો સાંભળીને દર્શનીબેન કોઠીયા ના શરતી આગોતરા જામીન મંજૂર કર્યા હતા. અદાલતે શરતોમાં એવું જણાવ્યું હતું કે સાક્ષી પુરાવાઓ સાથે છેડછાડ કરવી નહીં અને ગાંધીનગર પોલીસ સ્ટેશનમાં મહિનામાં હાજરી પુરાવવી.

આ કેસની ટૂંક વિગતો એવી છે કે, ગુજરાત પ્રદેશ ભાજપની મહિલા અગ્રણી ડોક્ટર શ્રદ્ધા રાજપુત સાથે મિત્રતા, ગરોબો સંબંધ રાખી અને મીઠી મીઠી વાતો

અનુસંધાન પાના ૭ પર

નવી સિવિલનું હોસ્પિટલ બિલ્ડીંગ ખખડધજ થતાં લોખંડનાં ટેકા મુકાયા

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૭

દક્ષિણ ગુજરાતની સૌથી મોટી ગણાતી નવી સિવિલ હોસ્પિટલના જર્જરિત જુની બિલ્ડીંગમાં ગરીબ દરદીઓ જીવના જોખમે સારવાર લેવા મજબુર બન્યા છે. દરદીઓના આરોગ્ય અને જીવના જોખમ વિશે વિચારવાને બદલે માત્ર વહીવટી કાર્યમાં જ રસ ધરાવતા નફ્ફટ તંત્રના પાપે જર્જરિત જુની બિલ્ડીંગમાં સ્લેબ અને પોપડા પડવાના ભય વચ્ચે ભગવાન ભરોશે દરદીઓ સારવાર મેળવી રહ્યા છે. જ્યારે નફ્ફટ તંત્રને કઈ જ પડી નથી. અત્યારે ચારેક દિવસ પહેલાં જ જુની બિલ્ડીંગના જી-૦ વોર્ડમાં ડાયાલીસીસની સારવાર લેતી મહિલા ઉપર સ્લેબ તુટીને પડ્યો હતો. ત્યારે વધુ એક વખત જુની બિલ્ડીંગની પાછળની સાઈટે હાડકા અને બર્ન્સ વોર્ડ તરફનો સ્લેબ તુટી પડ્તા તાત્કાલિક લોખંડના ટેકાથી સપોર્ટ આપવામાં આવ્યો હતો.

નવી સિવિલ હોસ્પિટલના કેમ્પસમાં આવેલી જુની બિલ્ડીંગ ખખડધજ થઈ ગઈ છે. એટલી હદે જર્જરિત થઈ ગઈ છે અવાર-નવાર સ્લેબ અને પોપડા પડવાની ઘટનાઓ સામે આવી રહી છે. ખખડધજ થયેલી બિલ્ડીંગમાં અત્યારે પણ કેટલાંક વોર્ડ કાર્યરત છે અને જુદી-જુદી કેસ બારીઓ આવેલી છે. સિવિલ તંત્ર કેમ આ જર્જરિત બિલ્ડીંગ ખાલી કરવાનો

અનુસંધાન પાના ૭ પર

હોસ્પિટલના જુના બિલ્ડીંગનાં પાછળનો ભાગનો ગ્રાઉન્ડ ફ્લોરના સ્લેબ પણ બિસ્માર

આગામી તા.૭મી જુલાઈનાં રોજ અષાઢી બીજ નિમિત્તે ભગવાન જગન્નાથની રથયાત્રાના આયોજન અંગે જહાંગીરપુરા સ્થિત ઈસ્કોન મંદિર દ્વારા ભગવાન જગન્નાથનો રથ સાકાર કરવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

કાલે સુરત મહાનગર પાલિકાની સામાન્ય સભા ત્રણ સત્રમાં મળશે

સાડા ચાર વાગ્યાનાં સત્રમાં એજન્ડા પરના ૩૧ કામો અંગે ચર્ચા

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૫

સુરત મહાનગર પાલિકાની સામાન્ય સભા બુધવારનાં રોજ ત્રણ તબક્કામાં મળશે. જેમાં સાડા ત્રણ વાગ્યે, ચાર વાગ્યે અને સાડા ચાર વાગ્યે સરદાર વલ્લભભાઈ પટેલ ખંડમાં મળશે. સાડા ત્રણ વાગ્યે પ્રશ્નોત્તરી, ચાર વાગ્યે સ્વ.ગેમર દેસાઈની મેયર્સ ફેડ અને લાઈટ એન્ડ ફાયર કમીટીમાં બે નવા સભ્યોનાં નામોની જાહેર અને સાડાચાર વાગ્યે એજન્ડા પરનાં ૩૧ કામોની ચર્ચાઓ થશે.

માર્ચમાં આવેલી આચારસંહિતાને કારણે મનપાની સામાન્ય સભા મુલત્વી રહી હતી. મેયર્સ ફંડ અને લાઈટ એન્ડ ફાયર કમિટીમાં બે નવા સભ્યોનાં નામો સામાન્ય સભાની શરૂઆત પહેલા બોર્ડમાં મોકલી આપીશું એવું શહેર ભાજપા અધ્યક્ષ નિરંજનભાઈ ઝાઝમેરાએ જણાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, લોકસભા-૨૦૨૪ની જાહેરાત થતા કડક આચારસંહિતાનો અમલ શરૂ થઈ

અનુસંધાન પાના ૭ પર

રૂા.૧૦ લાખના ચેક રીર્ટનના કેસમાં વેપારીને એક વર્ષની કેદ

સમાધાન પેટે આપેલા ચેક પણ રીર્ટન થયા હતા

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૫

કતારગામના એમ્બ્રોડરી વેપારી પાસેથી લીધેલા રૂ.૧૦ લાખના ચેક રિટર્ન કરાવનાર કઠોદરાના વેપારી ને એક વર્ષની કોર્ટે સજા કરી હતી. કેસ ચાલી રહ્યો હતો ત્યારે વેપારી એ અમુક રકમનો ચેક આપી સમાધાન કરાવ્યું હતું. જોકે સમાધાન પેટે આપેલો ચેક પણ રિટર્ન થયો હતો.

આ કેસની વિગત અનુસાર કતારગામ ડભોલી ચાર રસ્તા પાસે મોહનદીપ સોસાયટીમાં રહેતાં અશ્વીન ગોરધન ભૂંગળીયા એમ્બ્રોઈડરી ટેકસટાઈલના વેપાર સાથે સંકળાયેલા છે. દરમિયાન તેમની વિપુલ મગન સેંજરિયા (રહે. ૨૦૩, બિલ્ડિંગ , એ /૧, સૌરાષ્ટ્ર દર્શન રેસીડેન્સી, કઠોદરા) સાથે મિત્રતા બંધાઈ હતી. વિપુલ ને અંગત જરૂરિયાત ઉભી થતાં સને

અનુસંધાન પાના ૭ પર

અમૃત ભારત સ્ટેશન યોજનામાં સચિન, ભેસ્તાનનો સમાવેશ થયો

સચિન અને ભેસ્તાનનું રેલ્વે સ્ટેશન પણ આધુનિક બનશે

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૫

સુરત રેલ્વે સ્ટેશનને વર્લ્ડ ક્લાસ સ્ટેશન બનાવવાનું કામ ચાલી રહ્યું છે ત્યારે સુરતની આજુબાજુના અન્ય નાના રેલવે સ્ટેશનોની પણ કાયાપલટ કરવામાં આવી રહી છે. સુરત પશ્ચિમ રેલ્વેના મુંબઈ વિભાગે પણ અમૃત ભારત સ્ટેશન હેઠળના કેટલાક સ્ટેશનોના સુધારણા અને કાયાકલ્પનું કામ શરૂ કર્યું છે.

પશ્ચિમ રેલ્વેના સીપીઆરઓ વિનીત અભિષેકે કહ્યું કે અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ સ્ટેશનોની સુધારણાનું કામ ચાલી રહ્યું છે, જેમાં રૂ.૫૧૩ કરોડના ખર્ચે ૫૬ કામો હાથ ધરવામાં આવી રહ્યા છે. આ યોજના હેઠળ ૮ ઉપનગરનાં સ્ટેશન છે, જેમાં મરીન લાઈન્સ, ચર્ની રોડ, ગ્રાન્ટ રોડ, લોઅર પરેલ, પ્રભાદેવી, મલાડ, જોગેશ્વરી કોચિંગ ટર્મિનલ, પાલઘરનો સમાવેશ થાય છે જ્યારે ૧૧ બિન-ઉપનગરીય સ્ટેશનો એટલે કે અંબરગાંવ રોડ, સંજન, વાપી, બીલીમોરા (નેરોગેજ),

અનુસંધાન પાના ૭ પર

નવા ફોજદારી કાયદા અંગે માર્ગદર્શક કાર્યક્રમ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૫

કેટલાંક ફોજદારી કાયદાઓમાં સુધારો કરવામાં આવ્યો છે. આ કાયદાઓનુ ૧લી જુલાઈથી અમલ થવા જઈ રહ્યુ છે. ત્યારે અલગ-અલગ વિભાગોમાં આ નવા કાયદાઓ વિશે તાલિમ આપવામાં આવી રહી છે.

સુરત જિલ્લા વકીલ મંડળના પ્રમુખ ઉદય પટેલ, ઉપ પ્રમુખ અભિષેક શાહ, સેક્રેટરી અશ્વિન પટેલ, જોઈન્ટ સેક્રેટરી નિર્મલ બક્કારીઆ અને ખજાનચી અનુપ પટેલ દ્વારા ૩ નવા કાયદાઓ વિશે સુરત જિલ્લા વકીલ મંડળના સભ્યો માટે સ્ટડી સર્કલનુ આયોજન કરવામાં આવ્યું છે. આ સ્ટડી સર્કલમાં પ્રિન્સીપાલ ડિસ્ટ્રીક્ટ જજ આર.ટી.વાછાણી હાજર રહી

અનુસંધાન પાના ૭ પર

સ્વ.શ્રી સુમનલાલ આત્મારામ જરીવાલા
(૧૨-૦૩-૧૯૩૭ - ૧૧-૦૬-૨૦૦૯)
સારા સદ્‌ગુણોની સુવાસ, સ્નેહ અન આત્મીયા વિસરાશે નહીં,
દેહનો ભલે વિલય થયો, પરંતુ આપની પ્રેમાળ સ્મૃતિ
સદાય અમારા દિલમાં રહેશે.
સ્વ. સુમનભાઈની પૂણ્ય સ્મૃતિમાં
મહેશભાઈ સુમનલાલ જરીવાલા
જીતેન્દ્રકુમાર સુમનલાલ જરીવાલા
તથા બૃહદ 'સુમિલોન' પરિવાર.